શિક્ષણનું ગુણવત્તાલક્ષી સર્વવ્યાપીકરણ એ જ આપણો સંકલ્પ

# Happy New Year

અંક :- ૧૦-૧૧

# મૈત્રી



જાન્યુ. ફેબ્રુ.
૨૦૦૯


તંત્રી : ડૉ. એ. વી. પટેલ
સહતંત્રી : શ્રી એસ. એચ. પટેલ
શ્રી આર. કે. પટેલ





Good By 2008

Welcome 2009

## જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન

સંતરામપુર જિ. પંચમહાલ

## પ્રાથમિક શિક્ષણનું નવલું નજરાણું



વર્ષ : ૨
અંક : ૧૦-૧૧

# મૈત્રી
સામયિક

જાન્યુ-ફેબ્રુ-
૨૦૦૯



**સંપાદન**

તંત્રી શ્રી : મૈત્રી / જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સંતરામપુર જી. પંચમહાલ

**સંપાદક મંડળ**

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સંતરામપુરનો પરિવાર


### લેખકોને :........

- શિક્ષકોને પ્રેરણાદાયી બને તેવા મૌલિક, સરળ ભાષામાં લખાયેલા અનુભવજન્ય, તલસ્પર્શી, અભ્યાસપૂર્ણ ટૂંકા, લેખો આવકાર્ય છે.
- લેખો હસ્તાક્ષરમાં સફેદ કાગળ ઉપર એક જ બાજુએ જોડણીની ભૂલો વગરના હોય તે ઈચ્છનીય છે.
- લેખ પાછા મોકલવામાં આવતા નથી.
- લેખ, પત્રવ્યવહાર અને સમાચાર મોકલવાનું સરનામું સિ. લે. ડૉ. એ. વી. પટેલ જિ.શિ. અને તા. ભવન સંતરામપુર, જિ. પંચમહાલ

### સાંકળિયું


| | | |
|---|---|---|
| ૧. પ્રસ્તાવના - | શ્રી આર. ડી. વણકર | ૧ |
| ૨. તંત્રીસ્થાનેથી - | ડૉ. એ. વી. પટેલ | ૨ |
| ૩. મૂલ્યાંકન : ધોરણ ૧ અને ૨ - | એસ. આર. તીવારી | ૩ |
| ૪. સફળતાનો જ વિચાર કરો - | પટેલ હરેશભાઈ એમ. | ૧૯ |
| ૫. પ્રાથમિક શિક્ષણના - | હેમંત પટેલ | ૨૦ |
| ૬. કેવી રીતે ઓળખીશુ - | પટેલ વિજયકુમાર મહેશભાઈ | ૨૧ |
| ૭. શબ્દકોશનો ઉપયોગ - | સતીષ પી. પ્રજાપત | ૨૨ |
| ૮. 'પ્રાર્થના-'જીવનસંગીતની ચાવી' - | શ્રી ભીખાભાઈ એન. માછી | ૨૩ |
| ૯. ચાલો જાણીએ... - | માછી રાજેશકુમાર એસ. | ૨૪ |
| ૧૦. નબળી શિક્ષણનીતિ - | પટેલ વિજયકુમાર મહેશભાઈ | ૨૫ |
| ૧૧. ગુણવત્તાવાળું કન્યાશિક્ષણ - | શ્રી બિપીનચંદ્ર એમ. પટેલ | ૨૭ |
| ૧૨. ક્યાંનું શું વખણાય ? - | સતીષ પી. પ્રજાપત | ૨૮ |
| ૧૩. કસોટી-૧ - | ડૉ. એ. વી. પટેલ | ૨૯ |
| ૧૪. બહુશ્રેણીય શાળામાં - | ડૉ. એ. વી. પટેલ | ૩૬ |
| ૧૫. ગણિત શિક્ષણ - | આર. કે. પટેલ | ૪૨ |
| ૧૬. પરિવર્તનનો પરિવ્રાજક - | ડૉ. દેવેન્દ્ર સી. ભટ્ટ | ૪૩ |
| ૧૭. અપંગોની સાથે-સાથે - | યુસુફી કાપડિયા | ૪૬ |
| ૧૮. પ્રાથમિક કક્ષાએ - | પી. એન. તાવિયાડ | ૪૭ |


## ગણિત ગમ્મત

**૧. ભૂસેલો અંક કહી દેવો :** આપણે વિદ્યાર્થીને બે અંક કે તેથી વધુ અંકવાળી સંખ્યા ધારવા કહેવું. એ ૫૪૮ સંખ્યા ધારે તો એ સંખ્યામાંથી એના અંકોનો સરવાળો બાદ કરવા કહેવું ૫ + ૪ + ૮ = ૧૭ સરવાળો થયો. ૫૪૮ - ૧૭ = ૫૩૧. હવે આ સંખ્યામાંથી એને કોઈ એક એક ચેકવા કહેવું હવે ૫ ચેકે તો આપણે બાકીના અંકો એની પાસો બોલાવવા. એ ૩ અને ૧ કહે તો આપણે એનો સરવાળો ૪ ને ૯ માંથી બાદ કરી ૫ કરી દેવો એને નવાઈ લાગશે - ગણિત ગમ્મત થશે.

**નોંધ :** સરવાળો ૯ કરતાં વધુ આવે તો ૧૮ અથવા ૨૭માંથી બાદ કરવો સરવાળો ૯ થાય તો જવાબ ૯ અથવા ૦ કહેવો.

**૨. છેલ્લે અંક કહી દેવો. :** ઉદાહરણ : રજનીએ ૫૧૨ રકમ ધારી. એને ૯ વડે ગુણો. જવાબ ૪૬૦૮ આવ્યો. આ રકમમાંથી ૮ છેકી નાંખો. હવે મેં એને બાકીના અંકો કહેવા જણાવ્યું. એણે બાકીના અંકો ૪, ૬, અને ૦ કહ્યો મેં એમનો સરવાળો કરી (૪+૬) = ૧૦ ને ૧૮માંથી બાદ કરી જવાબ ૮ કહી દીધો.

સ્વર્ણિમ ગુજરાત
૧૯૬૦-૨૦૧૦

# પ્રસ્તાવના

**સારસ્વત મિત્રો,**

આપ સૌને નૂતન વર્ષાભિનંદન ''યોગ : કર્મસુ કૌશલમ્'' સૂત્રને અપનાવી ભવિષ્યને ઉજ્જવલ બનાવો એ નૂતન વર્ષનો શુભકારી સંદેશ છે. અવાર-નવાર યોજાતા સેવાકાલીન તાલીમી કાર્યક્રમો નવસંસ્કરણ, તાજગી અને વ્યાવસાયિક સજ્જતાને પોષે છે. શાળામાં આવતા વિવિધ મેગેઝિન તમારી અધ્યયન-અધ્યાપન પ્રક્રિયાને બળવત્તર બનાવવા મિત્રની સલાહકારની અને ભોમિયાની ગરજ સારે છે. તેમાં વળી ''મૈત્રી''નું એક નવું છોગુ ઉમેરાયુ છે. આ સામાયિકોનું વાચન થાય, તેનું અનુસરણ થાય તે શિક્ષકની ભૂમિકા બની રહેવી જોઈએ અને તો જ આપણે ગુણવત્તામય શિક્ષણ આપી શકીશું.

નવલા વર્ષની પ્રભાતે આપને શુભકારી સંદેશ ''મૈત્રી''ના માધ્યમથી આપી રહ્યો છું. આપ તહેવારોની પરિવાર સાથે ઉજવણી કરી પૂલકિત બન્યા હશો. હવે શાળાઓમાં પણ ગુણવત્તાલક્ષી શિક્ષણ દ્વારા દરેક દિવસને મંગલપર્વ માની કૃતાર્થ બનો. આળસને ખંખેરી નાખો, સમય સોનું છે તેને વેડફવો એ નરી બેવકૂફી છે. સમયની સાથે ચાલી નિત્ય નવી વિકાસશીલતાનો ગુણ અપનાવો, હરક્ષણ વિકસતા રહેવું એ માનવતાની અને શિક્ષકની નિશાની છે. વાંચતા રહેવું. વિચારતા રહેવું અને વિકસતા રહેવું તેમજ આજીવન વિદ્યાર્થી બની રહી મારૂ શિક્ષણકાર્ય એ જ મારૂ પ્રભુકાર્ય ને અનુસરી એક સાચા ગુરૂ તરીકેની આપણી ઓળખને ઉજાગર કરીએ. નવા વર્ષમાં વર્ગખંડમાં બેઠેલા નાના બાળદેવોમાં સંસ્કાર અને શિક્ષણનું આનંદપૂર્વક હરહંમેશ સિંચન કરતા રહીયે. ફરી ફરીને ખૂબ ખૂબ શુભેચ્છાઓ.

**આર. ડી. વણકર**
**પ્રાચાર્ય**
**ડાયટ, સંતરામપુર**

સ્વર્ણિમ ગુજરાત
૧૯૬૦-૨૦૧૦

# તંત્રી સ્થાનેથી




સુજ્ઞ સારસ્વત મિત્રો,

સૌને નૂતન વર્ષના સાલમુબારક (ઈસ્વીસન મુજબ)

શુભકામનાઓ,

નૂતન વર્ષની માંગલ્યપૂર્ણ શરૂઆત ''કર્મ એ જ ધર્મ''ના સિદ્ધાંતથી કરીએ, નૂતન વર્ષ આપની આકાંક્ષાઓ, અરમાનો, તમન્નાઓ, લાગણીઓ અને સંવેદનાઓનું સંતોષીકરણ કરે. આપણે શિક્ષણના સાવજ બની સિંહાવલોકન કરીએ અને નિત્ય નવા વિચારોથી મનને સમૃદ્ધ બનાવીએ. નૂતન વર્ષે શ્રેષ્ઠતાની સંવેદના ઉભી કરીએ. ગુણવત્તાના દિપ જલાવીએ. હકારાત્મક વિચારોના તોરણ બાંધીએ.

વ્યક્તિવિકાસનો મુખ્ય માપદંડ તેની વ્યવસાયિક સજ્જતા છે. ઉત્તકૃષ્ઠ વ્યવસાયિક સજ્જતા પ્રાપ્તિ માટે ઉચ્ચ પ્રકારનું પ્રશિક્ષણ અને વાચન એ બે આધાર સ્તંભો છે. તમે કેટલું વાંચો છો તે મહત્ત્વનું નથી, કેવું વાંચો છો તે મહત્ત્વનું છે. પ્રતિબદ્ધતા અને નિષ્ઠાને જગાડી જે આર્ષદ્રષ્ટા બને છે તે ઉત્તમ શિક્ષક છે. પરિવર્તન તેજ કરી શકે જે પરિવર્તન માટે Lead કરે, તમે પરિવર્તનના પ્રહરી છો મને તમારી શક્તિ પર નહીં તમારી હકારાત્મક માનસિકતા ઉપર વિશ્વાસ છે. પરિવર્તન માટે મનુષ્યને ભગવાન તક આપે છે. પરંતુ પરિવર્તન માટે આપણે સમય ફાળવીએ છીએ ખરા ? જે પરિવર્તનમાં માનતા નથી તે વિકૃતિને પામે છે. શિક્ષક તો ચમકતો તારો છે. પરખ હીરાની શું કરવી ? હીરો તો પોતે જ પોતાનો પરિચય આપે છે. અંધકારની છાબડીમાં પણ તે પ્રકાશે છે. અંતરિયાળ સ્કૂલમાં પણ જે નિષ્ઠાથી કર્મ કરે તે નિજાનંદને પામે છે. આપણે આપણી પ્રતિભાને જગાડીએ, પોતાની જાતને પોતાના અને અન્યના હિતાર્થે ઉપયોગી બનાવીએ. હંમેશાં Committed Person બનીએ. Can do નો Approach કેળવીએ. હંમેશા Self Talk કરીએ પોતાની જાત સાથે વાત કરીએ. મારામાં શું ખામી છે. તે શોધવાનો સતત પ્રયાસ કરીએ.

આપણી પ્રાથમિક શાળામાં હવે સેમેસ્ટર પદ્ધતિ દાખલ કરવામાં આવેલ છે. છ માસિક પરીક્ષા સુધી આપેલા અભ્યાસક્રમમાંથીજ સત્રાંત કસોટીના પ્રશ્નો પૂછાય છે. વાર્ષિક પરીક્ષામાં પછીના છ માસ દરમ્યાન ચાલેલા અભ્યાસક્રમમાંથી જ પ્રશ્નો પૂછાય છે. આ બાબતને ધ્યાનમાં રાખીને આજથી શિક્ષણકાર્ય તે રીતે જ કરી બાળકોની શિક્ષણની ગુણવત્તાનું સર્વવ્યાપીકરણ કરવા મંડી પડીયે. નૂતન વર્ષમાં આપ સૌને સર્વ દિશાએથી સારા વિચારો પ્રાપ્ત થાય આપની અને બાળદેવોની મનદુરસ્તી અને તંદુરસ્તી જળવાઈ રહે તેવી વિભુવંદના અને શુભેચ્છા સહ.

**ડો. એ. વી. પટેલ**
**તંત્રી ''મૈત્રી''**
**ડાયટ, સંતરામપુર**

# મૂલ્યાંકન : ધોરણ ૧ અને ૨

સંકલન : એસ. આર. તીવારી
સિ. લેકચરર
ડાયટ, સંતરામપુર

**પ્રસ્તાવના :**

આપણે સૌ જાણીએ છીએ કે પરિવર્તન એ એક એવી પ્રક્રિયા છે જે જગતના કોઈ પણ ક્ષેત્રે જડતા અને સ્થગિતતાને દૂર કરી વિકાસની દિશાઓ અને ક્ષિતિજોને વિસ્તારે છે. આ જ હકીકત શિક્ષણના ક્ષેત્રને પણ ભારોભાર લાગુ પડે છે. શિક્ષણની પ્રક્રિયા પણ સતત પરિવર્તન માગે છે અને પરિવર્તન પામે છે. જગતને જાણવા, સમજવા અને વિકસાવવા માટે શિક્ષણ જેટલું સબળ, અસરકારક અને મહત્ત્વપૂર્ણ માધ્યમ બીજું એકેય નથી.

શિક્ષણનું આવું માધ્યમ શિક્ષણ સાથે સંકળાયેલા સૌ કોઈમાં ગતિશીલતા આવે અને શિક્ષણ પાસેથી રખાતી અપેક્ષાઓ પરિપૂર્ણ થાય તે માટે તેમાં પણ આવશ્યક પરિવર્તનની શક્યતાઓ વિચારવી પડે. આ જરૂરિયાત અનુસાર શિક્ષણનાં વિવિધ પાસાઓમાં પરિવર્તનની શરૂઆત થઈ ચૂકી છે, જેમાં અભ્યાસક્રમ, પાઠ્યક્રમ, અધ્યયન-અધ્યાપન પદ્ધતિઓ, પ્રયુક્તિઓ, અધ્યયન-અધ્યાપન સામગ્રી અને મૂલ્યાંકન પ્રવિધિ વગેરે બાબતોમાં ક્રમશઃ બદલાવ આવી રહ્યો છે. આ બદલાવના ભાગરૂપે મૂલ્યાંકન પ્રવિધિમાં કેવા પ્રકારના ફેરફારો થયા છે તેની સમજૂતી આપવાનો અત્રે પ્રયાસ થયો છે.

અગાઉ મૂલ્યાંકન પ્રવિધિના ભાગરૂપે ગુણના સંદર્ભમાં પરિણામપત્રકો અને પ્રગતિપત્રકો તૈયાર કરવામાં આવતાં હતાં, પરંતુ હવે આ પરંપરાથી જુદા પડીને ગુણના બદલે ગ્રેડના આધારે પરિણામ અને પ્રગતિપત્રકો તૈયાર કરવાની પ્રણાલી અમલમાં મૂકવામાં આવી છે.

ગ્રેડ આધારિત મૂલ્યાંકન વધુ મનોવૈજ્ઞાનિક અને બાળકોના વિકાસની બાબતમાં વધુ સલાહભરેલું છે. આ બાબતને સમજવા માટે તેની સંકલ્પના સમજવી જરૂરી છે. તેમજ ધોરણ : ૧ અને ૨માં તેની અમલવારી કેવી રીતે કરવામાં આવી છે તેની વિગતે સમજૂતી આપવાનો અત્રે પ્રયાસ કરવામાં આવ્યો છે.

**ગ્રેડીંગ પદ્ધતિની સંકલ્પના :**

ગ્રેડીંગ એ બાળકોએ જુદાં જુદાં ધોરણોના વિવિધ વિષયોમાં મેળવેલ સિદ્ધિને સાંકેતિક સ્વરૂપે દર્શાવવાની પદ્ધતિ છે. આનો અર્થ એ થયો કે બાળકની સિદ્ધિને ગુણના સ્વરૂપમાં દર્શાવવાને બદલે ગ્રેડ દ્વારા દર્શાવવાની પદ્ધતિ એટલે ગ્રેડીંગ પદ્ધતિ. સામાન્ય રીતે આ ગ્રેડ, 'A', B, C જેવા સંકેતોમાં દર્શાવવામાં આવે છે. અહીં બાળકે કયા ધોરણના કયા વિષયમાં કેટલા ટકા મેળવ્યા છે તેમ કહેવાને બદલે કયો ગ્રેડ પ્રાપ્ત કર્યો છે તેને ધ્યાનમાં લેવામાં આવે છે.

ગુણ આધારિત મૂલ્યાંકનમાં બાળકે પ્રાપ્ત કરેલ સિદ્ધિની ટકાવારી શૂન્યથી લઈને સો ટકા સુધીની વ્યાપકતા ધરાવે છે. ગ્રેડ એ પંચબિંદુ, સપ્તબિંદુ કે નવ બિંદુ સુધી સીમિત સ્વરૂપે દર્શાવાય છે. દા.ત. જો ત્રિબિંદુમાં ગ્રેડ આપવા હોય તો 'A', 'B', 'C' એમ આપી શકાય અને પંચબિંદુમાં ગ્રેડ આપવા હોય તો 'A+', 'A' 'B', + 'B' 'C' એમ આપી શકાય. આજ રીતે અન્ય કોઈ સંકેતો પણ આપી શકાય.

ગ્રેડ પદ્ધતિને આધારે તેના બે પ્રકારો પાડવામાં આવ્યા છે. ૧. પ્રત્યક્ષ ગ્રેડીંગ અને ૨. પરોક્ષ ગ્રેડીંગ. આ બન્ને પદ્ધતિની સમજૂતી નીચે મુજબ છે.

**૧. પ્રત્યક્ષ ગ્રેડીંગ :**

આ પ્રકારના ગ્રેડીંગમાં શિક્ષક દ્વારા બાળકનું સિદ્ધિનું સતત અને સર્વગ્રાહી અવલોકન કરી તટસ્થ રીતે સીધો જ ગ્રેડ આપવામાં આવે છે. આમાં કોઈ કક્ષાએ ગુણ આપવામાં આવતા જ નથી. ગુજરાતમાં હાલમાં ધોરણ : ૧ અને ૨માં આ પ્રકારની પ્રત્યક્ષ ગ્રેડીંગ પદ્ધતિ અમલમાં છે.

**૨. પરોક્ષ ગ્રેડીંગ :**

આ પ્રકારના ગ્રેડીંગમાં વિદ્યાર્થીની સિદ્ધિનું

ગુણમાંથી ગ્રેડમાં રૂપાંતર કરવામાં આવે છે. આ પ્રકારના ગ્રેડીંગમાં કુલ ગુણને ત્રિબિંદુ, પંચબિંદુ વગેરે આધારિત ક્રમશઃ ત્રણ, પાંચ વગેરે વિભાગોમાં વર્ગીકૃત કરવામાં આવે છે. અહીં વિદ્યાર્થીઓએ મેળવેલા ગુણનો સમાવેશ જે વિભાગમાં દર્શાવેલ ગુણની શ્રેણીમાં થતો હોય તે વિભાગ માટે નક્કી કરેલો ગ્રેડ આપવામાં આવે છે. અહીં વિદ્યાર્થીને સીધો જ ગ્રેડ અપાતો નથી. ધોરણ ૩ થી ૬માં આ પ્રકારની પરોક્ષ ગેડીંગ પદ્ધતિ અમલમાં છે.

**ગ્રેડીંગ પદ્ધતિના ફાયદા :**

મૂલ્યાંકન ગ્રેડીંગ પદ્ધતિ વિદ્યાર્થીઓ માટે ખૂબ જ ઉપકારક બની રહે છે. ગ્રેડીંગથી થતા ફાયદાઓ નીચે મુજબ છે.

**૧.** ગ્રેડીંગ પદ્ધતિ વિદ્યાર્થીના માનસિક તણાવ અને સંઘર્ષની તીવ્રતાને ન્યૂનતમ કરે છે.

**૨.** ગ્રેડીંગ પદ્ધતિથી સ્પર્ધાનું તત્ત્વ નહિવત્ થઈ જાય છે અને બાળકોનો શિક્ષણ પ્રત્યેનો લગાવ જળવાઈ રહે છે.

**૩.** ગ્રેડીંગ પદ્ધતિથી બાળકોને લઘુતાગ્રંથિ કે ગુરુતાગ્રંથિનો ભોગ બનતાં અટકાવી શકાય છે અને અન્ય બાળકો સાથે તેમનું અનુકૂલન મજબૂત બને છે.

**૪.** ગ્રેડીંગ પદ્ધતિથી સમોવડિયા જૂથ દ્વારા શિક્ષણ (પિઅર લર્નિંગ)નું આયોજન સરળ બને છે, જેનાથી શિક્ષણ વધુ અસરકારક અને સુદૃઢ બને છે, તેમજ સમૂહભાવના વિકસે છે.

**૫.** ગ્રેડીંગ પદ્ધતિ શિક્ષક માટે નિદાન અને ઉપચારની પ્રક્રિયા વધુ સરળ બની જાય છે. કયા વિષયમાં નિમ્ન ગ્રેડ મેળવનાર વિદ્યાર્થીઓ વધુ છે તે તરત જ જાણી શકાય છે અન તેના માટે શું કરી શકાય તેની વિચારણાને અવકાશ મળી રહે છે.

**૬.** ગ્રેડીંગ પદ્ધતિના કારણે શિક્ષકોને પરિણામપત્રક તૈયાર કરતી વખતે કુલ ગુણના આધારે ટકાવારી કાઢવામાં જતો સમય બચી જશે, કારણ કે વિષયવાર ગુણ અને એકંદરે કુલ ગુણ પ્રાપ્ત થતાં ગ્રેડના કોષ્ટકના આધારે પરિણામ પત્રકમાં સીધો જ ગ્રેડ મૂકી શકાય છે.

**ગ્રેડ પદ્ધતિ આધારિત ધોરણ ૧ અને ૨માં મૂલ્યાંકન :**

ધોરણ ૧ અને ૨માં પ્રત્યક્ષ ગ્રેડીંગ પદ્ધતિ અમલમાં હોવાથી તેના નિયમો અને પત્રકો ભરવા સંબંધી જાણકારી પ્રત્યેક શિક્ષક પાસે હોવી ખૂબ જ જરૂરી છે. આ ઉપરાંત મૂલ્યાંકનની સીધી અસર બાળકના માનસ પર પડતી હોઈ તેમાં કાળજી લેવી અત્યંત જરૂરી છે. અહીં ધોરણ ૧ અને ૨ ના મૂલ્યાંકનમાં શિક્ષકે કઈ કાળજી રાખવી, કઈ રીતે પત્રકો ભરવાં અને કઈ રીતે ગ્રેડ આપવા વગેરે બાબતોની ચર્ચા કરવામાં આવી છે. જોકે આ અંગેની વિગતો વખતોવખત જી.સી.ઈ.આર.ટી. દ્વારા જીવન શિક્ષણના માધ્યમથી તેમજ પરિપત્રો કરી શાળા સુધી પહોંચાડવાનો પ્રયત્ન થયો છે. આમ છતાં વર્ગશિક્ષકોનાં ધોરણો પણ વખતોવખત બદલાતાં હોય છે અને તાલીમ સ્વરૂપે થતી સ્પષ્ટતા અસરકારક બનતી હોય છે. આવા કારણોને લઈને અત્રે સમજૂતી આપવાના હેતુથી આ અંકમાં રજૂઆત કરવાનો પ્રયાસ થયો છે.

ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ ગાંધીનગર દ્વારા તા. ૨૯-૮-૨૦૦૬ના રોજ જાવક ક્રમાંક : જી.સી.ઈ.આર.ટી. /CMDE/02/06/20988-21075 થી એક પરિપત્ર રાજ્યના તમામ જિલ્લાના ડાયેટના પ્રાચાર્યશ્રીઓ, જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ અને શાસનાધિકારીશ્રીઓને પાઠવવામાં આવ્યો હતો. જેમાં ધોરણ ૧ અને ૨માં વિદ્યાર્થીને વર્ગબઢતી આપવા માટે અને પ્રગતિપત્રક અને પરિણામપત્રક તૈયાર કરવા માટેના માર્ગદર્શક નિયમો આપવામાં આવ્યા હતા. અત્રે આ નિયમો રજૂ કરવામાં આવ્યા છે. જેને સમજી તેનો યોગ્ય રીતે અમલ થાય અને ધોરણ ૧ અને ૨નું મૂલ્યાંકન સુચારુ રીતે થાય તે જરૂરી છે.

**ધોરણ ૧ અને ૨ના મૂલ્યાંકન અને વર્ગબઢતી સંબંધી માર્ગદર્શન :**

**૧.** ધોરણ ૧ અને ૨માં વિદ્યાર્થીઓનાં પ્રગતિપત્રકો અને પરિણામપત્રકો આ સાથેના પરિશિષ્ટ ૧ અને ૨ પ્રમાણે બનાવવાનાં રહેશે.

૨. ધોરણ ૧ અને ૨ના પરિણામપત્રકમાં ગુજરાતી (પર્યાવરણ સાથે) અને ગણિતના મુદ્દામાં પ્રગતિપત્રકના આધારે મૂલ્યાંકન કરી ગ્રેડ A, B, C આપવા.

૩. ધોરણ ૧ અને ૨માં વિવિધ અવલોકનો, જૂથકાર્ય, પ્રવૃત્તિઓ, રમતો વગેરે દ્વારા સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન અનૌપચારિક રીતે કરવાનું રહેશે. ઔપચારિક રીતે કોઈ પેપર પેન્સિલ ટેસ્ટ લેવાનો નથી. અનૌપચારિક મૂલ્યાંકનના આધારે નિદાન અને ઉપચારાત્મક શિક્ષણ સાથે કરવાનું રહેશે. આ માટે પરિશિષ્ટ ૧ અને ૨માં દર્શાવેલા ગુણો અને કૌશલ્યોનું મૂલ્યાંકન કરવાનું રહેશે.

૪. ધોરણ-૧ અને ૨ના વિદ્યાર્થીના પ્રગતિપત્રકમાં વ્યક્તિત્વ વિકાસનો નિર્દેશ કરતાં વિધાનો આપેલાં છે. તે દરેક વિધાનની સામે હંમેશાં : (A) મોટેભાગે; (B) અને ભાગ્યે જ (C) દર્શાવતાં ખાનાં છે. તેમાં યોગ્ય જગ્યાએ ટીકમાર્ક (✓) કરવાનું છે. તે ઉપરાંત ગુજરાતી (પર્યાવરણ સાથે) અને ગણિત વિષયના વિષયવસ્તુ અને કૌશલ્યોને ચકાસવા માટેનાં વિધાનો આપેલાં છે. તે દરેક વિધાનની સામે સારું (A) મધ્યમ (B) અને નબળું (C) દર્શાવતાં ખાનાં છે. તેમાં શિક્ષકે વાર્ષિક મૂલ્યાંકનના આધારે ટીકમાર્ક (✓) કરવાનું છે.

૫. વર્ગબઢતી માટે ધોરણ ૧માં વિષયવસ્તુ અંગેની સમજ માટે આપેલાં ૨૦ વિધાનો પૈકી ૧૫થી વધારે વિધાનોમાં C ગ્રેડ મેળવનાર અને ધોરણ ૨માં વિષયવસ્તુ અંગેની સમજ માટે આપેલાં ૨૫ વિધાનો પૈકી ૧૮થી વધારે વિધાનોમાં C ગ્રેડ મેળવનાર વિદ્યાર્થીને વર્ગબઢતી આપી શકાશે નહિ.

૬. ધોરણ ૧ અને ૨નો અભ્યાસક્રમ ક્ષમતાકેન્દ્રી, પ્રવૃત્તિકેન્દ્રી અને આનંદદાયી હોવાથી કોઈ પણ વિદ્યાર્થી એક જ શૈક્ષણિક વર્ષમાં એકસાથે બે ધોરણોમાં વર્ગબઢતી મેળવી શકશે નહિ.

૭. ધોરમ ૧ અને ૨માં વર્ગબઢતી મેળવવા માટે ઓછામાં ઓછી ૧૦૦ દિવસની હાજરી અનિવાર્ય ગણાશે.

૮. કોઈ વિદ્યાર્થી અધવચ્ચે શાળા છોડી જાય ત્યારે તે શાળા છોડે ત્યાં સુધીના કાર્યદિવસો અને હાજર દિવસો તેમજ તેના પ્રગતિપત્રકમાં કરવામાં આવેલી નોંધની વિગતો શાળા છોડ્યાના પ્રમાણપત્ર સાથે આપવાની રહેશે.

૯. સમગ્ર જિલ્લામાં ધોરણ ૧ અને ૨ની મૂલ્યાંકન પ્રક્રિયા સમાન સમયગાળામાં યોજાય અને તેમાં એકસૂત્રતા જળવાઈ રહે તે બાબતની તકેદારી સંબંધિત જિલ્લા શિક્ષણ સમિતિ અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિએ રાખવાની રહેશે.

**૧૦.** જો કોઈ પણ શાળા વિદ્યાર્થીઓના વાલીઓનો વિશ્વાસ સંપાદન કરીને પોતાની આગવી મૂલ્યાંકન પદ્ધતિ અપનાવવા ઇચ્છે તો તે શાળાએ મૂલ્યાંકનના નવા માળખાની સંપૂર્ણ વિગતો રજૂ કરી દરખાસ્ત કરવાની રહેશે. સંબંધિત જિલ્લાના જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી અન શાસનાધિકારી આ અંગે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના પ્રાચાર્ય સાથે પરામર્શન કરીને દરખાસ્તના અનુસંધાને યોગ્ય નિર્ણય કરશે.

# ધોરણ : ૧ (એક)ની મૂલ્યાંક્ન યોજના

**- ડૉ. પ્રવીણભાઈ શાહ**
**- ચિંતન પંડ્યા**
**- અરવિંદ જાની**

સને ૨૦૦૦ના જૂન માસથી પહેલા ધોરણની ક્ષમતાઓને અનુરૂપ રચાયેલાં પ્રવૃત્તિમય, આનંદદાયી અને ક્ષમતાલક્ષી પાઠ્યપુસ્તકો સમગ્ર ગુજરાત રાજ્યમાં અમલમાં મુકાયાં છે. આ પુસ્તકોના પાયામાં પ્રવૃત્તિઓ છે. બાળકો પ્રવૃત્તિઓના માધ્યમથી વિષયવસ્તુ શીખે તે પ્રકારનું આયોજન આ પુસ્તકોમાં સૂચવાયું છે. બાળકોને ભણતરનો ભાર ન લાગે અને તેઓ ગાતાં ગાતાં કે રમતાં રમતાં શીખે તે અભિગમથી આ પુસ્તકો રચાયાં છે. આ

પુસ્તકોના વિષયવસ્તુનું અધ્યયન-અધ્યાપન કેમ કરવું તે અંગે વર્ષની શરૂઆતમાં જ પહેલું ધોરણ ભણાવતા શિક્ષકોને સઘન તાલીમ આપવામાં આવી છે. તે તાલીમને અનુસરીને આજે ગુજરાત રાજ્યની પ્રાથમિક શાળાઓના પહેલા ધોરણના શિક્ષકો સર્જનાત્મક તેમજ અન્ય આનંદદાયી પ્રવૃત્તિઓ દ્વારા ઉત્સાહભેર શિક્ષણકાર્ય કરી રહ્યા છે.

હવે, એપ્રિલ-મેમાં શૈક્ષણિક વર્ષ પૂરું થશે. નિર્ધારિત શિક્ષણકાર્ય સંપન્ન થશે. તે પછી વર્ષ દરમિયાન કરેલી પ્રવૃત્તિઓ દ્વારા થયેલા બાળકના વિકાસને સિદ્ધિ તેમજ કૌશલ્યોને કેમ માપવાં, ચકાસણી કેવી રીતે કરવી તથા પરિણામપત્રક કેવી રીતે તૈયાર કરવું તે અંગેના માર્ગદર્શનની પહેલા ધોરણના શિક્ષકોને અપેક્ષા રહે છે.

વર્ષ દરમિયાન થયેલા બાળકના વિકાસને કેમ માપવો તથા તેને લેખિત સ્વરૂપે કેમ દર્શાવવો તે અંગે ચર્ચાવિચારણા કરવા કેટલાક ચુનંદા શિક્ષકોની એક બેઠક મળી હતી. એ બેઠકના અંતે શિક્ષકોનાં સૂચનોના આધારે ડાયેટ ભાવનગર તરફથી એક મૂલ્યાંકન યોજના તૈયાર કરવામાં આવી છે.

આ મૂલ્યાંકન યોજનામાં નીચે જેવી બાબતોનો નિર્દેશ કરવામાં આવ્યો છે :

★ સત્રના પ્રારંભથી જુલાઈના અંત સુધી શાળા તત્પરતા કાર્યક્રમ અમલમાં મૂકવાનો છે. બાળકોને શાળામાં આવવું ગમે અને ટકી રહેવું ગમે તે માટે ગુજરાતીના પુસ્તકની શિક્ષણઆવૃત્તિમાં શરૂઆતનાં પાનાંઓમાં સૂચવેલી પ્રવૃત્તિઓ કરાવવી અનિવાર્ય છે. કરાવેલી પ્રવૃત્તિઓની નોંધ રાખવી પણ ખૂબ જરૂરી છે.

★ ક્ષમતાસિદ્ધિ માટે પુસ્તકમાં સૂચવેલી પ્રવૃત્તિઓ ખૂબ જ મહત્ત્વની છે. તે પ્રવૃત્તિઓ વર્ગમાં યોજાય અને બાળકો તે કુશળતાપૂર્વક કરે તે અગત્યનું છે.

★ વિદ્યાર્થીઓની પ્રગતિનું સતત મુલ્યાંકન કરતા રહેવાનું છે. પ્રત્યેક એકમના શિક્ષણ બાદ જે તે એકમમાં કચાશ ધરાવતા વર્ગનાં બાળકોને અલગ તારવી વ્યક્તિત્ત્વ શિક્ષણ કે જૂથશિક્ષણ દ્વારા તેમની કચાસ દૂર કરી, તેઓ વર્ગની સાથે થઈ જાત તેવા પ્રયત્નો કરવાના છે.

★ પ્રથમ સત્રના અંતે કોઈ પણ પ્રકારની પરીક્ષા લેવાની નથી. પણ પ્રથમ સત્રમાં ચલાવેલા વિષયવસ્તુમાં કચાશ ધરાવતાં વિદ્યાર્થીઓને જૂથમાં બેસાડી, શિક્ષકે પોતે તથા વર્ગનાં હોંશિયાર બાળકોની મદદથી કચાશ દૂર કરવાનો પ્રયત્ન કરવાનો છે. આ કાર્ય માટે પ્રથમ સત્રના છેલ્લા પંદર દિવસ ફાળવવાના રહેશે.

★ પ્રથમ સત્રના અંતે કોઈ પણ જાતનું પરિણામપત્રક તૈયાર કરવાનું નથી.

★ બીજા સત્રમાં બાકીનો અભ્યાસક્રમ સૂચવેલી પ્રવૃત્તિઓના માધ્યમથી પૂરો કરવાનો છે. વર્ગમાં તે માટે કરાવેલી પ્રવૃત્તિઓની શિક્ષક નોંધ રાખે તે જરૂરી છે.

★ બીજા સત્રના છેલ્લા પંદર દિવસ મૂલ્યાંકન કાર્ય માટે તથા મૂલ્યાંકનના આધારે મળેલાં પરિણામો નોંધવા માટે અનામત રાખવાના છે. તે છેલ્લા પંદર દિવસ અગાઉના પંદર દિવસ બીજા સત્રના અધ્યયન-અધ્યાપન કાર્ય પછી, વિદ્યાર્થીઓમાં રહી ગયેલી કચાશ દૂર કરવા ફાળવવાના છે. આમ, બીજા સત્રના આરંભથી ૧૦ એપ્રિલ સુધીમાં અભ્યાસક્રમ પૂરો કરવાનો રહેશે.

★ પહેલા ધોરણના પ્રથમ સત્રમાં અને બીજા સત્રમાં કેટલો અભ્યાસક્રમ ચલાવવો તેની સત્રવાર ફાળવણી અને માસ/સપ્તાહવાર આયોજન કરવાનું રહેશે.

★ સત્રના છેલ્લા પંદર દિવસ બાળકોના વ્યક્તિત્વ વિકાસ, પ્રવૃત્તિ કૌશલ તથા ગણિત તેમજ ભાષાની મહત્ત્વની અને ચાવીરૂપ ક્ષમતાઓની સિદ્ધિ માટે ઔપચારિક રીતે ચકાસણી કરવાની છે. એ માટે પ્રગતિપત્રકના નમૂનામાં દર્શાવેલ વિગતોને ધ્યાનમાં રાખવાની છે.

★ વિદ્યાર્થીઓની ક્ષમતાસિદ્ધિની ચકાસણી માટે વર્ગના પાંચ પાંચ બાળકોને અલગ અલગ બોલાવવા તથા પ્રગતિપત્રકમાં દર્શાવેલા ગણિત તેમજ ગુજરાતી (ભાષા પર્યાવરણ)ના મુદ્દાઓ ચકાસતી લેખિત, મૌખિક અને ક્રિયાત્મક સ્વરૂપની કસોટી લેવી. લેખિત કાર્ય પાટીમાં કે બોર્ડમાં કરાવવું. પરીક્ષણ કાર્ય દરમિયાન વિદ્યાર્થીઓનું પ્રગતિપત્રક પાસે જ રાખવું અને વિદ્યાર્થીઓના જવાબો કે કાર્યના આધારે પ્રગતિપત્રકના પાના-૩ ઉપર જરૂરી નોંધ કરવી.

**પ્રગતિપત્રક અને તેની વિગત :**

પ્રગતિપત્રકમાં કુલ ચાર પાનાં છે. પ્રથમ પાના ઉપર વિદ્યાર્થી વ્યક્તિત્વ વિકાસને અનુલક્ષીને વિધાનો આપ્યાં છે. બીજા પાના ઉપર વિદ્યાર્થીઓએ ગણિત તેમજ ભાષા પર્યાવરણના અભ્યાસક્રમ અનુસંધાન કરેલી પ્રવૃત્તિઓની યાદી છે. ત્રીજા પાના પર ગણિત તેમજ ગુજરાતી અભ્યાસક્રમના ચાવીરૂપ વિધાનો આપેલાં છે. ચોથા પાનામાં વાલીઓ માટેની સૂચના છે તથા નીચે શિક્ષકે બાળક અંગે તેના વાલીને બાળકના અભ્યાસ અંગે આપવાની સૂચના માટે કોરી જગ્યા છે.

**પ્રગતિપત્રક કેમ ભરવું ?**

સૌ પ્રથમ પ્રગતિપત્રકના પહેલા પાનાના ઉપરના ભાગમાં બાળકને લગતી માહિતી; નામ, શાળાનું નામ, ધોરણ, હાજરીના દિવસો વગેરેની નોંધ શાળાના રેકર્ડના આધારે કરવી.

પહેલાં પાનાના નીચેના ભાગમાં શાળાકીય પ્રવૃત્તિઓની તથા પર્યાવરણ અભ્યાસની બાળકના વ્યક્તિત્વ વિકાસ ઉપર કેટલા પ્રમાણમાં અસર પડી છે તે નોંધવાનું છે. આ માટે ગુણાત્મક પરિવર્તન દર્શાવતાં અગિયાર જેટલાં વિધાનો આપ્યાં છે અને તે દરેકની સામે હંમેશા, મોટેભાગે તેમજ ભાગ્યે જ એ પ્રકારની ત્રણ કક્ષાઓ દર્શાવી છે. દરેક વિધાનમાં રહેલી બાબત બાળકમાં કેટલે અંશે આત્મસાત્ થઈ છે, તે વિધાનની સામેની ત્રણ કક્ષાઓમાંથી એક કક્ષા સામે ખરાની નિશાની (✓) કરી દર્શાવવાની છે. આ પ્રકારની નોંધ બાળકના શિક્ષકે કરેલા અવલોકનના આધારે કરવાની છે. આને માટે કોઈ પણ અલગ પરીક્ષણ કે ચકાસણીનું કાર્ય કરવાનું નથી.

પ્રગતિપત્રકના બીજા પાના ઉપર ગણિતની ક્ષમતા સિદ્ધિને અર્થે તથા ભાષા-પર્યાવરણની ક્ષમતા સિદ્ધિને અર્થે વિદ્યાર્થીઓએ કરેલી પ્રવૃત્તિઓ દર્શાવી છે. તેની સામે તે પ્રવૃત્તિ અંગેનું કૌશલ બાળકમાં કેટલા પ્રમાણમાં છે. તે તેની સામેના ખાનામાંથી યોગ્ય ખાનામાં ખરાની નિશાની (✓) કરી દર્શાવવાનું છે. આ પ્રકારની નોંધ માટે વિદ્યાર્થીઓની કોઈ પરીક્ષા લેવાની નથી પણ વર્ષ દરમિયાન બાળકે જે જે પ્રવૃત્તિ કરી હોય તેનું શિક્ષકે જે અવલોકન કર્યું હોય કે નોંધ રાખી હોય તેનો આધાર લેવાનો છે.

પ્રગતિપત્રકના ત્રીજા પાના ઉપર વિષયવસ્તુની સમજ ચકાસતા મુદ્દાઓ છે. એમાં ગણિતની મહત્ત્વની સમજ ચકાસવા માટેનાં પાંચ વિધાનો છે તથા ભાષાની અગત્યની બાબતો ચકાસવા માટેનાં નવ વિધાનો આપેલાં છે. દરેક વિધાન સામે 'સારું', 'મધ્યમ' અને 'નબળું' એમ કક્ષાઓ દર્શાવી છે. વર્ષે અંતે દરેક મુદ્દા અન્વયે બાળક કઈ કક્ષા પ્રાપ્ત કરી શક્યો તે વિધાનની સામે પ્રાપ્ત કક્ષાના ખાનામાં ખરાની નિશાની (✓) કરી દર્શાવવાનું છે. આ પ્રકારની નોંધ માટેના ચકાસણીની પદ્ધતિ આગળ જણાવી છે તે પ્રકારે કસોટી લઈ નોંધ કરવી.

આ પાના પરની નોંધ ખૂબ જ કાળજીપૂર્વક કરવી જેથી વાલીને પોતાના બાળકની જ્ઞાનની કક્ષાનો સાચો ખ્યાલ મળી શકે તથા બીજા ધોરણના શિક્ષકને બીજા ધોરણનો અભ્યાસક્રમ શરૂ કરતાં પહેલાં ક્યાં અને કેટલા પ્રમાણમાં પુનરાવર્તનની જરૂર છે તેનો ખ્યાલ મળી શકે. આ જાણકારીથી શિક્ષિત વાલી વેકેશનના સમયમાં બાળકની કચાશ દૂર કરવાનો પ્રયત્ન કરી શકે તેથી કાચું બાળક બીજા ધોરણના અભ્યાસ માટે સક્ષમ બની શકે.

આ ત્રીજા પાનાની નીચે શિક્ષકે તેમજ આચાર્યે સહી કરવાની છે જેથી પ્રગતિપત્રકમાં દર્શાવેલ હકીકત ખૂબ જ વિશ્વસનીય છે તેનો વાલીને ખ્યાલ આવી શકે.

પ્રગતિપત્રકના ચોથા પાના પર વાલીઓ માટે કેટલીક સૂચનાઓ આપેલી છે. ભણેલા વાલીઓ તે વાંચીને સમજી શકે તેવી છે. અભણ વાલી પ્રગતિપત્રક લઈને શિક્ષકની પાસે આવે તો શિક્ષક તેને પ્રગતિપત્રકની વિગત સમજાવે તેવી અપેક્ષા છે.

ચોથા પાનાની નીચેના ભાગમાં શિક્ષકે બાળકના અભ્યાસ અંગે વાલીને જણાવવા જેવી વિગતો નોંધવા માટે જગ્યા રાખી છે. તેમાં શિક્ષક બાળકના અભ્યાસ અંગે મહત્ત્વની વિગતો દર્શાવી શકે. દા.ત. (૧) ૨ અને ૬ વચ્ચેનો ભેદ સમજવામાં મુશ્કેલી અનુભવે છે. (૨) ૪૧થી ૫૦ ગણી શકે છે પણ તે સંખ્યાઓની સમજ નથી. (૩) વાંચનની ગતિ ઓછી છે, (૪) અનુસ્વારવાળા અક્ષરો અનુસ્વાર વગર વાંચે છે. વગેરે આવી નોંધના આધારે વાલી પોતાના બાળકની કચાશ દૂર કરવા પ્રયત્ન કરી શકે.

પ્રગતિપત્રક પૂરેપૂરું ભરીને વર્ષના અભ્યાસની ફળશ્રુતિ સ્વરૂપે તે વાલીને મોકલવાનું છે. વાલી પાસેથી પરત મંગાવવાનું નથી. એ પ્રગતિપત્રક વાલી સાચવે અને બાળક બીજા ધોરણમાં જાય ત્યારે બીજા ધોરણના શિક્ષકને તે બતાવે/સોંપે તેવી અપેક્ષા છે.

**શાળાના રેકર્ડ માટે તૈયાર કરવાનું પરિણામપત્રક :**

શાળાના રેકર્ડ માટે બાળકના પ્રગતિપત્રકની નકલ રાખવાની નથી પણ પ્રત્યેક બાળકના પ્રગતિપત્રકના આધારે વર્ગશિક્ષકે એક પરિણામપત્રક તૈયાર કરવાનું રહેશે. આ પરિણામપત્રકનો નમૂનો સામેલ છે.

આ પરિણામપત્રકના પ્રથમ પાના પર બે કોઠા આપવામાં આવેલા છે. પ્રથમ કોઠામાં શાળા તત્પરતા કાર્યક્રમ માટેની વિવિધ પ્રવૃત્તિઓની યાદી આપી છે. પ્રત્યેક પ્રવૃત્તિની યાદી સામેના ખાનામાં શિક્ષકે તે પ્રવૃત્તિ કેટલી સંખ્યામાં કરાવી છે તેનો આંકડો દર્શાવવાની છે. બીજા કોઠામાં ગણિત તેમજ ભાષા-પર્યાવરણના સંદર્ભે સૂચવવામાં આવેલી પ્રવૃત્તિઓની યાદી સામે શિક્ષકે તે પ્રવૃત્તિ કેટલી સંખ્યામાં કરાવી છે, તે સંખ્યા દર્શાવવાની છે.

પરિણામપત્રકના બીજા અને ત્રીજા પાનામાં (વચ્ચેના ભાગમાં) ઊભી કોલમમાં ગણિત તેમજ ભાષાના મહત્ત્વના મુદ્દાઓ વિધાનો સ્વરૂપે લખ્યા છે. આડી કોલમના વર્ગના વિદ્યાર્થીઓના ક્રમાંક અને નામ લખવાનાં છે. ઊભી કોલમમાં આપેલા વિધાન અન્વયે બાળક કઈ કક્ષા ધરાવે છે તે વિદ્યાર્થીઓનાં નામ અને વિધાનને ક્રોસ ખાનામાં નોંધવાનું છે. આ કક્ષા પ્રગતિપત્રકમાં જે વિધાનની સામે 'સારું' એવી રીમાર્ક છે તે રીમાર્ક અહીં 'A' ના સંકેતરૂપે 'મધ્યમ' એવી રીમાર્ક છે તે 'B' સંકેત સ્વરૂપે તથા 'નબળું' એવી રીમાર્ક 'C' સંકેત સ્વરૂપે દર્શાવવાનો છે.

પરિણામપત્રક તૈયાર થઈ ગયા પછી જ બાળકનું પ્રગતિપત્રક વાલીના અવલોકન/અભ્યાસ માટે બાળકને આપવું.

પરિણામપત્રકના પાછલા પાના ઉપર પરિણામપત્રક તૈયાર કરવા અંગે શિક્ષક માટે કેટલીક સૂચનાઓ આપી છે. તે સૂચનાઓ નીચે મુજબ છે.

**સૂચના :**

(૧) વર્ષાન્તે ચકાસણીના આધારે પ્રત્યેક બાળકનું પ્રગતિપત્રક પ્રથમ તૈયાર કરવું.

(૨) આ પરિણામ પત્રકના પહેલા પાનાના ઉપરના ભાગમાં છાપેલી વહીવટી વિગતો કાળજીથી ભરવી.

(૩) ૧૫ જૂનથી ૩૧ જુલાઈ સુધી શાળા તત્પરતા કાર્યક્રમ અન્વયે તમે કરાવેલી વિવિધ પ્રવૃત્તિઓની નોંધ તમે રાખી હશે.

આ નોંધના આધારે પ્રથમ પાના પર આપેલા કોઠામાં દર્શાવેલી પ્રત્યેક પ્રવૃત્તિ સામે તમે કરાવેલ પ્રવૃત્તિઓની સંખ્યા દર્શાવો.

(૪) ભાષા-પર્યાવરણ તથા ગણિતના અભ્યાસક્રમના અધ્યયન-અધ્યાપન સંદર્ભે કરાવવાની પ્રવૃત્તિઓની સંકલિત યાદી બીજા કોઠામાં આપી છે. આ બંને વિષયો શીખવતાં પૂર્વે કે પછી તમે કરાવેલી પ્રવૃત્તિઓની સંખ્યા જે તે પ્રવૃત્તિની વિગત સામે લખો. વર્ષ દરમિયાન કરાવેલ પ્રવૃત્તિઓની નોંધ તમે રાખી શકો. તેના આધારે દરેક પ્રવૃત્તિ સામે સંખ્યા દર્શાવી શકો.

(૫) પરિણામપત્રકના વચ્ચેના ભાગમાં ઊભી હરોળમાં વિષયવસ્તુ અંગેનાં વિધાનો આપેલાં છે. આડી હરોળમાં વિદ્યાર્થીઓનાં નામ લખવાનાં છે. આ નામ લખવા માટે જગ્યા ખૂટે તો તમે અંદર 'ઈનર' ચીપકાવી શકો.

(૬) વિષયવસ્તુનાં વિધાનો સામે પ્રત્યેક વિદ્યાર્થી 'A, B કે C માંથી જે કક્ષા ધરાવતો હોય તે કક્ષા દર્શાવો. આ કક્ષા પ્રગતિપત્રકમાં તમે નોંધેલ કક્ષાના આધારે જ દર્શાવવાની છે.

(૭) પરિણામપત્રક તૈયાર કરી, પ્રગતિપત્રક સાથે આચાર્યશ્રીને બતાવો.જરૂર લાગે તો આચાર્યશ્રી પ્રગતિપત્રક અને પરિણામપત્રકની મેળવણી કરી,જરૂરી ચકાસણી કરી શકે.

(૮) દરેક પ્રગતિપત્રક તેમજ પરિણામપત્રકમાં આચાર્યશ્રીની સહી કરાવો.

(૯) પરિણામપત્રક ફાઈલે કરવા આચાર્યને સુપરત કરો. પ્રગતિપત્રકમાં બાળકના અભ્યાસ અંગે જરૂરી સૂચનો લખી, બાળક મારફત વાલીને પહોંચાડો.

(૧૦) પ્રગતિપત્રક લઈને વાલી તમારી પાસે આવે તો તમે તેમાં નોંધેલી વિગતોની વાલીને સમજ આપો.

# મૂલ્યાંકન યોજના ધોરણ-૨

- ડૉ. પ્રવીણભાઈ શાહ
- ચિંતન પંડ્યા
- અરવિંદ જાની

જૂન-૨૦૦૧થી ધોરણ-૨ના શિક્ષકો નવાં રચાયેલાં પ્રવૃત્તિમય, આનંદદાયી, અને ક્ષમતાકેન્દ્રી પાઠ્યપુસ્તકોનો ઉપયોગ કરી રહ્યાં છે, આ પુસ્તકો દ્વારા વિદ્યાર્થીઓ અપેક્ષિત ક્ષમતાસિદ્ધિ હાંસલ કરે તેવો જ માત્ર હેતુ નથી, પણ ભણતાં ભણતાં તેઓ વિવિધ પ્રવૃત્તિઓમાં નિપુણતા હાંસલ કરે તથા પ્રવૃત્તિઓ તેમજ પર્યાવરણ અભ્યાસ દ્વારા તેઓ ગુણવિકાસ/વ્યક્તિત્વ વિકાસ સાધે તે પણ અપેક્ષિત છે. એટલે કે વિદ્યાર્થીઓને બધું વિષયવસ્તુ આવડી જાય તેટલું જ પૂરતું નથી, પણ તેઓ તેમની કક્ષાનાં કેટલાંક અપેક્ષિત કૌશલ્યો કેળવે તથા તેમનું ચારિત્ર્યઘડતર થાય તે પણ મહત્ત્વનું છે. શિક્ષકો એ આ બાબતોને લક્ષ્યમાં રાખી વિદ્યાર્થીઓ સાથે વર્ગવ્યવહાર ગોઠવવાનો છે, તથા અધ્યયન અધ્યાપન પ્રક્રિયાનું આયોજન કરવાનું છે. શિક્ષકોએ વિદ્યાર્થીઓને ભણાવતી વખતે મૂલ્યાંકનની મહત્ત્વની બાબતો આ પ્રમાણે છે :

**આયોજન :**

→ સમગ્ર અભ્યાસનું માસવાર આયોજન કરી લેવું

→ આયોજન કરતી વખતે પ્રથમ સત્રના છેલ્લાં પંદર દિવસ નિદાત્મક કાર્ય અને ઉપચારાત્મક શિક્ષણ માટે અલગ રાખવા. આ દિવસોમાં કોઈ નવા એકમ શિક્ષણનું આયોજન ન વિચારવું.

→ પ્રથમ સત્રના અંતે કોઈ પણ પ્રકાનું પરીક્ષણ કર્યા ન કરવું. (પ્રથમ સત્રનાં અંતે કોઈ પણ પ્રકારની પરીક્ષા ન લેવી ને કોઈ પણ પ્રકારના પરિણામપત્રકો ન બનાવવાં.)

→ બીજા સત્રમાં વેકેશન અગાઉના એક માંસમાં કોઈ પણ પ્રકારના શૈક્ષણિક કાર્યનું આયોજન ન કરવું. બીજા સત્રનું બધું જ શૈક્ષણિક કાર્ય બીજા સત્રના છેલ્લા માસને અનામત રાખીને બાકીના સમયમાં આયોજિત કરવું.

→ બીજા સત્રના છેલ્લા મહિનાના પ્રથમ પંદર દિવસ નૈદાનિક કાર્ય તેમજ ઉપચારાત્મક શિક્ષણ માટે પ્રયોજવા.

→ બીજા સત્રના છેલ્લા મહિનાના છેલ્લા પંદર દિવસ પરીક્ષણ કાર્ય તથા મૂલ્યાંકનપત્ર ભરવા અને પરિણામપત્રક તૈયાર કરવાની કામગીરી માટે અનામત રાખવા.

**મૂલ્યાંકન સાતત્ય :**

→ મૂલ્યાંકન પ્રક્રિયા સતત અને સર્વગ્રાહી રાખવી. પુસ્તકનું એક પ્રકરણ પૂરું થાય કે તુરત જ શીખવેલી બાબતોમાં કોણ કોણ કાચા રહી ગયા તથા ક્યાં ક્યાં કાચા રહી ગયા તે શોધી કાઢવું.

→ મૌખિક કસોટીથી, ક્રિયાત્મક કસોટીથી તથા પાટીના અને પુસ્તકમાંના લેખનકાર્યની ચકાસણી દ્વારા કાચા રહી ગયેલા વિદ્યાર્થીઓ શોધવા તથા તેઓ ક્યાં ક્યાં કાચા છે તે શોધવું.

→ બીજું પ્રકરણ શરૂ કરતાં પહેલાં કાચા રહી ગયેલા વિદ્યાર્થીઓનાં જૂથો પાડી વર્ગમાંના હોંશિયાર વિદ્યાર્થીઓની મદદથી અને શિક્ષકની પોતાની સક્રિય સામેલગીરીથી કાચા રહી ગયેલા બાળકોની કચાશ દૂર કરવી. મોટાભાગનાં બાળકો આ રીતે સક્ષમ બને પછી બીજા પ્રકરણનું કાર્ય શરૂ કરવું. આ રીતે પ્રત્યેક પ્રકરણ પછીનું અનુકાર્ય કરવું.

→ પ્રથમ સત્રના છેલ્લા પંદર દિવસ અનૌપચારિક રીતે લેખિત (પાટીમાં), મૌખિક કે ક્રિયાત્મક કસોટીઓ લઈ, પ્રથમ સત્રમાં ચાલેલા અભ્યાસક્રમમાં કોઈ કોઈ બાબતમાં કાચી રહી ગયેલા વિદ્યાર્થીઓને શોધીને તેમને જૂથકાર્ય દ્વારા ઉપચારાત્મક શિક્ષણ આપવું. અનૌપચારિક કસોટીના પરિણામો નોંધવાની જરૂર નથી. તે કસોટીઓ સત્રના અંતે ક્યાં ક્યાં બાળકો કાચા રહી ગયાં તેનો અંદાજ મેળવવા માટે જ છે.

→ બીજા સત્રનો અભ્યાસક્રમ એવી રીતે પૂરો કરવો કે જેથી વેકેશન સુધીમાં વચ્ચે એક મહિનો મુક્ત

સમય બાકી રહે. બીજા સત્રનો અભ્યાસક્રમ ચલાવતી વખતે પણ પ્રથમ સત્રની જેમ જ પ્રત્યેક પ્રકરણને અંતે નૈદાનિક તેમજ ઉપચારાત્મક કાર્ય કરવું.

→ સત્રના છેલ્લા મહિનાના પંદર દિવસ વર્ષ દરમિયાન કાચા રહી ગયેલા વિદ્યાર્થીઓને શોધીને જૂથકાર્ય દ્વારા તેમની કચાશ દૂર કરવા પ્રયત્ન કરવો.

**પ્રગતિપત્રક ભરવા અંગેની પ્રક્રિયા :**

→ બીજા સત્રના છેલ્લા પંદર દિવસ વિદ્યાર્થીઓનું સર્વાંગીણ મૂલ્યાંકન કરવા માટેના છે. આ માટે આ દિવસોમાં પરીક્ષણ કાર્ય કરવાનું છે. સાથે સાથે વિદ્યાર્થીઓનું પ્રગતિપત્રક પણ ભરવાનું છે.

→ વિદ્યાર્થીઓનું જે પ્રગતિપત્રક તૈયાર કરવાનું છે તેનો નમૂનો પ્રગતિપત્રકમાં આપેલ છે. આ પ્રગતિપત્રકમાં કુલ ચાર પાનાં છે.

→ પ્રથમ પાનાની ઉપરની બાજુએ વિદ્યાર્થીનું નામ, જન્મતારીખ, શાળાનું નામ, ગામ, રજિસ્ટર નંબર વગેરે જેવી વિગતો રજિસ્ટરના આધારે શિક્ષકે ભરવાની છે.

→ પ્રથમ પાનાની નીચેના ભાગમાં એક કોઠો આપ્યો છે. આ કોઠામાં વિદ્યાર્થીનો વ્યક્તિત્વ વિકાસ દર્શાવતાં ૧૨ વિધાનો આપેલાં છે. અને પ્રત્યેક વિધાનની સામે હંમેશા, મોટાભાગે અને ભાગ્યે જ એવી ત્રણ કક્ષાઓ દર્શાવી છે. બીજા સત્રના છેલ્લા મહિનાની શરૂઆતના દિવસોમાં શિક્ષક દરેક વિદ્યાર્થીના પ્રગતિપત્રકનું આ પાનું પોતાની અનુકૂળતાએ ભરી શકે છે. એ માટે શિક્ષકે કોઈ જાતની પરીક્ષા લેવાની નથી પણ વિદ્યાર્થી સાથેના રોજબરોજના અનુભવના આધારે આ પાનામાં વિદ્યાર્થીના વ્યક્તિત્વ વિકાસ અંગેની નોંધ કરવાની છે. પ્રત્યેક વિધાનમાં રજૂ કરવામાં આવેલાં વર્તનો વિદ્યાર્થી જે કક્ષા ધરાવતો હોય તે કક્ષા સામે (✓) કરવાની છે.

→ પ્રગતિપત્રકના બીજા પાના ઉપર ગણિત શીખવા માટે તથા ભાષાશિક્ષણ માટે વિદ્યાર્થીઓએ જે પ્રવૃત્તિઓ કરવી આવશ્યક છે. એ પ્રવૃત્તિઓ વર્ષ દરમિયાન વિદ્યાર્થીઓએ કરી હોય તો, તે પ્રવૃત્તિઓની ગુણવત્તા કેવી હતી, તે દરેક પ્રવૃત્તિ સામેના ઉત્તમ મધ્યમ અને નબળા એ ત્રણ વિભાગોમાંથી લાગુ પડતા વિભાગમાં ખરાની નિશાની (✓) કરીને દર્શાવવાનું છે.

→ આ ટીકમાર્ક કરતી વખતે શિક્ષકે બાળકોની કોઈ પ્રવૃત્તિલક્ષી પરીક્ષા લેવાની નથી. પણ શિક્ષકે ગણિતશિક્ષણ તેમજ ભાષાશિક્ષણ અન્વયે જે પ્રવૃત્તિઓ કરાવી હોય તેની નોંધના આધારે તથા એ પ્રવૃત્તિ વખતના અવલોકનના આધારે આ પ્રકારની નોંધ કરવાની છે.

આનાથી શિક્ષકે વર્ગમાં અધ્યયન-અધ્યાપન કેટલી પ્રવૃત્તિઓ કરાવી છે તથા વિદ્યાર્થીઓ એ પ્રવૃત્તિઓમાં કેવા પ્રકારનું કૌશલ્ય ધરાવે છે, તેનો વાલીઓને ખ્યાલ આવી શકે.

પ્રવૃત્તિની આવી નોંધનું આ પાનાનું કાર્ય શિક્ષક સમગ્ર અભ્યાસક્રમ પૂર્ણ કરે તે પછી કરી શકે છે.

→ પ્રગતિપત્રકના બીજા પાના પર ગણિતના કેટલાક અપેક્ષિત મુદ્દાઓ તથા કૌશલ્યોની યાદી આપવામાં આવી છે. અને યાદી સામે ઉત્તમ, મધ્યમ તથા નબળું એવી ત્રણ કક્ષાઓ દર્શાવવામાં આવી છે. આ ત્રીજા પાના પરની નોંધ કરતાં અગાઉ શિક્ષકે વર્ગના વિદ્યાર્થીઓની અનૌપચારિક રીતે પરીક્ષા લેવી જરૂરી છે.

પ્રગતિપત્રકના ત્રીજા પાનાની નોંધ માટે જરૂરી પરીક્ષણકાર્ય તેમજ પરિણામપત્રક તૈયાર કરવા માટે બીજા સત્રના છેલ્લા પંદર દિવસ અનામત રાખવા.

**પરીક્ષણ કાર્ય :**

→ શિક્ષક દિવસ દરમિયાન પાંચ-પાંચ વિદ્યાર્થીઓને પાસે બોલાવી પાટીમાં લખાવી, મૌખિક પ્રશ્નો પૂછી કે ક્રિયાત્મક કસોટી દ્વારા પ્રગતિપત્રકમાં દર્શાવેલા મુદ્દાઓના જ્ઞાન/કૌશલ્યોમાં વિદ્યાર્થી કઈ કક્ષા ધરાવે છે તે ચકાસશે તથા તે વિદ્યાર્થીઓના પ્રગતિપત્રકમાં જે તે મુદ્રા/કૌશલ્યોની યાદી સામે

તેમાં વિદ્યાર્થી જે કક્ષા ધરાવતો હોય તે કક્ષાના ખાનામાં ટીકમાર્ક (✓) કરશે. પરીક્ષણ માટે બોલાવેલા વિદ્યાર્થીઓનાં પ્રગતિપત્રકો શિક્ષક પોતાની પાસે/સામે જ રાખશે અને પરીક્ષણ કાર્ય કરતાં કરતાં જ ઉપર જણાવ્યા મુજબ ટીકમાર્ક કરશે. એ રીતે સમગ્ર વર્ગના વિદ્યાર્થીઓને પાંચ પાંચની ટુકડીમાં વારાફરતી બોલાવી, લેખિત, મૌખિક અને ક્રિયાત્મક કસોટી લઈ, ગણિત, ભાષામાં દર્શાવેલા જ્ઞાન/સમજ કે કૌશલ્યોલક્ષી વિધાનો સામે વિદ્યાર્થીઓની જે કક્ષા માલૂમ પડશે તેની સામે ટીક માર્ક કરશે.

→ આ રીતે કસોટીકાર્ય કરતાં કરતાં સમગ્ર વર્ગના વિદ્યાર્થીઓના પ્રગતિપત્રકનાં ત્રીજા પાનામાં જરૂરી નોંધ કરશે.

→ પ્રગતિપત્રકનું ચોથું પાનું વાલીઓ માટે છે. પ્રગતિપત્રકના, શાળા રેકર્ડ પર રાખવાનું નથી પણ વાલીઓને જોવા માટે મોકલવાનું છે. એટલે આ પાના પર વાલી માટે કેટલીક સૂચનાઓ છાપીને આપેલી છે. પ્રગતિપત્રક જોઈને વાલી પોતાનું બાળક કઈ બાબતમાં કઈ કક્ષા ધરાવે છે તે જાણી શકશે. વાલી જો અભણ હોય તો શિક્ષક પ્રગતિપત્રકની વિગત વાલીને સમજાવશે. ચોથા પાના પર વાલીને લેખિત સૂચનો આપ્યાં છે. ઉપરાંત થોડી જગ્યા ખાલી રાખવામાં આવી છે. આ ખાનામાં શિક્ષક જે તે વિદ્યાર્થી અંગે વાલીના ધ્યાન પર લાવવા માટેની ખાસ વિગતો લખશે. વેકેશન દરમિયાન વિદ્યાર્થીની કઈ કઈ બાબતની કચાશ સુધારી લેવા જેવી છે તે શિક્ષક આ જગ્યામાં ખાસ નોંધ તરીકે દર્શાવશે.

→ વેકેશન સમયમાં વાલી પોતે અથવા ઘરના ભણેલા સભ્યો શિક્ષકે ખાસ નોંધમાં રાખેલી બાબતો અંગે ખાસ કાળજી લે તે અપેક્ષિત છે.

**પ્રગતિપત્રક પરથી પરિણામપત્રકની રચના :**

→ વર્ગના બધાં બાળકોના પ્રગતિપત્રક ભરાઈ જાય તે પછી શિક્ષક તેમાં પોતાની સહી કરી તે બધા પ્રગતિપત્રકો આચાર્યને સોંપશે. આચાર્ય તેમાંના કોઈ પાંચેક પ્રગતિપત્રકો તારવીને તે પ્રગતિપત્રકો યોગ્ય રીતે અને ચોકસાઈથી ભરાયાં છે કે નહીં તેની ખાતરી કરશે. જરૂર જણાયે એ પ્રગતિપત્રકો જેમનાં નામનાં હોય તે બાળકોની ચકાસણી કરશે. નમૂનાની ચકાસણી બાદ એ પ્રગતિપત્રકો આચાર્યશ્રી પોતાની સહી કરીને શિક્ષકને પરત કરશે.

→ પ્રગતિપત્રકના આધારે શિક્ષક પરિણામપત્રક તૈયાર કરશે. આ પરિણામપત્રક શાળાના રેકર્ડ પર રહેશે. પરિણામપત્રકનો નમૂનો પરિશિષ્ટ-૨માં દર્શાવ્યો છે. એ પરિણામપત્રકમાં બે હરોળ છે. ઊભી હરોળમાં ગણિત વિષયના જ્ઞાન/સમજ અને કૌશલ્યથી ૧-૧ તેમજ ભાષાના કૌશલ્યલક્ષી ૧૦ મળીને કુલ ૨૧ વિધાનો દર્શાવેલાં છે. આડી હરોળમાં વિદ્યાર્થીઓના નંબર તથા નામ દર્શાવેલાં છે. પ્રત્યેક વિદ્યાર્થીના નામની નીચે કુલ ૨૧ ખાનાંઓમાં તેના પ્રગતિપત્રકમાં દર્શાવેલી કક્ષાના આધારે પ્રત્યેક વિધાન સામે A, B કે C ગ્રેડ દર્શાવવાનો છે. ઉ.દા તરીકે વિદ્યાર્થીના પ્રગતિપત્રકમાં ગણિત વિભાગમાં દર્શાવેલા પહેલા વિધાન સામે 'ઉત્તમ'ના ખાનામાં ટીકમાર્ક (✓) કરેલી હોય તો પરિણામપત્રકમાં તે વિદ્યાર્થીના નામ નીચે પહેલાં વિધાન સામે 'A' ગ્રેડ દર્શાવવો. આ રીતે પ્રગતિપત્રકના આધારે દરેક વિદ્યાર્થીના નામની નીચેનાં કુલ ૨૧ ખાનાંઓની સામે અનુરૂપ કક્ષા દર્શાવવી. આ રીતે બધા વિદ્યાર્થીના નામની નીચેનાં ખાનાંઓ જે તે વિદ્યાર્થીના પ્રગતિપત્રકમાં દર્શાવેલી કક્ષાને આધારે ભરવાં. આ રીતે સમગ્ર વર્ગનું પરિણામપત્રક તૈયાર કરી, શિક્ષકે પોતાની સહી કરી આચાર્યશ્રીને સુપરત કરવું. આચાર્યશ્રી તેને પ્રગતિપત્રક સાથે ચકાસીને પોતાની સહી કરીને શાળાના એક ઉપયોગી રેકર્ડ તરીકે સાચવશે.

→ પરિણામપત્રક તૈયાર થઈ જાય તે પછી શિક્ષકે પ્રત્યેક બાળકને તેનું પ્રગતિપત્રક આપવું. તે પ્રગતિપત્રક વાલીને બતાવવા કહેવું.

**વર્ગબઢતી પ્રવિધિ :**

→ વર્ગમાં જે વિદ્યાર્થીની હાજરી ૧૫૦ કે તેથી વધુ હોય તેવા પ્રત્યેક વિદ્યાર્થીને ત્રીજા ધોરણમાં બઢતી આપવી.

→ વર્ગમાં જે વિદ્યાર્થીની હાજરી નિયત હાજરી કરતાં ઓછી થતી હોય, પણ તે વિદ્યાર્થી એવેરેજ વિદ્યાર્થી તરીકે ચાલી શકે તેમ હોય તેવા વિદ્યાર્થીને પણ ત્રીજા ધોરણમાં બઢતી આપવી.

→ જે વિદ્યાર્થીની હાજરી નિયત હાજરી કરતાં ઓછી હોય અને વળી તે અભ્યાસમાં અત્યંત નબળો જણાય તો તેવા વિદ્યાર્થીને બીજા ધોરણમાં રોકી રાખવો. આમ છતાં, આવા વિદ્યાર્થીના વાલીનો તેને ઉપલા ધોરણમાં લઈ જવાનો આગ્રહ હોય અને તેઓ, વેકેશન દરમિયાન તેને તૈયાર કરવાની જવાબદારી લેતા હોય તો આવા વિદ્યાર્થી અંગેનો નિર્ણય વર્ગશિક્ષક તેમજ આચાર્યે સાથે મળીને કરવો. આવા વિદ્યાર્થીના વાલી તેના બાળકને તે જ ધોરણમાં રાખવા ઇચ્છે તો તેને વર્ગબઢતી આપવી નહીં.

# મૂલ્યાંકન : ધોરણ ૩ થી ૭

**પ્રસ્તાવના :**

અધ્યાપન પ્રક્રિયાને અંતે અપેક્ષિત હેતુઓ કેટલા અંશે, કેટલા પ્રમાણમાં સિદ્ધ થયા છે તે જાણવાની પ્રવિધિ એટલે મૂલ્યાંકન.

સમગ્ર ગુજરાતમાં ધોરણ ૧ થી ૭માં પ્રવર્તમાન મૂલ્યાંકન પ્રક્રિયા અને વર્ગબઢતીના નિયમોથી સૌ શિક્ષક મિત્રો માહિતગાર થાય તેમજ તેમની જાણકારી દૃઢ કરવા અને વધારવા મૂલ્યાંકન માળખાને સમજવું જરૂરી છે. સ્વાધ્યાય અને કસોટી થકી અધ્યાપન પ્રક્રિયામાં જ મૂલ્યાંકન થાય છે. જ્યારે સત્રાંત કસોટીઓ દ્વારા વિદ્યાર્થીઓની વર્ગબઢતી અંગે નિર્ણય લેવામાં આવે છે. મૂલ્યાંકનના આ મહત્ત્વના પાસા અંગે તમામ શિક્ષક મિત્રો સ્પષ્ટ હોય તે અત્યંત જરૂરી છે.

મૂલ્યાંકનમાં ગ્રેડીંગ પદ્ધતિ અમલમાં આવતાં મૂલ્યાંકન પ્રવિધિના ભાગરૂપે ગુણના સંદર્ભમાં પરિણામ પત્રકો તૈયાર કરવામાં આવતાં હતાં તે હવે ગુણના બદલે ગ્રેડને આધારે તૈયાર કરવામાં આવે છે.

ગ્રેડીંગ પદ્ધતિ આધારિત મૂલ્યાંકન પ્રવિધિ વધુ મનોવૈજ્ઞાનિક અને બાળકોના વિકાસની બાબતમાં આશીર્વાદરૂપ છે. આ બાબતને સમજવા માટે તેની સંકલ્પના સમજવી જરૂરી છે. ધોરણ ૩ થી ૬માં તેની અમલવારી કેવી રીતે કરવામાં આવે છે, તેનાં પત્રકો કેવાં છે અને તે કેવી રીતે ભરવામાં આવે છે તેની વિગતે સમજૂતી અહીં આપવામાં આવેલ છે.

**ગ્રેડીંગ પદ્ધતિની સંકલ્પના :**

ગ્રેડીંગ એ બાળકોએ જુદા જુદા ધોરણોના વિવિધ વિષયોમાં મેળવેલ સિદ્ધિને સાંકેતિક સ્વરૂપે દર્શાવવાની પદ્ધતિ છે. આનો અર્થ એ થયો કે બાળકની સિદ્ધિને ગુણના સ્વરૂપમાં દર્શાવવાને બદલે ગ્રેડ દ્વારા દર્શાવવાની પદ્ધતિ એટલે ગ્રેડીંગ પદ્ધતિ. સામાન્ય રીતે આ ગ્રેડ A, B, C જેવા સંકેતોમાં દર્શાવવામાં આવે છે. અહીં બાળકે કયા ધોરણના કયા વિષયમાં કેટલા ટકા મેળવ્યા છે તેમ કહેવાને બદલે કયો ગ્રેડ પ્રાપ્ત કર્યો છે તેને ધ્યાનમાં લેવામાં આવે છે.

ગુણ આધારિત મૂલ્યાંકનમાં બાળકે પ્રાપ્ત કરેલ સિદ્ધિની ટકાવારી શૂન્યથી લઈને સો ટકા સુધીની વ્યાપકતા ધરાવે છે. ગ્રેડ એ ત્રિબિંદુ, પંચબિંદુ, સાતબિંદુ કે નવ બિંદુ સુધી સીમિત સ્વરૂપે દર્શાવાય છે. દા.ત. જો ત્રિબિંદુમાં ગ્રેડ આપવા હોય તો 'A', 'B', 'C' એમ આપી શકાય અને પંચબિંદુમાં ગ્રેડ આપવા હોય તો 'A+', 'A', 'B+', 'B', 'C' એમ આપી શકાય આજ રીતે અન્ય કોઈ સંકેતો પણ આપી શકાય.

ગ્રેડ આપવાની પદ્ધતિને આધારે તેના બે પ્રકારો પાડવામાં આવ્યા છે. ૧. પ્રત્યક્ષ ગ્રેડીંગ અને ૨. પરોક્ષ ગ્રેડીંગ. આ બન્ને પદ્ધતિની સમજૂતી નીચે મુજબ છે.

**૧. પ્રત્યક્ષ ગ્રેડીંગ :** આ પ્રકારના ગ્રેડીંગમાં શિક્ષક દ્વારા બાળકનું સિદ્ધિનું સતત અને સર્વગ્રાહી અવલોકન કરી તટસ્થ રીતે સીધો જ ગ્રેડ આપવામાં આવે છે. આમાં

કોઈ કક્ષાએ ગુણ આપવામાં આવતા જ નથી. ગુજરાતમાં હાલમાં ધોરણ : ૧ અને ૨માં આ પ્રકારની પ્રત્યક્ષ ગ્રેડીંગ પદ્ધતિ અમલમાં છે.

**૨. પરોક્ષ ગ્રેડીંગ :** આ પ્રકારના ગ્રેડિંગમાં વિદ્યાર્થીની સિદ્ધિનું ગુણમાંથી ગ્રેડમાં રૂપાંતર કરવામાં આવે છે. આ પ્રકારના ગ્રેડીંગમાં કુલ ગુણને ત્રિબિંદુ, પંચબિંદુ વગેરે આધારિત ક્રમશઃ ત્રણ, પાંચ વગેરે વિભાગોમાં વર્ગીકૃત કરવામાં આવે છે. અહીં વિદ્યાર્થીઓએ મેળવેલા ગુણનો સમાવેશ જે વિભાગમાં દર્શાવેલ ગુણની શ્રેણીમાં થતો હોય તે વિભાગ માટે નક્કી કરેલો ગ્રેડ આપવામાં આવે છે. અહીં વિદ્યાર્થીને સીધો જ ગ્રેડ અપાતો નથી. ધોરણ ૩ થી ૬માં આ પ્રકારની પરોક્ષ ગ્રેડીંગ પદ્ધતિ અમલમાં છે.

**ગ્રેડીંગ પદ્ધતિના ફાયદા :**

મૂલ્યાંકન ગ્રેડીંગ પદ્ધતિ વિદ્યાર્થીઓ માટે ખૂબ જ ઉપકારક બની રહે છે. ગ્રેડીંગથી થતા ફાયદાઓ નીચે મુજબ છે.

**૧.** ગ્રેડીંગ પદ્ધતિ વિદ્યાર્થીના માનસિક તણાવ અને સંઘર્ષની તીવ્રતાને ન્યૂનતમ કરે છે.

**૨.** ગ્રેડીંગ પદ્ધતિથી સ્પર્ધાનું તત્ત્વ નહિવત્ થઈ જાય છે અને બાળકોનો શિક્ષણ પ્રત્યેનો લગાવ જળવાઈ રહે છે.

**૩.** ગ્રેડીંગ પદ્ધતિથી બાળકોને લઘુતાગ્રંથિ કે ગુરુતાગ્રંથિનો ભોગ બનતાં અટકાવી શકાય છે અને અન્ય બાળકો સાથે તેમનું અનુકૂલન મજબૂત બને છે.

**૪.** ગ્રેડીંગ પદ્ધતિથી સમોવડિયા જૂથ દ્વારા શિક્ષણ (પિઅર લર્નિંગ)નું આયોજન સરળ બને છે. જેનાથી શિક્ષણ વધુ અસરકારક અને દઢ બને છે, તેમજ સમૂહભાવના વિકસે છે.

**૫.** ગ્રેડીંગ પદ્ધતિ શિક્ષક માટે નિદાન અને ઉપચારની પ્રક્રિયા વધુ સરળ બની જાય છે. કયા વિષયમાં નિમ્ન ગ્રેડ મેળવનાર વિદ્યાર્થીઓ વધુ છે તે તરત જ જાણી શકાય છે અને તેના માટે શું કરી શકાય તેની વિચારણાને અવકાશ મળી રહે છે.

**૬.** ગ્રેડીંગ પદ્ધતિના કારણે શિક્ષકોને પરિણામપત્રક તૈયાર કરતી વખતે કુલ ગુણના આધારે ટકાવારી કાઢવામાં જતો સમય બચી જશે, કારણ કે વિષયવાર ગુણ અને એકંદરે કુલ ગુણ પ્રાપ્ત થતાં ગ્રેડના કોષ્ટકના આધારે પરિણામ પત્રકમાં સીધો જ ગ્રેડ મૂકી શકાય છે.

**ગ્રેડપદ્ધતિ આધારિત ધોરણ ૩ થી ૬માં મૂલ્યાંકન :**

ધોરણ : ૩ થી ૬માં પરોક્ષ ગ્રેડીંગ પદ્ધતિ અમલમાં છે. તેથી તેમાં ગુણના આધારે ગ્રેડ મૂકવામાં આવે છે. સીધો જ ગ્રેડ મૂકવાનો હોતો નથી. તેથી તેની પ્રક્રિયા કઈ રીતે કરવી, પત્રકો કઈ રીતે ભરવાં વગેરે બાબતોની સમજ તેના પત્રકના નમૂના અને વર્ગબઢતીના નિયમોની રજૂઆત અત્રે કરવામાં આવી છે.

ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગર દ્વારા તા. ૨૯-૮-૨૦૦૬ના રોજ જાવક ક્રમાંક : જીસીઈઆરટી/CMDE/02/06/20988-21075થી એક પરિપત્ર રાજ્યના તમામ જિલ્લાના ડાયેટના પ્રાચાર્યશ્રીઓ, જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ અને શાસનાધિકારીશ્રીઓને પાઠવવામાં આવ્યો હતો, જેમાં ધોરણ ૩થી ૬માં વિદ્યાર્થીને વર્ગબઢતી આપવા માટે અને પરિણામ પત્રક તૈયાર કરવા માટેના માર્ગદર્શક નિયમો આપવામાં આવ્યા હતા. પ્રસ્તુત મોડ્યુલમાં આ નિયમો મૂકવામાં આવ્યા છે જેને સમજી તેનો યોગ્ય રીતે અમલ થાય અને ધોરણ ૩ થી ૬નું મૂલ્યાંકન સુચારુ રીતે થાય તે અત્યંત જરૂરી છે.

**ધોરણ ૩થી ૬માં મૂલ્યાંકન અને વર્ગબઢતી સંબંધી માર્ગદર્શન (ગ્રેડ સિસ્ટમ આધારિત) :**

**૧.** ધોરણ ૩થી ૬માં વર્ષ દરમિયાન લેવાતી વિવિધ કસોટીઓ ગુણાંકન આધારિત જ રહેશે. માત્ર વાર્ષિક પરિણામપત્રકમાં વિષયવાર કુલ ગુણ અને બધા વિષયોના એકંદર કુલ ગુણના આધારે ગ્રેડ આપવાના રહેશે.

**૨.** ધોરણ ૩થી ૬માં વાર્ષિક પરીક્ષાને અંતે પરિણામપત્રકમાં સરાસરી ટકાને સ્થાને ગ્રેડનો ઉલ્લેખ કરવાનો રહેશે.

**૩.** ધોરણ૩ થી ૭માં (ધોરણ ૪ હિન્દી અને ધોરણ-૬-૭ સંસ્કૃત સિવાય) નીચે મુજબ કસોટીઓ લેવાની રહેશે. (પરિણામ પત્રકોના નમૂના પરિશિષ્ટ-૩ અને ૪માં આપેલાં છે.)

| કસોટીનું નામ | કસોટીનો પ્રકાર | ગુણ | સમયગાળો |
|---|---|---|---|
| પ્રથમ | મૌખિક અને ક્રિયાત્મક | ૨૫ (૧૫+૧૦) | સત્રાંત લેખિત કસોટીના દસ દિવસ પહેલાં |
| દ્વિતીય | લેખિત | ૫૦ | પ્રથમ સત્રના અંતે |
| તૃતીય | ક્રિયાત્મક અને મૌખિક | ૨૫ (૧૫+૧૦) | વાર્ષિક લેખિત કસોટીના દસ દિવસ પહેલાં |
| વાર્ષિક | લેખિત | ૧૦૦ | વર્ષાન્તે |
| | કુલ ગુણ ૨૦૦ | | |

૪. ધોરણ ૫ થી ૭માં સ્વાસ્થ્ય અને શારીરિક શિક્ષણ વિષયમાં નીચે મુજબ કસોટીઓ લેવામાં આવે છે.

| કસોટીનું નામ | કસોટીનો પ્રકાર | ગુણ | સમયગાળો |
|---|---|---|---|
| પ્રથમ | મૌખિક | ૨૫ | સત્રાંત લેખિત કસોટીના દસ દિવસ પહેલાં |
| દ્વિતીય | લેખિત | ૫૦ | પ્રથમ સત્રના અંતે |
| તૃતીય | મૌખિક | ૨૫ | વાર્ષિક લેખિત કસોટીના દસ દિવસ પહેલાં |
| વાર્ષિક | (૧) પ્રાયોગિક | ૫૦ | વર્ષાન્તે |
| | (૨) લેખિત | ૫૦ | |

૫. ધોરણ ૩થી ૭ના વિષયવાર કુલ ગુણ નીચે પ્રમાણે રહેશે.

| વિષય | ધો. ૩ના કુલ ગુણ | ધો. ૪ના કુલ ગુણ | ધો. ૫ના કુલ ગુણ | ધો. ૬-૭ના કુલ ગુણ |
|---|---|---|---|---|
| ગુજરાતી | ૨૦૦ | ૨૦૦ | ૨૦૦ | ૨૦૦ |
| હિન્દી | – | ૧૦૦ | ૨૦૦ | ૨૦૦ |
| અંગ્રેજી | – | – | ૨૦૦ | ૨૦૦ |
| પર્યાવરણ | ૨૦૦ | ૨૦૦ | – | – |
| સામાજિક વિજ્ઞાન | – | – | ૨૦૦ | ૨૦૦ |
| ગણિત | ૨૦૦ | ૨૦૦ | ૨૦૦ | ૨૦૦ |
| વિજ્ઞાન અને ટેક્નોલોજી | – | – | ૨૦૦ | ૨૦૦ |
| સ્વા. અને શા.શિ. | – | – | ૨૦૦ | ૨૦૦ |
| સ.ઉ.ઉ. કાર્ય | ૧૦૦ | ૧૦૦ | ૧૦૦ | ૧૦૦ |
| સર્જ. પ્રવૃત્તિ | ૧૦૦ | ૧૦૦ | – | – |
| કલાશિક્ષણ | – | – | ૧૦૦ | ૧૦૦ |
| સંસ્કૃત મરજિયાત | – | – | – | ૧૦૦ |
| કુલ ગુણ | ૮૦૦ | ૯૦૦ | ૧૬૦૦ | ૧૭૦૦ |

★ નીચે આપેલા વિષયોનું મૂલ્યાંકન વર્ષાન્તે કરવાનું છે.

૬. સર્જનાત્મક પ્રવૃત્તિઓ (ધો. ૩ અને ૪ માટે) કુલ ગુણ ૧૦૦, જેની ફાળવણી નીચે પ્રમાણે કરવાની છે.

ચિત્રકામ, કાગળકામ, માટીકામ ૪૦

શારીરિક શિક્ષણ ૪૦

સંગીત (પ્રાર્થના, કાવ્ય, બાલગીત, અભિનય ગીત વગેરે) ૨૦

૭. કલાશિક્ષણ (ધોરણ ૫ થી ૭)

કુલ ગુણ ૧૦૦, જેની ફાળવણી નીચે પ્રમાણે કરવાની છે.

- ચિત્રકામ (પદાર્થ ચિત્ર, કુદરતી, ચિત્ર, સર્જનાત્મક, ડિઝાઈન, અક્ષરલેખન) ૫૦
- ચિત્રપોથીના આધારે આંતરિક મૂલ્યાંકન ૨૦

- સંગીતપ્રાર્થના (કાવ્ય, ભજન, બાલગીત, શ્લોક, રાષ્ટ્રીયગીતો, અભિનય ગીત વગેરે) ૩૦

૮. સ.ઉ.ઉ. કાર્ય (ધોરણ ૩ થી ૭)

શૈક્ષણિક દષ્ટિબિંદુથી આ વિષયને સમજીએ તો તેમાં સંસ્કાર સિંચન, મૂલ્યઘડતર, કૌશલ્યોની ખિલવણી વગેરેની અનેક તકો પડેલી છે. દરેક શિક્ષકે પોતાના ધોરણમાં અનેકવિધ પ્રવૃત્તિઓ દ્વારા આ પ્રકારની કેળવણી આપવાની છે. પ્રવૃત્તિ કરાવતી વખતે દરેક વિદ્યાર્થીનું અવલોકન કરી તેની નોંધ દ્વિમાસિક નોંધપોથીમાં કરવાની છે. જેનું માળખું નીચે મુજબ રહેશે.

| **માસ** | **ક્ષેત્ર-૧ તંદુરસ્તી અને આરોગ્ય** | **ક્ષેત્ર-૨ સાંસ્કૃતિક અને મનોરંજક પ્રવૃત્તિઓ** | **ક્ષેત્ર-૩ સમૂહકાર્ય અને સમાજસેવા પ્રવૃત્તિઓ** | **ક્ષેત્ર-૪ નિયમિતતા, કાર્ય વલણ, સુટેવ અને પ્રવૃત્તિઓ સહકાર** | **ક્ષેત્ર-૫ ટી.એલ.એમ. બનાવવાની ભાગીદારી** | **કુલ ગુણ** |
|---|---|---|---|---|---|---|
| **ગુણ** | ૨૦ | ૨૦ | ૨૦ | ૨૦ | ૨૦ | ૧૦૦ |
| જૂન-જુલાઈ | | | | | | |
| ઓગ.-સપ્ટે. | | | | | | |
| ઑક્ટો-નવે. | | | | | | |
| ડિસે.-જાન્યુ | | | | | | |
| ફેબ્રુ-માર્ચ. | | | | | | |
| કુલ ગુણ ૫૦૦માંથી મેળવેલાં ગુણ | | | | | | |

નોંધ :- ૫૦૦માંથી મેળવેલા ગુણ ૫ વડે ભાગતા જે ગુણ આવે તે ગુણ જે તે વિદ્યાર્થીએ ૧૦૦માંથી મેળવેલા ગુણ થશે. એ ગુણની નોંધ પરિણામપત્રક અને પ્રગતિપત્રકમાં કરવાની રહેશે.

૯. ધોરણ ૩ અને ૪ની લેખિત કસોટીઓના ઉત્તરો પ્રશ્નપત્રમાં જ લખવાના રહેશે.

૧૦. ધોરણ ૫થી ૭ની લેખિત કસોટીઓના ઉત્તરો અલગ ઉત્તરવહીમાં જ લખવાના રહેશે.

૧૧. ધોરણ ૪માં હિન્દી વિષય ફરજિયાત છે. તેની પરીક્ષા કુલ ગુણ ૧૦૦ ગુણની લેવાની રહેશે. તેથી પાસ થવા માટે ઓછામાં ઓછો B ગ્રેડ મેળવવો જરૂરી છે.

૧૨. ધોરણ ૬-૭માં સંસ્કૃત વિષય મરજિયાત છે. આ વિષયની પરીક્ષા કુલ ૧૦૦ ગુણની વર્ષાન્તે જ લેવાની રહેશે. એકંદર કુલ ગુણના આધારે ગ્રેડિંગ નક્કી કરતી વખતે આ વિષયના ગુણને ધ્યાનમાં લેવાના નથી.

૧૩. ધોરણ ૪ હિન્દી અને ધો. ૬-૭ સંસ્કૃત વિષયની વર્ષાન્તે લેવાની કસોટીના ગુણ નીચે પ્રમાણે છે.

| | | |
|---|---|---|
| વર્ષાન્તે | કુલ ગુણ | ૧૦૦ |
| - મૌખિક કસોટી | | ૫૦ |
| - ક્રિયાત્મક કસોટી | | ૨૫ |
| - લેખિત કસોટી | | ૨૫ |

૧૪. ધો. ૩થી ૭ના પરિણામ પત્રકો તેમજ ગુણપત્રકોના ગુણ અંગ્રેજી અંકોમાં લખવાના રહેશે. (નમૂનાના પરિણામ પત્રકો પરિશિષ્ટ ૧, ૨ અને ૩માં આપેલાં છે.)

૧૫. પરિણામ પત્રકમાં દરેક વિદ્યાર્થીના નામ સામે જે તે કસોટીના કુલ ગુણમાંથી તેણે જેટલા ગુણ મેળવ્યા હોય તે નોંધવાના રહેશે, પરંતુ કસોટીવાર અને વિષયવાર પ્રશ્નપત્રમાં ક્ષમતા અથવા ક્ષમતાજૂથ અથવા

અધ્યયન ક્ષેત્રવાર જે રીતે પ્રશ્નરચના થઈ હોય તે મુજબ જે તે પ્રશ્નમાં મેળવેલ ગુણની નોંધ અલગ પત્રકમાં અથવા સ્લીપમાં અચૂક કરવાની રહેશે.

૧૬. પહેલી ત્રણ કસોટી દરમિયાન જ્યારે જે કસોટીનું પરિણામ તૈયાર થાય તેને આધારે તરત જ તેનું નિદાન ઉપચાર કાર્ય હાથ ધરવાનું રહેશે.

૧૭. વાર્ષિક પરીક્ષામાં જે કોઈ ક્ષમતાઓ/ક્ષમતા જૂથોમાં કચાશ જોવા મળી હોય તેની ખાસ નોંધ પરિણામપત્રકમાં કરવાની રહેશે.

૧૮. ખાસ અનિવાર્ય સંજોગોમાં શાળાએ જાહેર કરેલ કાર્યક્રમ મુજબ કોઈ વિદ્યાર્થી મૌખિક/ક્રિયાત્મક/પ્રાયોગિક પરીક્ષા વખતે રજા મંજૂર કરાવીને હાજર ન રહી શકે તો આચાર્યશ્રીએ જે તે કસોટી શક્ય એટલાં નજીકના દિવસોમાં સંબંધિત વિદ્યાર્થીની પરીક્ષા લેવાની વ્યવસ્થા ગોઠવવાની રહેશે.

૧૯. જો કોઈ વિદ્યાર્થીને લેખિત કસોટીમાંથી મુક્તિ આપવામાં આવે તો તે સંબંધી તમામ સાધનિક કાગળો (દાક્તરી પ્રમાણપત્ર વગેરે) શાળાના દફતરે રાખવાના રહેશે. તે સાથે મુક્તિ આપવા માટે વાજબી કારણ હતું. તેમાં કશું જ ખોટું હશે તો તે મારી અંગત જવાબદારી ગણાશે. તેવું પ્રમાણપત્ર વર્ગશિક્ષક, વાલી અને આચાર્યશ્રીએ સંયુક્ત રીતે આપવાનું રહેશે.

૨૦. કોઈપણ વિદ્યાર્થી વર્ષ દરમિયાન અધવચ્ચેથી શાળા છોડીને જાય ત્યારે તે શાળા છોડે ત્યાં સુધીના કાર્ય દિવસો અને હાજર દિવસો, તેમજ તેણે આપેલ કસોટીઓમાં વિષયવાર મેળવેલ કુલ ગુણ અને એકંદરે મેળવેલ કુલ ગુણ વગેરેનો દાખલો શાળા છોડ્યાના પ્રમાણપત્ર સાથે આપવાનો રહેશે.

૨૧. જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન દ્વારા તૈયાર થયેલા પ્રશ્નપત્રો છપાવીને શાળાઓ સુધી પહોંચાડવાની તથા પરીક્ષાને આનુષંગિક તમામ જવાબદારી જે તે જિલ્લાની જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ/નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની રહેશે.

૨૨. સમગ્ર જિલ્લામાં જિલ્લા શિક્ષણ સમિતિ અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિમાં જે તે ધોરણના એક જ સરખા પ્રશ્નપત્રો અને એક જ સરખો કસોટી કાર્યક્રમ રહેશે. આ અંગેની તમામ જવાબદારી જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી અને જિલ્લા શિક્ષણાધિકારી નિભાવશે.

૨૩. જો શાળામાં ભણતાં વિદ્યાર્થીઓનાં વાલીઓનો વિશ્વાસ સંપાદન કરીને કોઈપણ શાળા પોતાની આગવી મૂલ્યાંકન પદ્ધતિ અપનાવવા ઈચ્છે તો એ શાળાએ મૂલ્યાંકનના નવા માળખાંની સંપૂર્ણ વિગતો રજૂ કરવી. સંબંધિત જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી/જિલ્લા શિક્ષણાધિકારી/શાસનાધિકારી આ અંગે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન સાથે પરામર્શ કરીને આ પ્રકારની મૂલ્યાંકન પદ્ધતિ અપનાવવા માટેની મંજૂરી આપશે.

૨૪. પ્રશ્નપત્ર સરચના માટે ગણિત, વિજ્ઞાન અને સમાજવિદ્યાના વિષયોમાં અધ્યયનક્ષેત્ર/ક્ષમતાજૂથને ધ્યાનમાં રાખીને પ્રશ્નપત્રો કાઢવાના રહેશે.

૨૫. પ્રથમ સત્રના નિશ્ચિત આયોજન પ્રમાણે અભ્યાસક્રમ પૂર્ણ કરવાનો રહેશે. આ અભ્યાસક્રમમાંથી મૌખિક + ક્રિયાત્મક + લેખિત (૧૫ + ૧૦ + ૫૦ ગુણની) કસોટીઓ લેવાની રહેશે. પ્રથમ સત્રની કસોટીઓમાં સમાવિષ્ટ અભ્યાસક્રમનો બીજા સત્રમાં લેવાનારી કસોટીમાં સમાવેશ કરવો નહિ. બીજા સત્રમાં મૌખિક + ક્રિયાત્મક + લેખિત (૧૦ + ૧૫ + ૧૦૦ ગુણની) કસોટીઓ માત્ર બીજા સત્રના અભ્યાસક્રમમાંથી લેવાની રહેશે.

૨૬. જે તે જિલ્લામાં સત્રાંત તથા વાર્ષિક લેખિત કસોટીઓના પ્રશ્નપત્રો તૈયાર કરવાની જવાબદારી જે તે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનની રહેશે.

૨૭. ધોરણ ૧થી ૭માં પ્રથમ સત્રના અંતે પરીક્ષાનાં પરિણામો પછી નબળા વિદ્યાર્થીઓ માટે દસ દિવસનું ઉપચારાત્મક શિક્ષણકાર્ય પૂર્ણ કર્યા પછી જ બીજા શૈક્ષણિક સત્રનું કાર્ય શરૂ કરવું.

૨૮. ઉપચારાત્મક શિક્ષણકાર્યમાં હોશિયાર વિદ્યાર્થીઓની મદદ પણ લેવી. સમવસ્યક જૂથ (પીયર લર્નિંગ) દ્વારા શિક્ષણ પદ્ધતિનો વિનિયોગ કરવો.

૨૯. ધોરણ ૩થી ૬ના પરિણામપત્રકમાં વિદ્યાર્થીને વર્ષાન્તે વિષયવાર કુલ ગુણની બાજુના કોલમમાં તેમજ બધા વિષયોમાં મેળવેલ કુલ ગુણની બાજુના કોલમમાં વિદ્યાર્થીએ મેળવેલ ગુણના આધારે ગ્રેડ દર્શાવવાનો રહેશે, જેનું કોષ્ટક નીચે પ્રમાણે રહેશે.

| ગ્રેડ | કુલ ગુણ ૧૦૦માંથી | કુલ ગુણ ૨૦૦માંથી | ધોરણ-૩ ૮૦૦ ગુણમાંથી | ધોરણ-૪ ૯૦૦ ગુણમાંથી | ધોરણ-૫-૬ ૧૬૦૦ ગુણમાંથી |
|---|---|---|---|---|---|
| A+ | ૮૦% કે તેથી વધુ | ૧૬૦ કે તેથી વધુ | ૬૪૦ કે તેથી વધુ | ૭૨૦ કે તેથી વધુ | ૧૨૮૦ કે તેથી વધુ |
| A | ૬૫% કે તેથી વધુ અને ૮૦%થી ઓછા | ૧૩૦થી ૧૫૯ | ૫૨૦થી ૬૩૯ | ૫૮૫થી ૭૧૯ | ૧૦૪૦ થી ૧૨૭૯ |
| B+ | ૫૦% કે તેથી વધુ અને ૬૫% થી ઓછા | ૧૦૦થી ૧૨૯ | ૪૦૦થી ૫૧૯ | ૪૫૦થી ૫૮૪ | ૮૦૦ થી ૧૦૩૯ |
| B | ૩૫% કે તેથી વધુ અને ૫૦%થી ઓછા | ૭૦થી ૯૯ | ૨૮૦થી ૩૯૯ | ૩૧૫ થી ૪૪૯ | ૫૬૦થી ૭૯૯ |
| C | ૩૫%થી ઓછા | ૭૦થી ઓછા | ૨૮૦થી ઓછા | ૩૧૫થી ઓછા | ૫૬૦થી ઓછા |

★ ધોરણ ૬માં (અને ૭માં પણ) સંસ્કૃત વિષય મરજિયાત હોવાથી વર્ષાંતે ગ્રેડિંગ નક્કી કરતી વખતે આ વિષયના ગુણને ધ્યાનમાં લેવાના ન હોવાથી તેનો સમાવેશ કુલ ગુણમાં કરેલ નથી. આમ થવાથી ધોરણ ૬ના પણ કુલગુણ ૧૬૦૦ થશે.

૩૦. ધોરણ ૩ થી ૬ માં લેવાતી તમામ કસોટીઓમાં વર્ષાન્તે એકંદરે ઓછો B ગ્રેડ દરેક ફરજિયાત વિષયમાં મેળવનારને જ વર્ગ બઢતી આપવાની રહેશે.

૩૧. ધોરણ ૩ થી ૬ માં વાર્ષિક લેખિત પરીક્ષામાં બેસવા માટે કુલ કાર્ય દિવસોનાં ૮૦% હાજરી પરીક્ષાર્થી માટે અનિવાર્ય છે. પરંતુ કોઈ ખાસ કારણોસર હાજરીની ઘટ હોય અને અગાઉના ધોરણોમાં સારી શૈક્ષણિક કારકિર્દી ધરાવતાં વિદ્યાર્થીના કિસ્સામાં જે તે શાળાના આચાર્યશ્રી ઓછામાં ઓછા ૭૦% દિવસોની હાજરી હોય તો પણ વાર્ષિક પરીક્ષામાં બેસવાની છૂટ આપી શકશે.

૩૨. અનિવાર્ય સંજોગો સબબ કોઈ વિદ્યાર્થી વર્ષ દરમિયાન લેવાતી કુલ બે લેખિત કસોટીઓ પૈકી કોઈપણ એક લેખિત કસોટીમાં ઉપસ્થિત ન રહી શકે તો તેણે વર્ષ દરમિયાન જે ત્રણ કસોટીઓ (એક લેખિત + મૌખિક + ક્રિયાત્મક) આપી હોય તેના કુલ એકંદર ગુણના ઓછામાં ઓછા ૩૫% ગુણ તેણે દરેક ફરજિયાત વિષયમાં મેળવેલાં હોવા જોઈએ. આ પ્રકારના વિદ્યાર્થીઓએ વિષયવાર મેળવેલ ગુણને વર્ષાન્તે ગ્રેડમાં રૂપાંતર કરતી વખતે જો વિદ્યાર્થી C ગ્રેડમાં આવતો હોય તો પણ ખાસ કિસ્સા તરીકે તેને B ગ્રેડ આપી વર્ગ બઢતી આપવાની રહેશે.

૩૩. ધોરણ ૪ માં હિન્દી વિષય ફરજિયાત છે, તેથી પાસ થવા માટે તેમાં ઓછામાં ઓછો B ગ્રેડ મેળવવો જરૂરી છે.

૩૪. ધોરણ ૬-૭ માં સંસ્કૃત વિષય મરજિયાત છે. આ વિષયના ગુણ/ગ્રેડ વર્ગ બઢતી માટે ધ્યાને લેવાના નથી.

૩૫. ધોરણ ૧ થી ૭ નો અભ્યાસક્રમ ક્ષમતાકેન્દ્રી હોવાથી કોઈ વિદ્યાર્થીને એક જ શૈક્ષણિક વર્ષમાં એક સાથે બે ધોરણોમાં વર્ગ બઢતી મેળવી શકાશે નહિ.

૩૬. વર્ષ દરમિયાન કોઈ વિદ્યાર્થી અન્ય શાળામાંથી આવે ત્યારે તેની અગાઉની શાળામાંની હાજરી તથા લેવાયેલ કસોટીઓની વિગતો મેળવી તેની નોંધ પરિણામ પત્રકમાં કરવાની રહેશે. આ કસોટીમાં વિદ્યાર્થીએ મેળવેલ ગુણ બાકીની કસોટીઓને લાગુ પાડી કુલ મેળવેલ ગુણનો સરવાળો કરવો અને આ રીતે વર્ષાન્તે મેળવેલ ગુણને આધારે ઓછામાં ઓછા B ગ્રેડ મેળવનાર વિદ્યાર્થીને તે વર્ષે વર્ગ બઢતી આપવી.

★ ધોરણ ૭માં હાલ પુરતો ગ્રેડિંગ સિસ્ટમનો અમલ કરવાનો નથી. તેથી તેને લગતી મૂલ્યાંકન પ્રક્રિયામાં, પરિણામ પત્રકમાં અને માર્કશીટમાં ગુણ અને ગ્રેડ બન્નેનો ઉલ્લેખ કરવો.

★ પરિપત્રના સંદર્ભમાં જરૂરી જાણકારી માટે આપના જિલ્લામાં આવેલા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનનો સંપર્ક કરી માર્ગદર્શન મેળવવું.

---

## પરિશિષ્ટ-૧

જિલ્લા શિક્ષણ સમિતિ, જિલ્લો ..............................

પરિણામ પત્રક

ધોરણ : ૩-૪

(૨૦૦....../૨૦૦......)

શાળાનું નામ ..........................................................................

ગામ ........................................ તાલુકો ..........................................

ધોરણ ........................................ પરિણામ તારીખ ................................

વ. શિ. નું નામ ......................................સી.આર.સી. ...............................

### પરિણામની તારીજ

| જાતિ | રજિ. સંખ્યા | | | પરીક્ષામાં બેઠા | | | પાસ | | | નાપાસ | | | પરીક્ષા મુક્તિનો લાભ મેળવનાર વિ.ની સંખ્યા | | | નોંધ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | કુ. | ક. | કુલ | કુ. | ક. | કુલ | કુ. | ક. | કુલ | કુ. | ક. | કુલ | કુ. | ક. | કુલ | |
| અનુ. જાતિ | | | | | | | | | | | | | | | | |
| અનુ. જનજાતિ. | | | | | | | | | | | | | | | | |
| બક્ષીપંચ | | | | | | | | | | | | | | | | |
| અન્ય | | | | | | | | | | | | | | | | |
| કુલ | | | | | | | | | | | | | | | | |

ચકાસણી કરનાર : વર્ગશિક્ષક : આચાર્ય :

# સફળતાનો જ વિચાર કરો અને સફળતા પ્રાપ્ત કરો

('ઉજાસ'માંથી)
પટેલ હરેશભાઈ એમ. (M.A. M.Ed.)
આચાર્ય, શ્રીજી એજ્યુકેશન કૉલેજ (મહિલા)
મધવાસ તા. લુણાવાડા

તમારી સફળતાની ચાવી તમારી પાસે છે, અને તમારી પાસે નથી. તમારી પાસે એ રીતે છે કે માત્ર તમે જ એનો ઉપયોગ કરી શકો છો. તમારી સફળતા તમારાજ હાથમાં છે. અને તમારી પાસે એ રીતે નથી કે એ ચાવી તમારા મનના વલણોના અનેક પડદાઓ પાછળ ક્યાંક છુપાયેલી પડેલી છે. તમારે તે શોધી કાઢવાની છે.

સફળતાની આ ચાવી એટલે તમારી વિધાયક ઈચ્છાશક્તિ, will to win સફળતા મેળવવાની તીવ્ર ઈચ્છા.

મોટા ભાગના માણસોને તો સફળતા - નિષ્ફળતા જેવું કશું હોતું નથી. કોઈ ચોક્કસ હેતુ વિના રેલ્વેના ડબ્બામાં મુસાફરી કરતાં સાધુ બાવા જેવું એમનું જીવન હોય છે. પોતાને ક્યાં જવું છે. તેનો કોઈ ચોક્કસ ખ્યાલ તેમને હોતો નથી. જ્યાં કોઈ ઉતારી મૂકે ત્યાં ઉતરી જાય છે. અને ફરી જ્યારે ગાડીમાં ચડવાની સગવડ મળે ત્યારે ચડી જાય છે. જ્યાં ઓછી ગીરદી હોય, અને આગળ જવાની સગવડ જ્યાં મળી શકે તેમ હોય ત્યાં તેઓ ગોઠવાઈ જાય છે.

પરંતુ જે લોકોને કોઈ ચોક્કસ જગ્યાએ પહોંચવાની ઈચ્છા હોય તેમને માટે ત્યાં પહોંચવાનો રસ્તો રીત, સમય વગેરે જાણવું જરૂરી છે.

જે લોકો જીવનમાં સફળતા મેળવે છે તેમના મનમાં એનો સંપૂર્ણ નકશો પડેલો હોય છે. તેમના જાગ્રત મનને ઘણીવાર એની ખબર નથી હોતી પરંતુ અજાગ્રત મનમાં તેની નિશ્ચિત રેખાઓ અંકાયેલી હોય છે. સફળતા માટે દરેક વ્યક્તિની વ્યાખ્યા જુદી-જુદી હોય છે. એક રાજા જેને સફળતા માને છે તેને ફકીર કે ત્યાગી માણસ સફળતા માનતો નથી.

શેખસાદીની એક વાર્તા એવી છે કે એક શહેરમાં બે ભાઈઓ રહેતા હતા. એક ભાઈ રાજા ને ત્યાં નોકરી કરતો હતો. બીજો ભાઈ મહેનત મજૂરી કરતો હતો. રાજાની નોકરીમાં રહેનાર ભાઈ દિવસે-દિવસે ધનવાન બનતો ગયો. મહેનત મજૂરી કરનાર ગરીબ જ રહ્યો. એક દિવસ ધનવાન ભાઈએ પોતાના ગરીબ ભાઈને કહ્યું કે 'તુ રાજાની નોકરીમાં કેમ જોડાઈ જતો નથી ? તારી ઈચ્છા હોય તો તને નોકરીમાં દાખલ કરાવી દઉં. આવી ગરીબ સ્થિતિમાં રહેવાથી શો લાભ ?' ગરીબ ભાઈએ ઉત્તર આપ્યો. 'બીજાની નોકરી કરીને તેનાથી દબાયેલા રહેવાનું આપ કેમ પસંદ કરો છો. મારી જેમ મહેનત મજૂરી કરીને સ્વતંત્ર રીતે રોટી કેમ કમાઈ શકતા નથી ? આમ, સફળતા અને નિષ્ફળતા માટેની બંનેની વ્યાખ્યા જુદી હતી.

એટલે સફળતા મેળવવા ઈચ્છનાર વ્યક્તિએ સૌથી પહેલાં પોતાની સફળતા માટે સ્પષ્ટ ખ્યાલ મેળવી લેવો જોઈએ. અને ત્યારપછી એક ચિત્ત થઈને એ માર્ગે ચાલવાની કોશિશ કરવી જોઈએ.

સફળતા મેળવવા માટે દરેક વ્યક્તિ આ રીતે જ વિચારતી હોય છે. તેના વિચારો હંમેશા વિધાયક જ હોય છે. વિનાશક હોતા નથી. જ્યારે નિષ્ફળ માણસના મનમાં નિષ્ફળતાનો નકશો પહેલા તૈયાર થાય છે. અને નિષ્ફળ માણસ પહેલાં પોતાના મનમાં જ નિષ્ફળ બને છે.

સફળતા મેળવવા ઈચ્છનાર માણસ 'મુશ્કેલીઓ સામે નહીં પરંતુ મુશ્કેલીઓની આર-પાર નજર કરે છે. મુશ્કેલી જોઈને ડરી જવાના બદલે કે માત્ર તેની સામે જોઈ રહેવાના બદલે તેનું સાચુ માપ તે કાઢે છે કોઈપણ પ્રશ્નને તે પ્રશ્નના રૂપમાં નહીં. પરંતુ ઉકેલના રૂપમાં જુએ છે અને આખરે ગમે તેમ કરીને તેનો ઉકેલ શોધી કાઢે છે.

કોઈએ સાચું જ કહ્યું છે કે તમે હારવા તૈયાર હશો તો હારી જ જશો. અને જીતવા તૈયાર હશો તો જીતી જ જશો.

એટલે જે માણસે પોતાની ગાડી સીધા રસ્તે લઈ જવી હોય એણે સીધા રસ્તા ઉપર જ પોતાનું ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. એક વાત યાદ રાખવી જોઈએ કે જે સાયકલ ચલાવનાર ખાડા ઉપર જ પોતાની નજર નોંધી રાખે છે તે આખરે ખાડામાંજ ગબડે છે અને જે કોઈ રસ્તાના ખાડા ને કેવી રીતે પાર કરી શકાય તેનો વિચાર કરે છે તે જ તેને પાર કરી શકે છે.

# પ્રાથમિક શિક્ષણના પ્રારંભે માતૃભાષા

**હેમંત પટેલ**
**મોટી દેનાવાડ પ્રા. શાળા**
**તા. લુણાવાડા**

માતૃભાષા એટલે 'મા પાસેથી મળેલી ભાષા' એવો અર્થ પણ કરી શકીએ. અથવા જન્મભૂમિ (વતન) ક્ષેત્રમાં વસતા લોકો જે ભાષા દ્વારા પોતાનો વ્યવહાર ચલાવતા હોય તે માતૃભાષા. માતૃભાષા શિક્ષણનું માધ્યમ છે. તેમજ સામાજિક વ્યવહારનું પણ સાધન છે. જે જીવનપર્યત રોજબરોજના વ્યવહારમાં પણ ખૂબ જ અગત્યનો ભાગ ભજવે છે. બાળકથી માંડી વૃદ્ધ સુધી સૌને પોતાની લાગણીઓ, સંવેદના, કલ્પનાઓ વગેરેને વ્યક્ત કરવા ભાષા ખૂબ જ ઉપયોગી છે. એટલુ જરૂર કહી શકાય કે..... બાળકના જીવનઘડતરમાં માતા ના ધાવણ જેટલી જ માતૃભાષા બાળકના તંદુરસ્ત વિકાસ માટે મહત્ત્વની છે.

બાળક જે ભાષાના પર્યાવરણમાં રહેતું હોય છે. તે ભાષા બાળક માટે શીખવી આમ તો જરાય મુશ્કેલ નથી. જર્મન, ફ્રેંચ, અંગ્રેજી જેવી સાવ અજાણી ભાષા માટે પણ જો એવા પર્યાવરણમાં રહેવાનું થાય તો બાળક ઝડપભેર તે ભાષા પર પ્રભુત્વ મેળવી જ લે છે. પરંતુ માહિતીના જ્ઞાન માટે પ્રારંભિક તબક્કે માતૃભાષા જ સૌથી વધુ કાર્યક્ષમ નીવડે છે.

મોટેભાગે શાળાઓમાં પ્રવેશ પામતા બાળકો શરૂઆતમાં આસપાસના પર્યાવરણમાંથી, કૌટુંબિક વ્યવહારની આપ-લે દ્વારા પ્રાદેશિક બોલીથી બોલવા ટેવાયેલા હોય છે. તેથી તેઓ માન્ય શિષ્ટ ગુજરાતી ભાષા બોલવા-સાંભળવા ટેવાયેલા હોતા નથી. જેથી તેઓ શિષ્ટ ગુજરાતી ભાષા બોલતા-સાંભળતા-લખતા થાય એ હેતુસર શાળાકક્ષાએ શિક્ષકની સજાગતા અતિ આવશ્યક છે. શિક્ષકનું ભાવવાહી આર્દશ વાંચન સૌથી શ્રેષ્ઠ અને ઉત્તમ સાધન છે. જેનો ઉપયોગ શિક્ષકે વિષય-વસ્તુ શીખવતી વખતે તથા વાર્તા, ટુચકા, રમુજી પ્રસંગો, જોડકણા પસંદ કરી તેના દ્વારા બાળકો સમક્ષ યોગ્ય ભાવ આરોહ-અવરોહ સાથે માન્ય. શિષ્ટ વાંચન કરવું જરૂરી છે. બાળકો પણ માન્ય શિષ્ટ ગુજરાતી ભાષા બોલવા પ્રેરાય એવી પ્રવૃત્તિઓ, તેમજ વાતાવરણનું નિર્માણ કરવું જોઈએ. આજ રીતે મનમાં ઉદ્‌ભવતા વિચારો બાળક લેખિત સ્વરૂપે વ્યક્ત કરતી વખતે વિચારોને ક્રમબદ્ધ રીતે સરળ ભાષામાં રજુ કરે, શુદ્ધભાષાનો અને યોગ્ય વાક્યરચનાનો ઉપયોગ કરે, વિચારોને અનુલક્ષીને ફકરા પાડી શકે અને વ્યાકરણ શુદ્ધ વાક્યરચનાથી પોતાની માતૃભાષા સમૃદ્ધ બનાવે એ જરૂરી છે. પ્રારંભિક તબક્કે.....આમ બોલાયેલું સમજપૂર્વક સાંભળે, લખેલુ સમજપૂર્વક વાંચે, વિચારોને ક્રમબદ્ધ લેખિત સ્વરૂપે રજુ કરે, અને ભાષાતત્વ (વ્યાકરણ)નુ જ્ઞાન મેળવે તો માતૃભાષાના જ્ઞાનને જરૂર સમૃદ્ધ કરી શકાય.

પાયાનો અમુક તબક્કો પસાર કર્યા પછી માતૃભાષા સિવાય અન્ય ભાષામાં અભ્યાસ કરવો બાળક માટે કઠિન નથી હોતો. અન્ય ભાષામાં જ્ઞાન પ્રાપ્ત કરવા માટે માતૃભાષાની નક્કર પૂર્વભૂમિકા જરૂર ઉપકારક બનતી હોય છે. સર્વેક્ષણની દૃષ્ટિએ જોઈએ તો પણ... અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ મેળવનાર વિદ્યાર્થીઓ કરતા પણ ગુજરાતી માધ્યમમાં મેળવી શકતા હોય છે. તેમજ સરળતાથી સફળતાપૂર્વક પ્રગતિ સાધી શકતા હોય છે. જેઓ પાસે સ્પષ્ટ દૃષ્ટિ છે. તેઓ જરૂર પ્રારંભિક તબક્કે માતૃભાષા શિક્ષણને સુદૃઢ બનાવી ને જ અન્ય ભાષાના જ્ઞાન માટે પ્રબંધ કરતા હોય છે.

માતૃભાષા કેવળ શિક્ષણના હેતુસર જ ઉપયોગી છે. એમ માનવાની સાથે સાથે.......એ સંવેદના, બૌદ્ધિક, સંસ્કૃતિના જતન તેમજ સામાજિક ઘડતરની પ્રક્રિયા છે. માતૃભાષા બાળકના જીવનઘડતરમાં પાયાનું સ્થાન ધરાવતી હોવાને લીધે તેમાં મેળવેલુ અધકચરુ કે અણઘડ શિક્ષણ તેના સર્વાંગી વિકાસમાં આડખીલીરૂપ નીવડે છે.શિક્ષણની સમગ્ર પ્રક્રિયામાં માતૃભાષાનું શિક્ષણ ઈમારતની પાયાની ઈંટ સમાન છે. બીજા અર્થમાં કહીએ તો રાસાયણિક પ્રક્રિયામાં ઉદ્દીપકની મહત્તા જેટલુ જ....

# કેવી રીતે ઓળખીશુ પ્રતિભાશાળી બાળકોને !

પટેલ વિજયકુમાર મહેશભાઈ
મુ. ખોડાઆંબા
સંકેત વિદ્યાલય વિરણિયા

વ્યક્તિ જન્મથી મૃત્ય સુધી કંઈક ને કંઈક શીખતો રહેલો છે. અર્થાત્ એક વાર કંઈક મેળવ્યા, શીખ્યા કે જાણ્યા પછી તે પૂર્ણ થઈ જતો નથી. જ્ઞાન મેળવ્યા પછી અલ્પવિરામ જ આવે છે. અને આવા અલ્પવિરામોની સંખ્યા ખૂબ જ થાય ત્યારે તે પૂર્ણ વિદ્વાન બને છે. જીવનમાં કંઈને કંઈ શીખવા માટે અનુભવો પૂરતા નથી. જેમાં સ્વ-અભ્યાસ પણ જરૂરી છે. શિક્ષક બન્યા પછી બાળકોના મગજને ઓળખવા પૂરતી લાયકાત તો શિક્ષકમાં હોવી જ જોઈએ.

૪૭ વર્ષના એક શિક્ષકને જ્યારે પૂછવામાં આવ્યું કે આપના વર્ગમાં કોઈ પ્રતિભાશાળી બાળકો છે ? શિક્ષકે નિઃસ્વાર્થ જવાબ આપ્યો. આ બે આગળ છે, પેલો એક છેલ્લો બેઠો છે અને એક આજે નથી આવ્યો. આ ચાર ખૂબ જ હોશિયાર છે. પ્રશ્ન પૂછનાર વ્યક્તિ કે અધિકારી હોશિયાર વિદ્યાર્થી અને પ્રતિભાશાળી વિદ્યાર્થી વચ્ચે ખૂબ જ ભેદ છે એમ સમજે છે જ્યારે શિક્ષકને હોશિયાર વિદ્યાર્થીઓ પ્રતિભાશાળી છે એમ લાગે છે. તે અધિકારી અથવા વ્યક્તિએ આ વચ્ચેની ભેદ રેખા સમજાવતા ચોખવટ કરી કે બાળકનો સર્વાંગી વિકાસ જેમાં કેળવણી, વ્યવહારિક બુદ્ધિ, સામાન્ય બુદ્ધિ, વિવેક, સદ્‌ગુણો, હોશિયારી, નીડરતા જિજ્ઞાસાવૃત્તિ, સાચુ કે ખોટું સમજવાની બુદ્ધિ આ બધા ગુણોથી ભરપૂર વ્યક્તિ એટલે પ્રતિભાશાળી જેના માટે અંગ્રેજીમાં શબ્દ છે. "Genius" જ્યારે માત્ર ભણવામાં હોશિયાર અને શાળાના કે શિક્ષકના કામો કરતો વિદ્યાર્થી શિક્ષકના મતે હોશિયાર છે જેને અંગ્રેજીમાં "Clever" શબ્દ છે.

પ્રચલિત વાતોમાંની એક વાત એ છે કે પ્રતિભાશાળી બાળકો જન્મથી જ તેજસ્વી હોય છે. ચકોર હોય છે, બુદ્ધિશાળી હોય છે. આ બધાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ અભિમન્ય હોઈ શકે. બીજો તેનો આધાર તેની કેળવણી અને થયેલા ઉછેર પર છે. અને ત્યારબાદ બાળક જ્યારે શાળામાં ભણવા જાય ત્યારે શિક્ષક પણ તેની જવાબદારીનો ભાગ બને છે. બીજી અગત્યની વાત એ પણ છે જેમાં બાળકને શીખવાની કે જાણવાની ભૂખ હોવી જોઈએ. પારલે-જી ખવડાવવાથી કે કોમ્પ્લેન પીવડાવવાથી શારીરિક તંદુરસ્તી વધતી હશે તે અલગ-બાબત છે પણ બાળકને Genius બનાવવા યોગ્ય કેળવણી તો જરૂરી છે જ. બાળકની આશાઓ, ઈચ્છાઓ, જિજ્ઞાસાને દબાવી દેવાથી તેનો માનસિક વિકાસ રૂંધાય છે. સમદષ્ટિ રાખીને પ્રત્યેક બાળક પ્રત્યે યોગ્ય ધ્યાન રાખવામાં આવે તો "Every Children are Special" એ ઉક્તિ સાચી કરે.

ગીજુભાઈ બધેકા, વિનોબા ભાવે, ગાંધીજી, શ્રીમતી એની બેસન્ટ વગેરેએ કેળવણી દ્વારા થતા શિક્ષણની હિમાયત કરી હતી. આ વાત તે સમયે જેટલી જરૂરી હતી એટલી જ અત્યારે પણ જરૂરી છે.

વાલીઓ માટે પણ આ વાત તેટલી જ જરૂરી છે. ઘરમાં આવતા વ્યક્તિ કે મહેમાનને જોઈ બાળક તેનું સ્વાગત કરે આવકારે, ઘરની અસ્તવ્યસ્ત વસ્તુઓ યોગ્ય ઠેકાણે મૂકે. અને આ બધું કોઈની સલાહ-સૂચન વગર કરે તો સમજવું કે આપના બાળકમાં કેળવણીના પાયા નંખાઈ ચૂક્યા છે. પરંતુ કેળવણી થઈ ગઈ છે એમ માનવું એ ઉતાવળ છે. આને માત્ર શરૂઆત છે એમ ઓળખીશું તો ખ્યાલ આવશે કે ૨૧મી સદીએ હરિફાઈનો યુગ છે તેમાં "Genius" ની ઈચ્છા રાખવી હશે તો હજી ખૂબ જ મહેનતની જરૂર છે. તેના આ પ્રકારના વ્યવહારથી ખુશ થઈ તેને ધન્યવાદ પાઠવીશું. પણ કહીશું કે "It's not enough" and "Grow more" બાળકની જરૂરિયાતો પૂરી કરવામાં કચાશ ન રાખવી જોઈએ પરંતુ તે પહેલાં ધ્યાન એ રાખવું જોઈએ કે તે બધા માટે આપનો પુત્ર લાયક છે કે નહિ તે વિચારીને અમલમાં મૂકવું જોઈએ.

શિક્ષકો દ્વારા આવા બાળકોને શાળામાં ઓળખી કાઢવા ખૂબ જ સહેલા છે. જેમાં વધુ પ્રશ્નોત્તરી કરતા, ખૂબ જ સમજદાર અને વ્યાવહારિક બાબતોમાં કુશળતા ધરાવતા બાળકોને Genius માં અગ્રતાક્રમ આપી શકાય. આ ઉપરાંત શિક્ષણમાં અગ્ર, રહેણી-કરણી, વર્તન, મદદની ભાવના, સહકાર આ બાબતોને મુખ્ય ગણાવી શકાય. સામાન્ય રીતે પ્રતિભાશાળી બાળકોમાં ક્રોધ, ઈર્ષા, સ્વાર્થ, જૂઠાણું અને દેખાદેખી જેવી બાબતો નજીવી જોવા મળતી હોય છે.

આવા બાળકોમાં પ્રતિભા ખીલવવા તેને સહકાર આપવો જોઈએ. સામાન્ય રીતે આવા બાળકો સમજદાર હોવાથી શિક્ષકને પણ ગૂંચવણમાં મૂકી દે તેવા પ્રશ્નો કરતા હોય છે તેઓ કઈ પણ બાબત સ્વીકારતા પહેલા તેના મૂળ સુધી જવાના પ્રયત્નો કરતા હોય છે. શિક્ષક માટેના પડકાર સામે શિક્ષકે પણ આવા સમયે બુદ્ધિ સ્થિર રાખીને તેનું નિરાકરણ લાવવાના પ્રયત્નો કરવા જોઈએ. તેવા બાળકો સમક્ષ પાયાવિહોણી બાબતો રજૂ ન કરતાં દઢ અને નક્કર સાબિતી સાથે રજૂ કરવી જોઈએ. તેને અપમાન સૂચક શબ્દોથી ન સંબોધતા તેની પ્રગતિમાં મદદરૂપ થવુ જોઈએ. અપવાદને બાદ કરતાં બધા શિક્ષકો પણ પ્રતિભાશાળી નથી હોતા. પણ સમય સાથે તાલ મીલાવીને ચાલવા માટે શિક્ષકે પણ ૨૧મી સદી સાથે દોડવુ પડશે. અને પ્રતિભાશાળી બાળકોનું લશ્કર ઊભું કરવા માટે શિક્ષકે સેનાપતિ બનીને માર્ગદર્શન આપવુ જ રહ્યું.

# શબ્દકોશનો ઉપયોગ કેવી રીતે કરશો ?

**સતીષ પી. પ્રજાપતિ (એમ.એ.)**
**ભાદરોલી બુઝર્ગ, પ્રા. શાળા**
**તા. કાલોલ, જિ. પંચમહાલ**

‘શબ્દકોશ’ ભાષાશિક્ષણ માટે અગત્યનું પૂરક સાધન છે. ભાષાલેખનને શુદ્ધ બનાવવાનું પ્રથમ પગલું તે જોડણી શુદ્ધિ છે. જોડણીના શુદ્ધિકરણનું એક અનિવાર્ય અને આવશ્યક અંગ તે શબ્દકોશ તેના ઉપયોગથી આપણે સાચી જોડણી તથા શબ્દનો સાચો અર્થ જાણી શકીએ છીએ.

શબ્દકોશનો ઉપયોગ કેમ કરવો ? તે શિક્ષક જાણે અને બાળકને શીખવે તો તેને લગતી ક્ષમતાઓ સિદ્ધ થઈ શકે. શબ્દકોશનો ઉપયોગ કરતાં શીખવું તે એક ભાષાકીય કૌશલ્ય છે. આમાં શિક્ષક ભાઈ-બહેનો જેટલાં પ્રમાણમાં બાળકોના શિક્ષણની ગુણવત્તામાં વધારો કરી શકશે તેટલો થશે.

શબ્દકોશમાં શબ્દોની ગોઠવણી ક્રમિક નક્કી કરેલ કક્કાવારીને ધોરણે કરવામાં આવેલ છે. શબ્દકોશમાં પહેલા સ્વરથી, પછી વ્યંજનથી શરૂ થતા શબ્દો આવે છે.

ધોરણ-૩ થી ૭ ની ગુજરાતીમાં ‘નીચેના શબ્દોને શબ્દકોશમાં અથવા કક્કાવારી પ્રમાણે ક્રમમાં ગોઠવો ને લખો.’ જેવા પ્રશ્નો મૂકેલ છે.

ધોરણ-૫ની ગુજરાતીમાં પાઠ ૧૩ના ભાષા વિશેમાં કક્કાવારી મૂકેલ છે. ક્ષમતા ૩.૫.૫ કક્કાવારી પ્રમાણે ગોઠવો. પ્રશ્ન આવે છે. બીજા ઘણાં પાઠોમાં પણ આવે છે. તેથી શબ્દકોશ વાપરવાની તાલીમ બાળકોને ધોરણ-૫ની શરૂઆતથી જ આપવી જરૂરી બને છે.

૩.૬.૫ ક્ષમતા ધોરણ-૬માં પણ શબ્દકોશનો ઉપયોગ બાબત છે. અને ધોરણ-૭માં પણ ૩.૭.૬ ક્ષમતા શબ્દકોશ નો ઉપયોગ કરવા બાબત છે.

શબ્દકોશની સમજ આપતા પહેલા બાળકોને સ્વર, વ્યંજન અને બારાખડીનો ક્રમ બરાબર શીખવવો પડશે. આ ક્રમ આવડશે તો જ શબ્દકોશમાં કયો શબ્દ કયાં આવે તેની ચોક્કસ માહિતી બાળક મેળવી શકશે. નહિ તો શબ્દકોશના બધા શબ્દો બાળક વાંચવા-જોવા બેસે તો સમય અને શક્તિનો દુર્વ્યય થાય. બાળકને કંટાળો પણ આવે. એ માટે બાળકોને પ્રથમ નીચેનો ક્રમ બરાબર પાકો કરાવી દેવો પડે.

★ **સ્વરનો ક્રમ :**

અ, અં, આ, ઓ, ઇ, ઇં, ઈ, ઈં, ઉ, ઉં, ઊ, ઊં, ઋ, એ, એં, ઐ, ઐં, ઓ, ઓં, ઔ, ઔં.

**વ્યંજનનો ક્રમ બારાખડી સાથેનો**

ક, કં, કા, કાં, કિ, કિં, કી, કીં, કુ, કું, કૂ, કૂં, કૃ, કે, કેં, કૈ, કૈં, કો, કૌં, કૌ, કૌં તથા ક્ર, ક્રં, ક્રા, ક્રાં, ક્રિ, ક્રિં......ક્રૌ, ક્રૌં વગેરેને એ જ પ્રમાણે આગળના વ્યંજનોના દરેક ક્રમિક અક્ષરો.

શબ્દકોશમાં સ્વરમાં ક્રમમાં થોડો ફેરફાર છે, તે બાળકોને પહેલેથી જણાવી દેવું, જેથી ગૂંચાય નહિ.

'અં.' એ 'અઃ' ને ઔની પાછળ લેવાને બદલે 'અં'ને 'અ' પછી અને 'આં'ને 'આ' પછી લેવામાં આવે છે.

'ક્ષ' ને 'ક્ ષ' ના જોડાક્ષર તરીકે 'ક' સાથે 'જ્ઞ'ને 'જઞ' ના જોડાક્ષર તરીકે 'જ' સાથે. 'ત્ર' ને 'ત' સાથે અને ઊંધીમાત્રાવાળા 'ઍ', 'ઑ' જેવા સ્વરો, વ્યંજનોના ક્રમ 'એ', 'ઓ' સાથે લેવામાં આવેલ છે.

એજ રીતે દરેક વ્યંજનના જોડાક્ષરો, 'ઔં' ઉચ્ચારવાળા અક્ષરો પછી આવે છે. જેમ કે 'ક્યમ્' શબ્દ 'કૌંસ' પછી આવે. તેજ ક્રમે દરેક અક્ષરનો જોડાક્ષર આવે. તે પણ સ્પષ્ટ કરો.

શબ્દનો પહેલો અક્ષર જોઈને જુદા જુદા સ્વર-વ્યંજનોથી શરૂ થતા શબ્દો તો સ્વર-વ્યંજનનો ક્રમ બારાખડી સાથે વિચારતાં કક્કાવારી પ્રમાણે ગોઠવી દેવાય, પણ એક જ જાતના અક્ષરોથી શબ્દોની શરૂઆત થતી હોત દા.ત. વડલો, વહોરવા. વનસ્પતિ, વકીલ, ત્યારે તે શબ્દોની ગોઠવણી બીજા નંબરે આવતા અક્ષર પ્રમાણે કરવી પડે.

જે શબ્દોના પહેલાં બબ્બે અક્ષરો એક સરખા હોય. દા.ત. અમરત, અમદાવાદ, અમર્યાદા, ત્યારે ત્રીજા અક્ષર પ્રમાણે શબ્દોની ગોઠવણી કરવી પડે. તેમ જ આવી રીતમાં જરૂર પડે. ચોથા, પાંચમા અક્ષરો પ્રમાણે પણ શબ્દોની ગોઠવણી કરવી પડે.

શબ્દકોશમાં દરેક પાને મથાળે પાનાની ડાબી બાજુએ, પાનામાં સમાયેલ શબ્દોની શરૂઆતનો શબ્દ અને જમણી તરફ તે પાનાનો છેલ્લો શબ્દ આપેલો હોય છે. મથાળા પરના આ શબ્દો પર નજર નાખવાથી આપણને ખ્યાલ આવી જાય કે આપણે જે શબ્દ શોધવો છે. તે તે અક્ષરથી શરૂ થતો શબ્દ મથાળાના શબ્દો જોઈ, તેની આગળ કે પાછળ હશે તે જાણી શકીએ અને જોઈતો શબ્દ જલદી શોધી શકીએ.

શબ્દકોશમાં ક્રિ-ક્રિયાપદ, એ.વ.-એકવચન, બ.વ.-બહુવચન, વિ.-વિશેષણ, સ-સર્વનામ, સ્ત્રી-સ્ત્રીલિંગ, પું-પુંલિંગ, કૃદંત, પ્રયોગ, કાળ વળી બધાજ વિશેષણ નપુસંક લિંગમાં આપેલા હોય છે. પણ ધોરણ ૧ થી ૫ની ક્ષમતાઓમાં તેની જરૂર નહીવત્ જ છે.

વધુ વિગત અને ઊંડી જાણકારીવાળા મોટી શબ્દકોશોને 'જ્ઞાનકોશ, 'વિશ્વકોશ' કહે છે. નાનાકોશ અને ખિસ્સાકોશ પણ મળે છે. ટેલિફોન ડિરેક્ટરી અને રેલવેના સમય પત્રકના પુસ્તકો આ મુજબ બનેલ હોય છે.

## 'પ્રાર્થના-'જીવનસંગીતની ચાવી'

શ્રી ભીખાભાઈ એન. માછી
પ. ફ. હોંસેલાવ તા. શહેરા, જિ. પંચમહાલ

*"અસત્યો માંહેથી પ્રભુ પરમ સત્યે તું લઈ જા,*
*ઊંડા અંધારેથી પ્રભુ પરમ તે જે તું લઈ જા."*

હૃદયથી નીકળેલી સાચી શ્રદ્ધાયુક્ત પ્રાર્થનામાં બધુ જ પ્રાપ્ત કરવાની અગાધ શક્તિ પડેલી છે. નમ્રભાવથી ગદ્‌ગદિત થઈને અંતરના તાર ઝણઝણાવી કરાયેલી પ્રાર્થના ઉત્તમ અને ઉમદા પરિણામો આપે છે. કોઈક પ્રભુ પાસે હિંમત મેળવવા પ્રાર્થના કરે છે. કોઈ જીવનનો રસ્તો બતાવવા પ્રાર્થના કરે છે. તો કોઈ જીવન પથને અજવાળવાની પ્રાર્થના કરે છે. કોઈક વેર, ઝેર ને દૂર કરવાની પ્રાર્થના કરે છે. તો કોઈ માત્ર પ્રેમ માગે છે. કોઈ જીવનની બુરાઈથી બચવા પ્રાર્થના કરે છે. જીવનની પરોઢમાં, જીવનની શરૂઆતમાં પાંચમા વર્ષે, એક આહ્‌લાદક સવારે નાનકડી શાળાના પટાંગણમાં માત્ર શબ્દો થકી શ્રવણ કરેલી અનેક સમૂહ અવાજો દ્વારા કાન પર અથડાયેલ પ્રાર્થના આજે વર્ષોના વાણાં વાયાં પછી સ્મૃતિ-પટ પરથી ઉખાડી શકાય તેમ નથી. આ પ્રાર્થના કેટલી અસરકારક અને સરળતાથી સભર હશે.

માનવતા અને નિખાલસતાના ફૂલોની સુગંધથી મહેંકતી પ્રાર્થના અંતરના તારને સર્જનહાર સાથે સાંધી દે છે અને બહુ નિર્વિવાદ બાબત છે. આપણને પ્રશ્ન થાય કે પ્રાર્થનાથી પરિસ્થિતિ બદલાય છે. તો જવાબ 'નો' હોઈ શકે. પરંતુ પ્રાર્થનાથી માનવી-પલટાય છે. અને પછી એ માનવી પરિસ્થિતિને બદલાવે છે. એ હકીકત છે. જોડણી કોશ અનુસાર પ્રાર્થના એટલે અરજ પ્રાર્થના એટલે માગણી પ્રાર્થના એટલે ઉપાસના, પ્રાર્થના એટલે ઈશ્વર સ્તુતિ, પ્રાર્થના એટલે ભીતરમાં ડોકિયું કરવાની પ્રવૃત્તિ. પ્રાર્થના એટલે જીવનનો ધબકાર, પ્રાર્થના એટલે જીવનની હલચલ.

*"મેરે પિયા મેં કુછ નહીં જાનું, મેં તો*
*ગુપચુપ ચાહ રહી.'*

ચારે બાજુએથી મુશ્કેલીઓ ઘેરીવળે અને શ્રદ્ધા-ડગુમગુ થઈ જાય, નિરાશાની ગર્તામાં મન ડૂબી જાય, જીવનની ક્ષુદ્ર આધિ, વ્યાધિ અને ઉપાધિઓ થકી જીવન-સાગર છલકાઈ જાય, જીવનના બધા પાસા જ્યારે અવળા પડે, લૌકિક સંબંધોની નિરર્થકતા જ્યારે સમજાઈ જાય, ત્યારે જ પ્રાર્થનાની શક્તિ દ્વારા પ્રાર્થનાની ઊર્જા અને બળ દ્વારા વિજય અને સફળતા મેળવી શકાય છે. સમભાવ, સહનશીલતા, શાંતિ અને ધૈર્ય, સદ્ભાવ અને સમભાવ પ્રાપ્ત કરવા માટે પ્રાર્થનાની ઊર્જા જ કામ લાગે. જીવન પથ પર અજવાળુ પાથરવા જીવનના રસ્તાને પ્રકાશિત અને સરળ બનાવવા માટે, જીવન પથને ગૌરવ પથ બનાવવા માટે પ્રાર્થના રૂપી ઉર્જા જ ઉત્તમ પરિણામો આપે છે.

*"મૌનના ઝીણા ઝીણા સુરમાં વાગે છે, શબ્દોની વીણા,*
*બંધ આંખે એને સાંભળી રહુ, સાંભળી રહું કાનથી ભીના."*

પ્રાર્થના એટલે શું ? પ્રાર્થના એટલે ઉત્તમ ગુણો પ્રાપ્ત કરવાની માંગણીઓ પ્રાર્થના એટલે સંવેદના અને સંવાદિતા. પ્રાર્થના એટલે સહજતા અને સરળતાનો સરવાળો-પ્રાર્થના એટલે વેર અને ઝેરની બાદબાકી, પ્રાર્થના એટલે સદ્ગુણોનો ગુણાકાર અને દુર્ગુણોનો ભાગાકાર, આ બધુ જ જીવન સાથે જોડાયેલું છે. માટે જ પ્રાર્થના અને જીવન પરસ્પર ગાઢ સહકારથી સંકળાયેલા છે. પ્રાર્થના થકી જીવન પ્રગટે છે. અને જીવન થકી પ્રાર્થના થાય છે. પ્રાર્થના જીવનના ઊંડાણ સાથે સંબંધ ધરાવે છે. પ્રાર્થના જીવનના આંસુઓ સાથે સંબંધ ધરાવે છે. આંસુઓના નિર્મળ નીર થકી શિવનો કરતો અભિષેક શ્રેષ્ઠ પ્રાર્થના છે. પ્રાર્થના એ મનુષ્ય અને ઈશ્વરને જોડતો માર્ગ છે. પ્રાર્થના એ મનુષ્ય અને ઈશ્વરને જોડતો માર્ગ છે. પ્રાર્થના સામાન્ય માનવીથી માંડીને દુનિયાનો સૌથી ધનવાન માનવી કરી શકે છે. ત્યાં ઊચ નીચ, ગરીબ ધનવાન જેવી કોઈ ભેદભાવ હોતા નથી દરેક વ્યક્તિ વિના સંકોચે પ્રાર્થના કરી શકે છે. ઈશ્વર પાસે તો ધનવાન માનવી પણ યાચક બની ને જાય છે.

*"અંતર મમ વિકસિત કરો અંતર તર હે,*
*નિર્મક કરો ઉજ્જ્વલ કરો, સુંદર કરો હે"*

આપણે સર્વ શિક્ષકગણને જીંદગી સુધી પ્રાર્થનાનો સથવારો પ્રાપ્ત થયેલ છે. દરરોજ ૧૧-૦૦ કલાકે જે નિયમિત પ્રાર્થનાનો જીવનમંત્ર સાકાર થાય છે. અને સામે ભગવાનના પયગંબર એટલે કે ફૂલ જેવા બાળકો સાથે એક તક મળી છે. પ્રાર્થનાથી ફૂલોની સુગંધ વધે અને હર બાળક (ફૂલ) જગતમાં પ્રસરે એવો પ્રયોગ કરીએ. પ્રયત્ન કરીએ.

## ચાલો જાણીએ... GIET ને

**માછી રાજેશકુમાર એસ. (P.T.C.M.A.B.Ed.)**
**આ. શિ. પીપળીઆ (કાંકણપુર) પ્રા. શાળા,**
**તા. ગોધરા, જિ. પંચમહાલ**

ગુજરાત શૈક્ષણિક ટેકનોલોજી ભવન અમદાવાદ પ્રાથમિક શાળાના બાળકો અને શિક્ષકો માટે શૈક્ષણિક કાર્યક્રમોનું નિર્માણ કરે છે. સદર કાર્યક્રમો ડી.ડી. ૧ અને ગિરનાર પરથી સોમથી શુક્ર સવારના ૧૦.૦૦ થી ૧૦.૩૦ કલાકે અને BISAG દ્વારા ગુરૂવાર અને શુક્રવારના રોજ બપોરે ૧.૦૦ થી ૧.૩૦ કલાક દરમ્યાન પ્રસારિત કરવામાં આવે છે.

આ કાર્યક્રમોના નિર્માણ માટે મલ્ટી મિડિયા સ્ક્રીપ્ટ અંગેની તાલીમમાં તારીખ ૨૯-૧-૨૦૦૯ થી

૩૦-૧-૨૦૦૯ સુધી અંબાજી મુકામે જવાની તક મળી. ત્યાં તાલીમ વર્કશોપમાં ભાગ લીધા પછી ગુજરાત રાજ્ય શૈક્ષણિક ટેક્નોલોજી ભવન વિશે જાણકારી મળી. તે અન્વયે તેના વિશેની માહિતી અત્રે રજૂ કરેલ છે.

**સંસ્થાનું ધ્યેય :**

ગુજરાત શૈક્ષણિક ટેક્નોલોજી ભવન અને લક્ષિત વયજૂથના બાળકો અને શિક્ષકો માટે ગુણવત્તાવાળા શૈક્ષણિક ટેલીવિઝન અને રેડિયો કાર્યક્રમોનું નિર્માણ કરી તેમના શિક્ષણને ઉત્કૃષ્ટ અને મૂલ્યવાન બનાવવા તથા આ માટે પ્રોત્સાહન પુરુ પાડવાના ધ્યેય પ્રત્યે પ્રતિબદ્ધ છે.

**નાના પાયે શરૂઆત :**

સંસ્થાની સ્થાપના એપ્રિલ, ૧૯૮૪માં શૈક્ષણિક કાર્યક્રમ માટેના ઈનસેટ ઉપગ્રહ પ્રોજેક્ટ હેઠળ કરવામાં આવી હતી. આ સંસ્થાનું રજીસ્ટ્રેશન ૧૮૬૦ના રજીસ્ટ્રેશન ઓફ સોસાયટીઝ એક્ટ હેઠળ ૧૩મી ડીસેમ્બર, ૧૯૯૪ના રોજ એક સ્વાયત્ત સંસ્થા તરીકે થયેલું છે.

સંસ્થાની શરૂઆત નાના પાયે અમદાવાદ ખાતે પોલીટેકનીક હોસ્ટેલ બિલ્ડીંગમાં આવેલા એક કામચલાઉ સ્ટુડિયોમાં થઈ હતી. આ પછી સાધનસામગ્રીની ખરીદી સ્ટાફની ભરતી સ્ટાફને ટેકનીકલ તાલીમ અને બીજા અન્ય પ્રારંભિક પગલા લેવાયા હતા. એ પછી કાર્યક્રમોનું નિર્માણ ડિસેમ્બર ૧૯૮૫માં શરૂ થયું હતું. સંસ્થાએ આ પછી એના હાલના કાયમી સ્ટુડિયો બિલ્ડીંગમાં સ્થળાંતર કર્યુ હતું.

સ્ટુડિયો માટેની સાધનસામગ્રી સંસ્થાને ભારત સરકાર દ્વારા પૂરી પાડવામાં આવી હતી. સંસ્થાને સંપૂર્ણ વિકાસ CIET નવી દિલ્હી અને NCERT ના માર્ગદર્શન અને દોરવણીને આભારી છે. સંસ્થાને અંશતઃ ફંડ માનવ સંસાધન વિકાસ મંત્રાલય નવી દિલ્હી તરફથી અનુદાનના રૂપમાં મળે છે. જ્યારે સંસ્થાને મોટાભાગનું ફંડ ગુજરાત સરકાર તરફથી વર્ષ-૨૦૦૩-૦૪ થી મળે છે. સંસ્થાના વહીવટ ઉપર એકંદરે નિયંત્રણ ગુજરાત સરકારના શિક્ષણ વિભાગનું છે જ્યારે સંસ્થાની નીતિઓ તથા તેની સામાન્ય કામગીરીનું ધ્યાન રાખવાની જવાબદારી સંસ્થાનું નિયામક મંડળ અને કારોબારી સમિતિ સંભાળે છે.

**ઉદ્દેશો :**

- → ગુણવત્તા ધરાવતા રેડિયો અને ટેલીવિઝનના કાર્યક્રમોનું નિર્માણ કરવું તથા પ્રસારણ કરવું.
- → પ્રાથમિક શિક્ષણના સાર્વત્રીકરણને સહાયભૂત એવા કાર્યક્રમોનું નિર્માણ કરવું.
- → શૈક્ષણિક ટેક્નોલોજી અંગેની માહિતીનો પ્રસાર કરવો.
- → ઓડિયો અને વીડિયો કાર્યક્રમો માટે સ્ક્રીપ્ટ લખવા શિક્ષકોને તાલીમ આપવી.
- → વૈધિક અને અવૈધિક શિક્ષણની ગુણવત્તા સુધારવી.
- → શૈક્ષણિક ઓડિયો અને વીડિયો કાર્યક્રમોનું મૂલ્યાંકન કરવું. એના પર દેખરેખ રાખવી અને તેના વિશે અભિપ્રાય મેળવવા.
- → રેડિયો અને ટેલીવિઝન કાર્યક્રમોના પ્રસારણના સમયપત્રકો તેમજ સહાયક સાધન સામગ્રી તૈયાર કરવી અને તેનું પ્રકાશન કરવું. **(ક્રમશઃ)**

## નબળી શિક્ષણનીતિ માટે જવાબદાર કોણ ?

**પટેલ વિજયકુમાર મહેશભાઈ**
**મુ. ખોડાઆંબા તા. લુણાવાડા**
**સંકેત વિદ્યાલય વિરણીઆ**

વર્ષોથી વર્ષો શિક્ષણના પાયા પર ભાર મૂકાતો આવ્યો છે. શિક્ષણ સુધારવાના અનોખા નુસખા પણ અમલમાં મૂકવા પર ભાર મૂકાયો. બાળકો પરથી માંડીને શિક્ષણમંત્રી સુધી પ્રયોગો કરવામાં આવ્યા, છતાંય નોંધપાત્ર સફળતા મળી શકતી નથી, હા, કંઈક અંશે સુધારા પર જતુ દેખાયુ પણ ધારી સફળતા તરફ ન જઈ શકાયું તેનું કારણ શું હોઈ શકે ? આ તરફ વિચાર કરીએ તો કોણ જવાબદાર ગણી શકાય ?

ગુણવત્તા યુક્ત શિક્ષણ પર ભાર મૂકાયો, કેળવણી

પર ભાર મૂકાયો. ભાર વિનાનું ભણતર સર્વશિક્ષા અભિયાન જેવા પ્રયોગો થયા પણ શું ? આના માટે ડ્રોપ આઉટ રેટ, માઈગ્રેશન, બાળ મજૂરી, બાળવિવાહ, ગરીબી, નબળી તંદુરસ્તી, કન્યા શિક્ષણની અવગણના આ બધા તથા આ ઉપરાંત પણ જવાબદાર કોણ કોણ ?

થોડા સમય માટે Neutral થઈ વિચારીશુ તો ભાન થશે કે નબળી રાજનીતિ, પગારપંચ તરફ મીટ માંડીને બેઠેલો શિક્ષક ગણ, વાલીની નિષ્કાળજી વગેરે જવાબદાર ગણાવી શકાય. કદાચ આડકતરી રીતે વૈશ્વિક મંદી. આંતકવાદ, મોંઘવારી, આ પરિબળોનો પણ મજબૂત હાથ હોઈ શકે.

મારો વિષય રાજનીતિ પર કે શિક્ષણગણ પર ટીકા ટિપ્પણી કે સીધી કે આડકતરી રીતે આક્ષેપ મૂકવાનો નથી. પણ વિચારી જુઓ કે આ બધુ વિચારવાનું આપણે ભુલી તો નથી ગયા ને ?

દર પાંચ વર્ષે પોતાની ઓળખાણ બતાવતા ડફલી બજાવીને વોટ માગવા આવતા અને પછી ગાયબ થઈ જતા કાયદા, ફાયદા. અને વાયદામાં પ્રજાને ખરીદી લેતા રાજકારણનો ફાળો પણ નબળી શિક્ષણનીતિ માટે જવાબદાર છે ? પ્રજાને તેજાબી વાણીમાં ભાષણ કરી હિપ્નોટીઝમનો જાદુ કરીને પોતાના વશમાં કરનાર આ જાદુગરોનો પણ આમાં મોટો ફાળો છે, સમાજમાં બે વ્યક્તિના હાથ જોડવાને બદલે એક વ્યક્તિના બે હાથ જોડાવી તેને પાંગળો બનાવે છે. બે વ્યક્તિના માથા જોડવાને બદલે તોડવાની કોશિશ કરે છે. ત્યારે આ બધો પ્રભાવ સમાજ પર પડે છે અને મંદીની અસરની જેમ તેની અસર શિક્ષણ પર પણ પડે છે પોતાના નામે યોજનાઓ બહાર પાડીને નામ કમાવવા માટે આપણને આ બધુ ભુલાવીને તેઓ પ્રજાને તેમની પૂછડી પટપટાવતા કરી દે છે જેમાં સમાજનો આધારભૂત પાયો (શિક્ષણ) નબળા પડે છે પોતાનો કે પોતાની પાર્ટીનો વિજય ઇચ્છતા સમાજના આ ખૌફનાક ચહેરાઓ પર શિક્ષણ માટે કેટલો વિશ્વાસ મૂકી શકાય ?

બીજી વાત આવે શિક્ષકગણની કે જે પોતાના હક્કો માટે જ લડતો રહ્યો છે દા.તા. છઠ્ઠાપગાર પંચ અમારા હક છે, અને અમે તે મેળવીને જ રહીશુ તો માટે જેલ ભરો, માસ સી.એલ. કરવા તૈયાર છીએ પરંતુ આ બધામાં નિર્દોષ ભૂલકાઓના શિક્ષણનું શું ? એ વિચારવાનું ભૂલી જવાય છે. કદાચ આપણુ માનસિક સ્તર છઠ્ઠા પગારપંચ જેટલુ ઊંચુ નથી એમ સમજીને પણ રાજ્ય સરકાર આપણને આ સ્તરથી વંચિત રાખ્યા હતા, એમ માનવામાં ખોટુ નથી એટલે તો માત્ર આપણે હકો મેળવવા જ લડીએ છીએ ફરજોની સભાનતા માટે નહિ. આપણને પગારપંચનો હક મળ્યા પછી નવા પ્લોટની કે મકાનની ખરીદી, નેનો ખરીદવાનું અને વટથી રહેવાનુ આયોજન કરી લીધુ હશે. જે ખોટુ પણ નથી પરંતુ આ મળ્યા પછી આપણો વિચાર ત્યાં સુધી પણ પહોંચવો જોઈએ કે શુ હું આટલું વેતન લેવાનો હકદાર છું આટલુ મેળવ્યા પછી મારી જવાબદારી એટલી જ રહે છે ? જેટલી પહેલા હતી ? આ પગારનું સ્તર એ આપણી આર્થિક સ્થિતિ સુધારવા માટે તો હશે જ પણ આનાથી શૈક્ષણિક સ્તર ઊંચુ આવે એવી અપેક્ષા રાખવામાં આવી હશે. મેળવ્યાનો આનંદ મનાવ્યા પછી ગંભીર બની ફરજો પ્રત્યે સભાન બનવાનો સમય હવે પાકી ગયો છે.

આતંકવાદ સામે મૂંહતોડ જવાબ આપવા માટે આપણે બીજા દેશની પરવાનગી લેવી પડે છે. તેના આદેશ અને આધારની જરૂર પડે છે. બેસી જવુ પડે છે. આ બાબતોના પાયામાં નબળું શિક્ષણ અને તેનાથી વધતી ગરીબી બેકારી અને નબળી આર્થિક સ્થિતિ ન ગણાવી શકાય ? ઇઝરાયેલ તરફ એક નજર કરીએ તો ખબર પડે કે જે દેશે એકલે હાથે પોતાનો વિકાસ કર્યો છે. અને સ્વરક્ષણ પણ જાતે જ કરે છે. આપણે પોતાના રક્ષણ માટે બીજાને હુમલો કરતા રોકવાની વાત કરીએ છીએ. ત્યારે શિક્ષણના અભાવે વર્તાતી અસરોનો ત્યાં સ્પષ્ટ ખ્યાલ આવે છે આજે ભારતભરમાં પેદા થયેલ Genius students. 'NASA' માં અને વિદેશોમાં પોતાનું નામ રોશન કરી રહ્યા છે. ત્યારે એવા દેશો આવા Students ને આવકારી પોતાનું નેતૃત્વ મજબૂત કરી રહ્યા છે. આવા સમયે આપણે આપણી ફરજો પ્રત્યે સભાન બનીને આદર્શ ભારતીયના ઢાંચામાં ફીટ થવુ પડશે.

"We care our self' નું વિવેકાનંદનું સૂત્ર યાદ કરીશું અને કહીશું કે "We are not coward, we born for victory" યાદ રાખીશું અને શિયાળ બનીને સિંહના ભત્રીજા બનીને ઓળખાણ ન આપતા સાચા સિંહ બની સિંહ ગર્જના કરીશું તો આતંકવાદ, વૈશ્વિક મંદી, ગરીબી, બેકારીમાંથી નીકળી હિંદુસ્તાનને આગળ ધપાવવામાં આપણો પણ સિંહ ફાળો હશે. જેમાં આપણું શિક્ષણ પણ વિજળીના ૪૪૦ વોલ્ટ કરતાં વધુ Powerful બનશે અને વિશ્વમાં ખાંડાની ધાર જેવી Identity પેદા કરવામાં વધુ મહેનત નહિ કરવી પડે.

આ માટે જરૂર પડે છે શુદ્ધ રાજકારણ, ફરજો પ્રત્યે વફાદારી અને શિક્ષણને પોતાની સંપત્તિનો ભાગ સમજીને જતન કરીશું તો તેના વિકાસ માટે થઈ રહેલા પ્રયત્નોમાં પણ રામના સૈનિકોમાંની ખિસકોલી જેવું મહત્વ માટે આપણે ભાગીદાર થઈશું અને એ યાદ રાખતાં આગેકૂચ કરી દેશને ઉન્નત મસ્તક ચલાવવા બનતા પ્રયત્નો કરીશું.

## ગુણવત્તાવાળું કન્યાશિક્ષણ મિના કેમ્પેઈન કાર્યક્રમ અંતર્ગત

**શ્રી બિપીનચંદ્ર એમ. પટેલ**
**આ.શિ. વરીઆલ પ્રા. શાળા**
**પે. કેન્દ્ર દલવાડા, તા. શહેરા**

શાળા કક્ષાએ ગુણવત્તાવાળું કન્યા શિક્ષણ માટે આપણે શું કરી શકીએ ? જ્યાં સુધી સ્ત્રી / છોકરીને બરાબરનો દરજ્જો આપવામાં નહીં આવે તેના યોગદાનનું મૂલ્ય આંકવામાં નહીં આવે તથા સતત ઝડપથી બદલાતા જતાં વિકાસમાં સાધનો Technical & Skills થી માહિતગાર કરવામાં નહીં આવે ત્યાં સુધી દેશ / સમાજ / કુટુંબમાં વિકાસ અશક્ય છે.

દરેક બાળકને દરેક પ્રવૃત્તિમાં ભાગ લેવા માટે પ્રોત્સાહિત કરવું જોઈએ. છોકરાઓ અને છોકરીઓની રમત ક્યારેય અલગ ન હોવી જોઈએ.

દરેક બાળકને દરેક પ્રવૃત્તિ કરવા તથા દરેક સાધન સાથે રમવા અને દરેક પ્રકારના વિષયો સમાન રીતે ભણાવવા / ભણવા પ્રોત્સાહિત કરવું જોઈએ. કોઈ પણ પાઠ વંચાવવામાં આવે કે વાર્તા વાંચવામાં આવે અથવા કહેવામાં આવે ત્યારે વાર્તામાં કે પાઠમાં આવતા પાત્રોની અદલા-બદલી કરો.એટલે કે જ્યાં કુમાર હોય ત્યાં કન્યા મૂકો. દાખલાઓ તથા અન્ય ઉદાહરણો આપો ત્યારે કુમાર તથા કન્યાઓનું ઉદાહરણોમાં સમાન પ્રતિનિધિત્વ રાખવું. બને ત્યાં સુધી છોકરાઓ તથા છોકરીઓને જુદી લાઈનમાં ન બેસાડતા, સાથે બેસાડવા જોઈએ. વર્તુળાકાર બેઠક વ્યવસ્થા ઈચ્છનીય છે. છોકરીઓના સારા પહેરવેશ દેખાવ તથા દાગીનાની પ્રસંશા કરવાનું ટાળવું એની જગ્યાએ છોકરીઓના વિવિધ ગુણોને હંમેશા પ્રસંશિત કરી પ્રોત્સાહિત કરવા.

બાળાઓને કોઈ પણ વિષયનું પઠન-પાઠન અને અધ્યયન ૧૫ થી ૨૦ મિનિટથી વધારે કરવામાં આવે તો તે માનસિક તથા શારીરિક ભારણરૂપ બને છે. આથી ખાસ કરીને ધોરણ ૧ થી ૪ના બાળકોને ૧૫ થી ૨૦ મિનિટ પછી કોઈ હળવી રમત કે પ્રવૃત્તિ લગભગ ૫ થી ૧૦ મિનિટ કરાવવી અને પછી જ બીજા વિષય પર કે એ વિષય પર જવું. છોકરીઓ અને છોકરાના શારીરિક વિકાસ અને કૌશલ્યને ઓળખો એના ઉપર ખાસ ભાર આપો તથા બંનેને સમાન જ પ્રોત્સાહન પુરું પાડી. વાલીઓ છોકરા અને છોકરીઓને યોગ્ય કપડાં પહેરાવે તે રીતે પ્રોત્સાહિત કરવા. જેથી મેદાન પર છોકરાઓ અને છોકરીઓ રમવાની પ્રવૃત્તિ મુક્ત રીતે કરી શકે. મા-બાપને સમજાવો કે અમુક પ્રકારનાં કપડાં બાળકની શારીરિક તથા માનસિક વિકાસની પ્રક્રિયાને રૂંધે છે.

સ્ત્રી અને પુરુષોના પ્રણાલિકાગત અને બિન પ્રણાલીકાગત ફોટાઓ લટકાવો ખાસ ધ્યાન રાખો કે આમાં સમાનતાનો હેતુ બરાબર જળવાય. ખરેખર આપણે એવું ચિત્ર ઊભુ નથી કરવાનું કે મા એટલે ઘરકામ જ કરે. અને બાપ એટલે બહારનું જ કામ કરે. આપણે તો બંને વાલી (માતા-પિતા અથવા અન્ય) કોઈ પણ કામ કરી શકે છે. તે શીખવવાનું હોય છે આ

ઉપરાંત આ બંને એકબીજાના કામની દૃષ્ટિએ પૂરક છે. તેવું પણ ખાસ શીખવવવાનું હોય છે. બધા બાળકોને એમની પોતાની લાગણીઓને વ્યક્ત કરવાની પૂરી તક આપવી છોકરાઓને વાગે અને રડવું આવે તો છે. 'તું છોકરો છે.' તારાથી ન રડાય'' કહી નીચો ન પાડવો. જો છોકરીઓ ઊંચા સાદે બોલે કે વિરોધ દર્શાવે તો તેને ટોકવી કે રોકવી જોઈએ નહીં. દરેક બાળકને તે છોકરો હોય કે છોકરી તેને મુક્ત મને તેમના વિચારો અભિવ્યક્ત કરવાની તક આપો. એ ખાસ યાદ રાખવું કે આ પ્રક્રિયાથી બાળકોની એમાંય ખાસ કરીને કન્યાઓની મુક્ત અભિવ્યક્તિનું કૌશલ્ય ખીલે છે. બાળકોને દુઃખી કરતા હોય અથવા વ્યથિત કરતા હોય એવા પ્રસંગોને લાગણીઓને વ્યક્ત કરવા માટે વર્ણન કરવા માટે પૂરેપૂરો સમય આપો. દરેક બાળકને સમજવાની કોશિશ કરવી અને બાળકને એ પણ જણાવો કે એ જે કંઈ નુકશાનકારક પ્રવૃત્તિ કરી રહ્યો છે. તેનાથી બીજા બાળકને દુઃખ પહોંચે છે દરેક બાળકની સિદ્ધિને છોકરા કે છોકરીની સિદ્ધિ છે. તે રીતે ન જોતાં સમગ્રપણે જોવું જોઈએ. તથા કોઈ પણ જાતીનો ભેદભાવ રાખ્યા વગર છોકરા તથા છોકરી બંનેની સિદ્ધિનાં સરખા જ વખાણ કરવા જોઈએ. છોકરાંઓએ ખાસ શીખવો કે તેઓ વધુ શારીરિક તાકાત ધરાવતા નથી કે તેમને શારીરિક તાકાત બતાવવાની જરૂર નથી. છોકરીઓને સતત બતાવવું કે તેઓ નબળી નથી. પણ એ છોકરાઓ જેટલી જ શારીરિક તાકાત ધરાવે છે છોકરીઓ જે ઇચ્છે છે તે તેમને વ્યક્ત કરવા દો. છોકરીઓની શારીરિક તાકાતને પણ ઓળખો અને પ્રોત્સાહિત કરો. છોકરીઓને જે રીબીન બક્કલ નાંખે કે ફ્રોક પહેરે તેને વખાણવાને બદલે તેના ગુણને વખાણવા જોઈએ. જેથી માત્ર છોકરીના રૂપને જ જોવું એ વિચારસરણીને તોડી શકાય. કારણકે જ્યારે છોકરીઓના રૂપ કે બાહ્ય દેખાવને વખાણવામાં આવે છે. ત્યારે સમાજ તેને એક માનવ તરીકે જોવાની જગ્યાએ એક 'વસ્તુ' તરીકે જોવે છે જે બરાબર અને યોગ્ય નથી.

અહમ્-અહંકાર છોડી સૌના પ્રિયજન બની સ્નેહ, ઉદારતા, અહિંસા, સંયમ, સહિષ્ણુતા અને વિવેકના ગુણો વિકસાવીશું.

**સતીષ પી. પ્રજાપત (M.A.)**
**ભાદરોલી બુઝર્ગ પ્રા. શાળા**
**તા. કાલોલ**

## ક્યાંનું શું વખણાય ?

| | | | | | |
|---|---|---|---|---|---|
| → | અકીક | - | ખંભાત | → સૂડી-કાતર | - જામનગર |
| → | અથાણુ | - | અમદાવાદ | → હળવાસન | - ખંભાત |
| → | કેરી | - | વલસાડ | → ઘી | - જામખંભાળીયા |
| → | ગાય | - | કાંકરેજ | → ગોટા | - ડાકોર |
| → | ઘોડી | - | કાઠીયાવાડ, કચ્છ | → ઘઉં | - ભાલ |
| → | ચેવડો | - | વડોદરા | → ધારી | - સુરત |
| → | મકાઈ | - | દાહોદ | → ધોડિયાં | - સંખેડા |
| → | મરચુ | - | ભાવનગર | → ચવાણું | - નડિયાદ |
| → | જરીકામ | - | સુરત | → ભાજી | - ભરુચ |
| → | જીરૂ-વલિયારી | - | ઊંઝા | → મગદાળ | - સિદ્ધપુર |
| → | દાડમ | - | ધોળકા | → મીઠાઈ | - જામનગર |
| → | પપૈયુ | - | પાદરા | → જામફળ | - ધોળકા |
| → | બાંધણી | - | જામનગર | → તમાકુ | - ચરોતર |
| → | લાખકામ | - | ઈડર | → પટોળાં | - પાટણ |

→ પેંડા - થાન, શિહોર
→ ભેંસ - મહેસાણા
→ લાડુ - સિદ્ધપુર
→ સૂતરફેણી - ખંભાત
→ છરીચપ્પુ - અંજાર
→ તુવેર - ચરોતર

→ ભારતની - સંસ્કૃતિ
→ જાપાનની - સત્યતા
→ ચીનની - માનવ વસ્તી
→ ફ્રાન્સની - વૈભવવિલાસ
→ અમેરિકા - સમૃદ્ધિ અને તાકાત
→ ઈટાલીની - શિલ્પકલા
→ જર્મનીનું - વિજ્ઞાન

## કસોટી-૧

સંકલન : ડૉ. એ. વી. પટેલ
તંત્રી ડાયટ, સંતરામપુર

### બહુ વિકલ્પ ખાલી જગ્યા (Multi-option blanks)

**સૂચના : નીચે દર્શાવેલ કાલી જગ્યામાં યોગ્ય વિકલ્પ પસંદ કરીને વિકલ્પનો ક્રમ બાજુના ચોરસમાં દર્શાવો.**

(1) એક પુસ્તકની કિંમત રૂા. 80 છે. વેપારી ગ્રાહકને 30% કિંમત પર કમિશન આપે તો ગ્રાહકને પુસ્તકના રૂા. ........... આપવા પડે. (અ) 56 (બ) 110 (ક) 104

(2) રૂા. 600 નું ટેબલ રૂા. 750માં વેચતા ........... રૂા. નફો થાય.
(અ) 150 (બ) 25 (ક) 50

(3) 50 એ 10 નો ........... છે. (અ) અવયવ (બ) અવયવી (ક) બેમાંથી એકેય નહિ.

(4) વિશિષ્ટ સંખ્યા ........... છે. (અ) 0 (બ) 1 (ક) 3

5. $\frac{5}{8} - 7 =$ ........... (અ) $\frac{40}{7}$ (બ) $-\frac{51}{8}$ (ક) $\frac{8}{51}$

6. 3.5 માં ........... ઉમેરતા 4.005 મળે. (અ) 1.5 (બ) 1.05 (ક) 0.505

7. $8.5 \div 100 =$ .......... (અ) 8500 (બ) 0.085 (ક) 0.85

8. ભાગાકારમાં મળતું મૂલ્ય 0.234234 .......... હોય તો તેને ટુંકમાં ........ વડે દર્શાવાય (અ) (0.234) (બ) 0.234) (ક) 0.234

9. જો (–1) અને y = 3 હોય તો $X^3 - X^3Y^3 + Y^3$ ની કિંમત .......... થાય.
(અ) 53 (બ) –1 (ક) 40

10. $(X^{11} \div X^9) \times x6 =$ .......... (અ) $X^8$ (બ) $X^2$ (ક) $X^0$

11. $\left(\frac{1}{2}\right)^5 \times 4^5 \div 2^7 =$ ........ (અ) 4 (બ) $\frac{1}{4}$ (ક) 2

12. $1.\frac{9}{16}$ નું વર્ગમુળ ........ (અ) $1.\frac{1}{4}$ (બ) $1.\frac{3}{4}$ (ક) $\frac{3}{4}$

13. $\sqrt{0.000049} =$ ......... (અ) 0.007 (બ) 0.07 (ક) 7

14. 12 – [12 + 2 {12–(4+3)}] = ........... (અ) 10 (બ) –10 (ક) 22

15. $(-7xy) \times (-3x^2) =$ ........ (અ) $-21x^2y$ (બ) $21x^3y$ (ક) $10xy^3$

16. છેદમાં 24 હોય તો $\frac{3}{8}$ નો સમ અપૂર્ણાંક ........... છે. (અ) $\frac{9}{24}$ (બ) $\frac{24}{9}$ (ક) $\frac{3}{24}$

17. 63 નો ઘન કરવાથી મળતી સંખ્યાનો એકમનો અંક ......... છે. (9) (બ) 7 (ક) 6

18. $\frac{9}{2} - x = 7$ માં x ની કિંમત ......... છે. (અ) $\frac{2}{5}$ (બ) $-\frac{5}{2}$ (ક) $\frac{23}{2}$

19. એક સંખ્યામાંથી તે સંખ્યાનો ત્રીજો ભાગ બાદ કરતાં 12 મળે તો તે સંખ્યા ............ હોય. (અ) 18 (બ) 12 (ક) 36

20. $\frac{23}{16}$ એ ........... અપૂર્ણાંક છે. (અ) શુદ્ધ (બ) અશુદ્ધ (ક) મિશ્ર

21. 4, 8 અને 12 નો ગુ.સા.અ. ........... છે. (અ) 4 (બ) –100 (ક) 12

22. 0.2 ÷ 0.0002 = ............ (અ) 10 (બ) 4 (ક) 1000

23. 2 વર્ષ અને 8 માસનો ગુણોત્તર ........... થાય. (અ) $\frac{1}{4}$ (બ) $\frac{1}{3}$ (ક) $\frac{3}{1}$

24. નીચેનામાંથી .......... સંખ્યા પૂર્ણવર્ગ છે. (અ) 3457 (બ) 2525 (ક) 1225

25. $\Delta ABC$ અને $\Delta XYZ$ માં $\angle B \cong \angle Z, BC \cong ZX$ અને $\angle C \cong \angle X$ હોય તો $\Delta ABC \leftrightarrow$ .......... થાય. (અ) $\Delta XYZ$ (બ) $\Delta YZX$ (ક) $\Delta ZXY$

26. 21 સે.મી. ત્રિજ્યાવાળા વર્તુળનું ક્ષેત્રફળ = ............
(અ) 66 ચો.સેમી (બ) 1386 ચો.સેમી. (ક) 441 ચો.સે.મી.

27. એક સમઘનનું ઘનફળ 8 ઘન સે.મી. છે. આ સમઘનની બાજુઓ કરતાં ત્રણ ગણા માપની બાજુવાળા સમઘનનું ઘનફળ ............. ઘન સે.મી. થાય. (અ) 8 ઘન સે.મી. (બ) 216 ઘન સે.મી. (ક) 64 ઘન સે.મી.

28. એક લંબચોરસની લંબાઈ 3.5 મીટર અને પહોળાઈ 1.5 મીટર છ. તો તેની પરિમિતી .......... મીટર થાય. (અ) 10 (બ) 5 (ક) 8

29. એક લંબઘનની લંબાઈ 10 સે.મી. પહોળાઈ 10 સે.મી. અને ઊંચાઈ 8 સે.મી. છે. તો તેનું ઘનફળ ........... ઘનમીટર થાય. (અ) 0.08 (બ) 0.008 (ક) 0.0008

30. 6 સે.મી. બાજુવાળા ચોરસની પરિમિતિ .......... સે.મી. થાય.
(અ) 6 (બ) 12 (ક) 24

## કસોટી-૨

### નિર્વિકલ્પ ખાલી જગ્યા (No-option blanks)

**સૂચના : નીચેનું પ્રત્યેક વિધાન સાચુ બને તે રીતે ખાલી જગ્યા પૂરો.**

1. રૂા. 600 નું 16% લેખે $1\frac{1}{2}$ વર્ષનું સાદુવ્યાજ રૂા. ......... થાય.
2. એક વેપારીને દલાલ મારફત એક જૂની વિદ્યુત મોટર રૂા. 1800 માં ખરીદી જો દલાલને 3% દલાલી આપવાની હોય તો વેપારીને મોટર ........... રૂા.માં પડે.
3. રૂા. 80 માં ખરીદેલી ખુરશી 15% ખોટ ખાઈને વેચવી પડે તો તે ખુરશીના રૂા. ............. ઉપજે.
4. 5 કલાકમાં $\frac{1}{8}$ ભાગનું કામ કરી શકતું હોય તો કામનો દર = ..........

5. 18, 19, 20, 32, 53 અને 38 ની સરાસરી ............ થાય.
6. (165 + 180 − 3 × 4) નું સાદુરૂપ આપતા સૌથી પહેલાં .......... ક્રિયા કરીશું.
7. 18 + 13 = 234 ∴ 0.234 ÷ 0.13 = ...........
8. (–4) × 11 = (–44) આ ઉદાહરણ પૂર્ણાંક સંખ્યાના ગુણાકારનો .......... ગુણધર્મ સ્પષ્ટ કરે છે.
9. 1 ÷ 0.073 = ..........
10. 0.0015 ÷ 0.3 = ..........
11. (2.3 × 1.8) + 9.008 = ..........
12. $7\frac{1}{8} - 2\frac{2}{4} =$ ............
13. 2 રૂપિયા અને 50 પૈસાનો ગુણોત્તર ............. છે.
14. જે સંખ્યાને 1 અને તે સંખ્યા પોતે એમ માત્ર બેજ અવયવો હોય તે સંખ્યાને ........... સંખ્યા કહે.
15. બે કે તેથી વધુ અવિભાજ્ય સંખ્યાઓના ગુ.સા.અ. ............ હોય.
16. 5 એકમ ધરાવતી કોઈપણ સંખ્યાનો વર્ગ કરવાથી મળતી સંખ્યાને છેલ્લા બે અંકની સંખ્યા ............. જ હોય.
17. $(-2)^3 \times (-3)^4 \div 2^4 =$
18. x = (–3) હોય તો $2x^3 - 3x =$
19. $2^3 \times 2^7 \div 2 =$
20. $(2^6 \times (2^3)^2) \div 2^{-10} =$
21. $\left[-\frac{3}{7}\right]^7 \div \left[-\frac{3}{7}\right]^2 =$
22. 8 ની $\frac{2}{3}$ ઘાત કરતાં ........... સંખ્યા મળે.
23. $(80 - 1)^2 =$
24. 4x + 3 અને x + 5 નો સરવાળો ........... મળે.
25. 2x + 3 {2 – (2x – 3)} = ...........
26. $\frac{x}{3} + 2 = 2$ તેથી x = ...........
27. સમાંતરબાજુ ચતુષ્કોણ ABCD માટે AB = 4 સે.મી. અને BC = 3 સે.મી. તો ABCD ની પરિમિતિ = ............
28. 1 મીટર લંબાઈના ખાદીના ચોરસ કાપડમાંથી 25 સે.મી. લંબાઈના ............ ચોરસ રૂમાલ બને.
29. 7 સે.મી. વ્યાસવાળા વર્તુળમાં પરીઘનું માપ ............ થાય.
30. $\overrightarrow{AB}$ અને $\overrightarrow{AC}$ ભૂજથી બનતો ખૂણો ............ છે.

## કસોટી-૩

### ખરા ખોટા વિધાનો (True-False-Sentences)

**સૂચના : નીચે આપેલાં વિધાનોમાંથી સાચા વિધાનની સામે (✓) ની નિશાની કરો. અને ખોટા વિધાન સામે (✗) ની નિશાની કરો. ખોટા વિધાનો સુધારી ફરીથી લખો.**

1. 'માનાંક ઋણ સત્તર' એ સાત કરતાં મોટી સંખ્યા છે.

2. $4.75 \times 8 = 38 \quad \therefore 4.750 \times 8 = 3.8$

3. $a = \frac{1}{7}$ હોય તો $(-a) < 0$

4. $| X - 2 | = 3$ હોય તો $X = 5$ અથવા (1)

5. ભાજંક સંખ્યા 19 હોય તો મોટામાં મોટી શેષ 20 હોય શકે.

6. (−3 નો ધન (−27) થાય અને (−4) નો વર્ગ (−16) થાય.

7. વ્યસ્ત પ્રમાણમાં પહેલુ પદ x ત્રીજું પદ = બીજુ પદ x ચોથુપદ

8. $r(\pi + 2)$ સૂત્રના ઉપયોગથી અર્ધવર્તુળાકાર બંધ આકૃતિની પરિમિતિ શોધી શકાય.

## કસોટી-૪

### યુગ્મ પ્રશ્નો (Match A with B)

**સૂચના : નીચે A વિભાગમા ંઆપેલ વિગતની બાજુમાં દર્શાવેલ ચોરસમાં તે વિગતને લાગુ પડતી બાબત B વિભાગમાંથી શોધી તેનો ક્રમ દર્શક અંક વચ્ચેના ચોરસમાં લખો.**

| વિભાગ-A | | વિભાગ-B |
|---|---|---|
| 1. સમઘનનું પૃષ્ઠફળ | | 1. $(\text{બાજુ})^3$ |
| 2. લંબઘનનું પૃષ્ઠફળ | | 2. લંબાઈ × પહોળાઈ × ઉંચાઈ |
| 3. ઓરડાની ચાર દિવાલોનું કુલ પૃષ્ઠફળ | | 3. લંબાઈ × પહોળાઈ |
| 4. ઓરડાના ભોયતળિયાનું ક્ષેત્રફળ | | 4. 2 × ઉંચાઈ (લંબાઈ + પહોળાઈ) |
| 5. સમઘનનું ઘનફળ | | 5. 6 (બાજુની લંબાઈ)2 |
| 6. લંબઘનનું ઘનફળ | | 6. 2(લં. × પ. + લં × ઊ + પ. × ઊ) |
| 7. નળાકારનું ઘનફળ | | 7. વર્તુળનું ક્ષેત્રફળ × ઊંચાઈ |
| 8. નળાકારની વક્રસપાટીનું ક્ષેત્રફળ | | 8. પરીઘ × ઊંચાઈ |
| 9. વર્તુળનો પરીઘ | | 9. 2 × પાઈ × ત્રિજ્યા |
| 10. વર્તુળનું ક્ષેત્રફળ | | 10. પાઈ × ત્રિજ્યાનો વર્ગ |
| | | 11. $(\text{બાજુ})^2$ |
| | | 12. $(\text{પાઈ})^2$ × ત્રિજ્યા |
| | | 13. લંબાઈ × ઊંચાઈ |
| | | 14. પહોલાઈ × પરીઘ |
| | | 15. $(\text{લંબાઈ})^2$ |

## કસોટી-૫

### ચિન્હનો ઉપયોગ (Use of Symbol)

**સૂચના : ખાલી જગ્યામાં ,>, < કે = માંથી યોગ્ય સંકેત પસંદ કરી વિધાન સાચું બનવો**

1. $x < 3$ તો $x + y$ .......... $y + 2$
2. $a > b$ અને $c < 0$ હોયતો $ac$ .............. $bc$
3. a એ 6 કરતાં નાની ન હોય તો a ............. 6 અથવા a .............. 6
4. $a = (-2)$ હોય તો (-4) ............... 0
5. $(-7)$ ............... $(-5)$
6. $3\frac{1}{7}$ .............. $\frac{22}{7}$
7. $(-5)$ ............ $\left(-\frac{15}{3}\right)$
8. $\frac{2\times(-1)\times(-3)}{4}$ ................ $\frac{(-2)\times1\times3}{4}$

## કસોટી-૬

### Syllogistic reasoning test in Mathematics (SRTM)

### ગણિતની અનુમાનયુક્ત તર્ક કસોટી

**સૂચના : નીચેના ઉદાહરણનો અભ્યાસ કરી કસોટી 7ના પ્રશ્નોના જવાબ લખો.**

આ કસોટીમાં બે વિધાન (Premises) $P_1$ અને $P_2$ આપેલાં છે. $P_1$ એ મુખ્ય વિધાન છે અને $P_2$ ગૌણ વિધાન છે. તેમની સામે અનુમાન યુક્ત વિધાનો (a) અને (b) છે. $P_1$ અને $P_2$ ના આધારે આ અનુમાનયુક્ત વિધાનો પૈકી બંને સાચાં છે, એક સાચું છે ? કે એકેય સાચું નથી તે તમારે નક્કી કરવાનું છે.

અહીં તમારે તમારી અનુમાન શક્તિનો ઉપયોગ કરવાનો છે. તે પહેલાં અનુમાન કરી ઉત્તર શોધવાની અને લખવાની રીત જાણવી જોઈએ. ચાલો, એક ઉદાહરણ લઈએ.

ઉદા. $P_1 : a + b = c+d$ (a) $b = d$ ☐

$P_2 : a = c$ (b) $a > d$ ☐

અહીં અનુમાનયુક્ત વિધાન (a) સાચું છે. જ્યારે વિધાન (b) સાચુ નથી. માટે તમારા ઉત્તરપત્રકમાં (a) સામેના ☐ માં ✓ ચિન્હ કરો અને (b) સામેના ☐ માં ✗ ચિન્હ કરો.

હવે નીચેના ઉદાહરણ માટેનો ઉત્તર તમે શોધી શકશો.

ઉદા. $P_1$ : A, B અને C ભિન્ન બિંદુઓ છે. (a) b = d ☐

$P_2$ : ત્રણેય બિંદુઓ | રેખા પર છે. (b) A, B અને C સમરેખ બિંદુઓ છે. ☐

ઉત્તર લખી રહ્યા, અનુમાનયુક્ત વિધાન (a) સાચું છે, વિધાન (b) પણ સાચું છે. માટે તેમની સામેના બંને ☐ માં ✓ કર્યું છે ? ચકાસો.

જો બંને અનુમાનયુક્ત વિધાન સાચાં ન હોય તો સામેના બંને ☐ માં ✕ કરો

એક વાત યાદ રાખો કે તમે જે વિધાન માટે ચોક્કસ ન હો, તેની સામેના ☐ માં કોઈ ચિન્હ ન કરશો.

સૂચના : આ એક ગાણિતીક તર્ક કસોટી છે. તે તમારા અભ્યાસ ક્રમની વિષય વસ્તુ પર આધારિત છે. અહીં કોઈ બહુ મોટી ગણતરી કરવાની નથી. છતાંય જરૂર પડે તો અલગ કાગળ વાપરી શકો છો.

દરેક પ્રશ્નમાં બે વિધાનો $P_1$, $P_2$ આપેલ છે. તે વિધાનોમાંથી કોઈને કોઈ અનુમાન કરી શકાય તેમ છે. આ એરીસ્ટોયલીયન તર્ક છે. અહીં દરેક પ્રશ્ન સામે અનુમાનયુક્ત વિધાનો આપેલાં છે. તે પૈકી કયું અનુમાન સાચું છે તે નક્કી કરી (✓) ચિન્હ કરવાનુ છે. આમ કસોટી ગણિત લબ્ધિ કસોટી છે.

## કસોટી-૭

### ગણિતની અનુમાન યુક્ત તર્ક કસોટી

1. P1 : (a+b (p+q)
   P2 : a = 1 b = 2
   p = 3 q = 4
   (a) (a + b) (p + q) = 21
   (b) ap + bq = aq + bq

2. $P_1 \sqrt{a^2} \times \sqrt{b^2}$
   $P_2$ : a + 2, b = 3
   (a) $P_1 \sqrt{(ab)^2} = 6$
   (b) $\sqrt{a^2} \neq \sqrt{b^2}$

3. $P_1$ : $(ab)^2 = a^2 + b^2$
   $P_2$ : a = 2b = 3
   (a) $(ab)^2 = 36$
   (b) $a^2 + 3 = b^2 - 2$

4. $P_1$ : $m\angle A = 2x$, $m\angle A = 3x$
   $m\angle C = 5x$
   P2 : x = 18
   (a) $m\angle B = 54$
   (b) $m\angle A + m\angle B = m\angle C$

5. $P_1$ : લંબચોરસની પરિમિતિ
   $P_2$ : $\ell$ 3, b = 3
   (a) $1 = \frac{16 - 2b}{2}$
   (B) b – | = 1

6. $P_1$ : 10- રૂા. મુદ્દલ, મુદત = 1 વર્ષ
   $P_2$ 120 રૂા. વ્યાજ મુદ્દલ,
   (a) વ્યાજ = 20 રૂા.
   (b) વ્યાજનો દર = 10%

7. $P_1$ : $x^2y^2$
   $P_2$ x = 2, y = 2
   (a) $x^2y^2 = 16$
   (b) $x^2 = y^2$

8. $P_1$ : $2x^3 - y^3 + xy - xz$
   $P_2$ : x = 1, y = (–2), z = 0
   (a) $2x^3 - y^3 + xy - xz = 4$
   (b) $2x^3 - y^3 = xy - xz$

### ગુણાંકન ચાવી

# ગણિત સામર્થ્ય કસોટી

### (અંતિમ સ્વરૂપ)

**કસોટી-૧ એમ.એલ.એલ. અભિગમ અંતર્ગત પ્રશ્નો**

જ-1. લઘુત્તમ અધ્યયન કક્ષા
જ-2. ઈ.સ. 1995
જ-3. ક્ષમતા
જ-4. ઓછામાં ઓછું
જ-5. 80 ટકા વિદ્યાર્થીઓ 75 ટકા સિદ્ધિ મેળવો.
જ-6. રાષ્ટ્રિય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ
જ-7. ગુજરાત રાજ્ય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ
જ-8. રાષ્ટ્રીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થા
જ-9. જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
જ-10. તાલુકા સંશાધન કેન્દ્ર
જ-11. જૂથ સંશાધન કેન્દ્ર

**કસોટી-૨ બહુ વિકલ્પ ખાલી જગ્યાઓ.**

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| (1) અ | (2) અ | (3) બ | (4) બ | (5) બ | (6) ક | (7) બ | (8) ક |
| (9) અ | (10) અ | (11) બ | (12) અ | (13) અ | (14) બ | (15) બ | (16) અ |
| (17) બ | (18) બ | (19) અ | (20) બ | (21) અ | (22) ક | (23) ક | (24) ક |
| (25) બ | (26) બ | (27) બ | (28) અ | (29) ક | (30 ક | | |

**કસોટી-૩ નિર્વિકલ્પ ખાલી જગ્યા**

| | | | | |
|---|---|---|---|---|
| (1) 144 | (2) 1854 | (3) 68 | (4) 1/40 | (5) 30 |
| (6) ગુણાકાર | (7) 1.8 | (8) સંવૃતતા | (9) 13.69 | (10) 0.005 |
| (11) 13.148 | (12) 61/12 | (13) 4:1 | (14) અવિભાજ્ય | (15) 1 |
| (16) 25 | (17) –81/1 | (18) –45 | (19) 29 = 512 | (20) 222 |
| (21) $\|-3/7\|^5$ | (22) 4 | (23) 6241 | (24) () | (25) 15-4x |
| (26) x = 0 | (27) 14 | (28) 16 | (29) 22 | (30 BAC / CAB |

**કસોટી-૪ ખરા-ખોટા વિધાનો.**

(1) ખરુ (2) ખોટું – 4 4.75 × 8 = 38 (3) ખરું (4) ખરું (5) ખોટું – શેષ 19 કરતાં નાની હોય (6) ખોટું (–4)નો વર્ગ 16 થાય. (7) ખોટું – વ્યસ્ત પ્રમાણમાં પ્ર. પ. × બી. પ. = ત્રી. પ. × ચો. પ. (8) ખરુ

**કસોટી-૫ જોડકા જોડો :**

1 → 5, 2 → 6, 3 → 4, 4 → 3, 5 → 1

6 → 2, 7 → 7, 8 → 8, 9 → 9, 10 → 10

**કસોટી-૬ ચિન્હોનો ઉપયોગ**

| | | | |
|---|---|---|---|
| 1 → <, | 2 → <, | 3 → > અને =, | 4 → >, |
| 5 → < | 6 → =, | 7 → =, | 8 → >, |

**કસોટી-૭. તર્ક કસોટી**

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1 | (a) → ✓ | 2 | (a) → ✗ | 3 | (a) → ✓ |
| | (b) → ✗ | | (b) → ✓ | | (b) → ✓ |
| 4 | (a) → ✓ | 5 | (a) → ✗ | 6 | (a) → ✓ |
| | (b) → ✓ | | (b) → ✗ | | (b) → ✗ |
| 7 | (a) → ✓ | 8 | (a) → ✗ | | |
| | (b) → ✓ | | (b) → ✗ | | |

# બહુશ્રેણીય શાળામાં કરેલા પ્રત્યક્ષ શિક્ષણકાર્ય દરમિયાન પ્રાપ્ત થયેલ પ્રતિપોષણ

ડૉ. એ. વી. પટેલ
તંત્રી "મૈત્રી"

**પ્રાસ્તાવિક :**

મલ્ટીગ્રેડ પાઈલોટ પ્રોજેક્ટ અંતર્ગત દિયોદર તાલુકાની રામનગર (ભાભ) પ્રા. શાળામાં ઑગસ્ટ-'૯૯ના પૂરા એક માસ દરમિયાન શિક્ષકો સાથે રીસોર્સ પર્સન તરીકે પ્રત્યક્ષ શાળા શિક્ષણકાર્ય કરવાનો અવસર પ્રાપ્ત થયો. આ ક્ષેત્રકાર્ય દરમિયાન પ્રાપ્ત પ્રતિપોષણ અત્રે રજૂ કરું છું. પ્રસ્તુત અભિપ્રાય સંપૂર્ણતયા અનુભવજન્ય છે.

- → શાળામાં જાતે શૈ. કાર્ય કરવાથી મલ્ટીગ્રેડ શિક્ષણકાર્યમાં કાર્ય કરવાનો ભરપૂર આત્મવિશ્વાસ પ્રાપ્ત થયો છે.
- → એકમાસના શિક્ષણકાર્યમાં ખૂબ જ આનંદ આવ્યો છે. જે કાર્ય કર્યુ છે તે આનંદ અને નિષ્ઠાથી કરવામાં આવ્યું છે.
- → વર્ગખંડ ન હોવા છતાં શિક્ષણકાર્ય થઈ શકે છે ફક્ત કુદરતી મુશ્કેલી જેવી કે ગરમી, વરસાદ, ઠંડી કે અન્ય કુદરતી આફતો સિવાય કુદરતી પર્યાવરણમાં કાર્ય કરવાની મજા આવે છે.
- → આજુબાજુના પર્યાવરણમાંથી પ્રાપ્ત સામગ્રીમાંથી પ્રવૃત્તિઓ થઈ શકતી હતી તેનો પૂરોપૂરો ઉપયોગ કરવાનો પ્રયત્ન થયો છે.
- → આવશ્યકતા અનુસાર ટી.એલ.એમ. નિર્માણ કરવામાં આવ્યું.
- → લેખિત આયોજન બનાવવું જેટલું કઠિન છે તેના કરતાં વર્ગમાં શિક્ષણકાર્ય કરવું ખૂબ જ સરળ પડે છે.
- → ત્રણ ધોરણો ૨, ૩, ૪માં સંયુક્ત રીતે સફળ શિક્ષણકાર્ય કરવામાં આવ્યું છે અને એક શિક્ષક પ્રયત્નશીલ રહે તો ત્રણ ધોરણોમાં પણ કાર્ય સફળ રીતે કરી શકે છે. તે સ્વયં કાર્ય કરી અનુભવ્યું.
- → અઠવાડિક અને સતત મૂલ્યાંકનમાં મુશ્કેલી અનુભવાતી હતી ત્યારે સતત વૈચારિક પ્રક્રિયાથી મૂલ્યાંકનની 'નવી પદ્ધતિ' વિચારી શકાય છે.
- → શિક્ષણકાર્ય એટલું રસપ્રદ રહ્યું કે ત્યાંના સ્થાનિક વિસ્તારના યુવાનો અને રહીશોએ પણ રમતની પ્રવૃત્તિમાં ઉમંગભેર ભાગ લીધો.
- → અનિવાર્ય સંજોગોના લીધે જ શાળામાં ન આવી શકતાં બાળકો સિવાય ૧૦૦% બાળકો શાળામાં

હાજરી આપતાં થયાં.

→ નજીકના કારેલા ગામનાં ૧૦થી ૧૨ બાળકો રામનગર શાળામાં આવવા લાગ્યાં અને વાલીઓ પણ એ બાળકોને આ શાળામાં દાખલ કરવા વિનંતી કરવા લાગ્યા.

→ જ્યારે લેખિત સ્વરૂપે આયોજન તૈયાર ન થઈ શકે ત્યારે માનસિક આયોજન પણ વિચારવું પડે છે. બહુશ્રેણીય શિક્ષણ સફળતાનું પ્રથમ પગથિયું છે.

→ દરેક શાળો સ્થાનિક પરિસ્થિતિ અને પર્યાવરણ આધારિત દૈનિક આયોજનનો ઢાંચો તૈયાર કરવો આવશ્યક છે. આપેલ ઢાંચો કારગત ન નીવડે ત્યારે, શાળા માટે અલગ ઢાંચો તૈયાર કરવો પડે છે.

→ આજુબાજુના પર્યાવરણમાંની અભ્યાસક્રમના કયા મુદ્દા શીખવી શકાય તેમ છે. તે પૂરા અભ્યાસક્રમનો અભ્યાસ કરી દરેક શાળઓના શિક્ષકોએ નક્કી કરી લેવા.

→ આજુબાજુના પર્યાવરણમાંથી ક્ષમતા આધારિત ટી.એલ.એમ. બનાવી શકાય તેની નોંધ કરવી.

→ શાળાના મુખ્ય શિક્ષકશ્રી જગદીશભાઈ રાઠોડ શાળાના વિકાસ માટે ખૂબ પ્રયત્નશીલ અને મહેનતુ લાગ્યા. તેમનો સતત સહયોગ મળ્યો.

→ આ વિસ્તારના લોકો જરૂરિયાત જણાય ત્યારે મદદરૂપ થવા તત્પર રહે છે. જેનાથી શાળા શિક્ષણ પ્રક્રિયા વેગ પકડે છે.

→ શાળા રહેઠાણથી ઓછામાં ઓછી ૨૦૦ થી ૩૦૦ મીટર દૂર હોવી જોઈએ ઘરની પાસે જ શાળા હોય તો બાળકોની ઘર સાથે અવર જવર ચાલુ રહે છે. શાળા અને ઘરનો ભેદ સમજી શકતા નથી જે શિક્ષણકાર્યમાં અડચણ પેદા કરે છે.

→ દૃશ્ય અને શ્રાવ્ય સાધનો મલ્ટીગ્રેડ શાળા માટે આવશ્યક છે, જે શિક્ષકની ગરજ સારી શકે છે.

→ શાળાની શૈ. સામગ્રીનો મહત્તમ ઉપયોગ કરવામાં આવ્યો.

→ છાપાઓના કટિંગમાંથી બાળમિત્ર વર્ગ બનાવવાનો પ્રયત્ન કર્યો અને તદ્દન નહિવત ખર્ચે તૈયાર કરી શકાય તેની શિક્ષકોને સમજ આપી.

→ શિક્ષણ કાર્ય કરવા માટે લેખિત સ્વરૂપે અને માનસમાં ઘણી પ્રવૃત્તિઓના સંગ્રહ રાખવો આવશ્યક છે. કરેલ શિક્ષણકાર્યમાં દરેક બાળક પ્રવૃત્તિશીલ રહે તેનું ખાસ ધ્યાન રાખવામાં આવ્યું છે.

→ વિષય વસ્તુના મુદ્દાઓ સ્વાનુભવ દ્વારા શીખવવાનો પ્રયત્ન થયો છે.

→ બાળકોને ગૃહકાર્ય લેખિત સ્વરૂપે ઓછુ આપવું તેની જગ્યાએ ગણન, અવલોકન, નિરીક્ષણ અને જાત અનુભવના પ્રશ્નો કે પ્રવૃત્તિ આપવાથી બાળકોની વિચારવાની અને વર્ગમાં આવી કથન કૌશલ્ય શક્તિ વિકસે તે સિવાય આજુબાજુમાંથી નકામી વસ્તુઓને એકઠી કરાવવી જોઈએ જેનો ટી.એલ.એમ.માં મહત્તમ ઉપયોગ કરી શકાય તેનું ઉદાહરણ પૂરું પાડ્યું.

→ શાળામાં શિક્ષણકાર્ય પૂર્વ શાળામાં ઉપલબ્ધ ટી.એલ.એમ.ની નોંધ કરવામાં આવી જેની નોંધ દરેક શાળામાં હોવી જોઈએ, જેથી તેનો ઉપયોગ જરૂર પડે થઈ શકે.

→ બાળક પોતાની ગતિએ શીખે છે. તે મલ્ટીગ્રેડ શિક્ષણમાં બહુ જ મહત્ત્વની અને ઉપયોગી બાબત છે. જે ખાસ ધ્યાનમાં આવી છે, કારણ કે મોનોગ્રેડમાં તીવ્રગતિથી શીખતું બાળક અને ખૂબજ ધીમી ગતિએ શીખતું બાળક નિષ્ક્રિય રહે છે. જ્યારે મલ્ટીગ્રેડમાં વધુ શીખતુ બાળક તેથી ઊંચા જૂથમાં બેસાડી શકાય છે. અને ધીમુ શીખતું બાળક તેના સ્તર જૂથમાં બેસાડી શકાય છે. જેથી બાળક સતત પ્રવૃત્તિશીલ પણ રહે અને શીખે પણ છે.

→ મૂલ્યાંકન કાર્ડનો કરેલો ઉપયોગ બાળકની ઓળખાણ, બાળકે શીખેલ ક્ષમતા હાજરી પૂરવા (સમયનો બચાવ) જૂથ રચનામાં અતિઉપયોગી સાબિત થાય છે. તે ઉપરાંત જ્યારે મૂલ્યાંકન કાર્ડમાં નિશાન થાય છે ત્યારે બાળકો ખૂબજ ઉત્સાહીત થાય છે અને અન્ય બાળકો શીખવા ખૂબ તત્પર થાય છે.



→ ગાંધીનગર કાર્યશિબિર (છેલ્લો ૧૭-૭-૯૯થી

૨૧-૭-૯૯)ના અનુસંધાને ખૂબ જ ઉત્તમ સમજ કેળવાઈ અને તે અત્યાર સુધી થયેલ કાર્યમાં અને પ્રગતિમાં ખૂબ જ સાર્થક નીવડેલ હોવાથી તેના દ્વારા જે સમજ કેળવાઈ તેનો મહત્તમ ઉપયોગ પ્રત્યક્ષ શિક્ષણ કાર્યમાં કર્યો છે.

→ સપ્તાહમાં એકવાર વર્ગ બહારની પ્રવૃત્તિ કરાવવામાં આવતી હતી જે ખૂબ જ સફળ અને આનંદ આપનારી નીવડી.

→ ડી.પી.ઈ.પી. અંતર્ગત બહુશ્રેણીય પ્રોજેક્ટમાં ગુજરાતમાં ઉત્તમ અને મહત્તમ કામ થશે તેવો પ્રત્યક્ષ શિક્ષણકાર્યથી આત્મવિશ્વાસ કેળવાયો છે. વિશેષ છણાવટ અને વિસ્તૃત નોંધ ૨૫ મુદ્દાના અહેવાલમાં કરવામાં આવી છે.

**પ્રત્યક્ષ શિક્ષણ કાર્ય દરમિયાન ધ્યાનમાં રાખેલ બાબતો અને ઉભરી આવેલ મુદ્દાઓ**

| ક્રમ | વર્ગ શિક્ષણ કાર્ય દરમિયાન લક્ષમાં રાખેલ બાબતો | તેની વિસ્તૃત સમજ |
|---|---|---|
| ૧. | વર્ગખંડને અનુરૂપ બાળકોની બેઠક વ્યવસ્થા | શાળાને પોતાનો વર્ગખંડ નથી. એક સદ્‌ગૃહસ્થના મકાનમાં બાળકો બેસે છે. વીજળીની સુવિધા છે. વીજળી ન હોય ત્યારે ગરમીના લીધે બાળકો બેસી શકતાં નથી. તેથી ૧૦૦ મીટર દૂર લીમડાના છાંયા તળે બાળકોને બેસાડીને શિક્ષણકાર્ય કરવામાં આવ્યું. બેઠક વ્યવસ્થામાં શૈ.કાર્યમાં અડચણ ન પડે તે રીતે યથોચિત ફેરફાર કર્યો. |
| ૨. | વર્ગ કે જૂથનું મિશ્રણ | (૧) ધોરણ પ્રમાણે (૨) ધો-૨, ૩, ૪ના વિદ્યાર્થીઓનાં જૂથ-૩ થી ૪ (૩) ધો-૩ અને ૪ સાથે (૪) ધોરણ-૨ અલગ (૫) રમત-કાર્યાનુભવ જેવી પ્રવૃત્તિમાં બધા જ ધોરણો સાથે (૬) બાળકોની માનસિક વય પ્રમાણે (૭) કન્યાઓ અલગ અને કુમાર અલગ (૮) મોટા-નાના-મધ્યમ ઊંચાઈ પ્રમાણે રચના. |
| ૩. | શિક્ષકનું સ્થાન | શિક્ષકનું સ્થાન (૧) વર્તુળમાં વચ્ચે (૨) અર્ધવર્તુળમાં વચ્ચે.  (૩) આ પ્રમાણેની બેઠક વ્યવસ્થામાં સામે (૩) રમત ગમતની પ્રવૃત્તિ વખતે વચ્ચે તથા બાળકોની હરોળમાં સાથે (૪) જૂથ પાડેલ હોય ત્યારે ફરતું (૫) ત્રણ કે ચાર જૂથ હોય ત્યારે જૂથની વચ્ચે. |
| ૪. | બાળકોની બેઠકની ગોઠવણી |  |
| ૫. | બ્લેક બોર્ડનું સ્થાન, સ્થિતિ | (૧) વિદ્યાર્થીઓની સામે (૨) જૂથની સામે (૩) કાળાં પાટિયાં બે હોવાથી જરૂર પડ્યે શિક્ષણ કાર્યમાં આવશ્યક ઉપયોગ સામાન્યસ્થિતિમાં છે. |

| | | |
|---|---|---|
| ૬ | બેઠક વ્યવસ્થામાં શૈ. કાર્ય દરમ્યાન ફેરફાર | આવશ્યકતા અનુસાર થતો રહે છે. |
| ૭ | શિક્ષણ કાર્ય તેમજ બાળકના હેરફેરને અવકાશ | (૧) જ્યારે ઢાળિયામાં સમૂહમાં બેસવાનું થતું ત્યારે શિક્ષક કે બાળકના હેરફેરને અવકાશ ખૂબ જ ઓછો રહેતો, અભિનય કરવામાં પણ તકલીફ રહેતી (૨) જ્યારે ૧૦૦ મીટરના અંતરે લીમડાના છાંયે ખૂબ જ અવકાશ રહેતો. |
| ૮ | દરેક બાળક શૈ. કાર્યમાં સામેલ થઈ શકે તેવી સ્થિતિ | દરેક બાળકને પોતાની રસ-રુચિ પ્રમાણે બેઠક વ્યવસ્થા તેમજ પ્રવૃત્તિ માટે જૂથ રચના શૈ. સાધનનો ઉપયોગ તથા આયોજન એવી રીતનું કરવામાં આવતું જેથી દરેક બાળક સક્રિય રહેતું. |
| ૯. | પૂર્વ તૈયારી | માસિક / સાપ્તાહિક / દૈનિક આયોજનની પૂરતી તૈયારી રાખવામાં આવતી, માનસિક આયોજન પણ ઘડી કાઢવામાં આવતું. પ્રવૃત્તિઓથી બાળકો માનસિક રીતે સક્રિય રહેતાં, લેખિત યાદી સાથે રહેતી હતી., અનુબંધ બાંધતી પ્રવૃત્તિઓ હતી. |
| ૧૦. | સમયપત્રક સાથે અનુસંધાન | (૧) બાળકોનાં રહેઠાણ દૂર હોવાથી પ્રથમ સપ્તાહમાં અનુભવ બેસતો ન હતો. (૨) બીજા સપ્તાહથી સમયપત્રક તથા બાળકોની હાજરીને લક્ષમાં રાખી શાળાનો અલગ ઢાંચો નક્કી કરવામાં આવ્યો હતો અને તે પ્રમાણે કાર્ય થતું. |
| ૧૧. | સહઅભ્યાસિક પ્રવૃત્તિને સ્થાન | રમત-ગમત, મુલાકાતો, ગૌશાળા, ખેતર તહેવારોની ઉજવણી, વનભોજન, લોકગીતો, આજુબાજુના પર્યાવરણ વિશે ચર્ચા, કાર્યાનુભવની પ્રવૃત્તિ, મુક્ત ચર્ચાઓ વગેરે વિવિધ પ્રવૃત્તિઓ સામેલ કરાતી. |
| ૧૨. | પર્યાવરણનો અનુરોધ | (૧) ગણિત (૨) ગુજરાતી (૩) પર્યાવરણ ત્રણેય વિષયોના શૈ. કાર્યમાં ૯૦% પર્યાવરણ વિષયનો ૧૦૦% પર્યાવરણ સાથે અનુબંધ બાંધીને કાર્ય કરવામાં આવ્યું. તમામ પ્રવૃત્તિઓ (કાર્યાનુભવ) તથા ટી.એલ.એમ. આસપાસની સામગ્રીમાંથી જ બનાવવામાં આવેલ. |
| ૧૩. | શાળાના મેદાનનો ઉપયોગ | (૧) શાળાના મેદાનનો મહત્તમ ઉપયોગ કરવામાં આવ્યો. (૨) ઢાળિયા (વર્ગખંડ)નો ઉપયોગ ફક્ત ટેપ રેકૉર્ડર સંભળાવતી વખતે જ કરવામાં આવતો. (૩) બાળકોને બેસવા માટે લીમડાના ઝાડ નીચેના મેદાનનો ઉપયોગ કર્યો. રમત માટે વિશાળ મેદાનનો ભરપૂર ઉપયોગ કર્યો. |
| ૧૪. | પ્રાર્થના કાર્યક્રમનો ઉપયોગ | (૧) સમૂહમાં કાર્ય કરવા (૨) વિષય વસ્તુના એકમ માટે (૩) વાતાવરણ નિર્માણ કરવા (૪) સમૂહમાં કાર્ય કરવા પ્રેરાવા (૫) દરેક બાળકની વિશિષ્ટ શક્તિથી પરિચિત થવા (૬) દરેક બાળકોને જુદાજુદા વિષયોનું મુદ્દાઓનું જ્ઞાન કરવા (૭) પોતાની ગતિએ શીખવાનો લાભ મળે તે અનુસાર. |

| | | |
|---|---|---|
| ૧૫. | વિશ્રાંતિ કે નવરાશના સમયનો ઉપયોગ | (૧) ટી.એલ.એમ. બનાવવા. (૨) હાજરી પૂરવા (૩) હવે પછી થનાર કાર્ય વિશે વિચારણા કરવી (૪) બેઠક વ્યવસ્થા વસ્તુ એકત્રીકરણ માટે (૫) શિક્ષક મિત્રો સાથે ચર્ચા કરવા. (૬) થયેલ કાર્યમાં ફેરફાર કે અન્ય બાબતો નોંધવા. |
| ૧૬. | ટી.એલ.એમ.નો ઉપયોગ | (૧) ટી.એલ.એમ.નો ઉપયોગ ત્યારે જ કરવામાં આવ્યો જ્યારે તેના વર્ગનાં બાળકોમાં સમજ કેળવવી અઘરી હોય. અથવા કઠિન હોય. (૨) ટી.એલ.એમ. આજુબાજુના પર્યાવરણમાંથી કે નકામી વસ્તુમાંથી બનાવવામાં આવ્યું. (૩) લોક સહકારથી ટેપ રેકૉર્ડર મેળવી ઉપયોગ કરવામાં આવતો અને શિક્ષણ પ્રક્રિયામાં પ્રાણ પૂરવામાં આવતો. |
| ૧૭. | સાંસ્કૃતિક પ્રવૃત્તિ આધારિત મુદ્દા | (૧) ૧૫ મી ઑગસ્ટ (૨) રક્ષાબંધન (૩) લોકમેળો વગેરે વિશે ચર્ચા કરવી. ગીતો ગાવાં-સૂત્રો બોલવાં-નિરીક્ષણ અવલોકન કરવું. આજુબાજુના અને પોતાના ઘેર થતી પ્રવૃત્તિઓનું અવલોકન કરવું. ટી.વી. કાર્યક્રમો જોવા પોતે કાર્ય કરવું અને ભાગ લેવો. |
| ૧૮. | દઢીકરણ/મૂલ્યાંકન | વર્ગમાં શૈ. કાર્ય કર્યા પછી તેને લગતી દઢીકરણ અને મૂલ્યાંકન માટે તથા તેના વિસ્તૃતીકરણ માટે મોટા સમૂહમાં નાનાં સમૂહમાં પ્રવૃત્તિ કરાવવી. અભિનય, લેખન, ચર્ચાઓ, રમત-ગમત, પ્રશ્નો પૂછવા, અવલોકન, નિરીક્ષણ, મૂલ્યાંકન કાર્યમાં નિશાન કરવું. વગેરે પ્રવૃત્તિ સતત થતી. |
| ૧૯. | ક્ષમતાનું સંકલન | ૦ હવા અને પાણી, હવામાન, ઋતુઓ જેવા પર્યાવરણના મુદ્દા સાથે ક્ષમતાઓનું સંકલન થતું હતું એક ક્ષમતા શીખવતી વખતે બીજી ક્ષમતાઓ પણ ચર્ચા અવલોકન અન્ય કાર્યમાં સંકલિત થતી હતી. ૦ ગુજરાતી વિષયની ક્ષમતાઓનું તેમજ ગણિતની ક્ષમતાઓનું સંકલન મોટા પાયે થઈ શકતું હતું. |
| ૨૦. | ગૃહકાર્ય | ૦ ગૃહકાર્ય મોટા ભાગે અવલોકન, નિરીક્ષણ, વિચારવા મૂર્તવસ્તુઓ લાવવી, તે માટે તૈયાર થઈને આવવું, નકામી, વસ્તુઓ લેતા આવવું, આજુબાજુની વસ્તુનું અવલોકન કે ગણતા આવવું, પોતે શું કાર્ય કરશે ? ઘરમાં શું ઉપલબ્ધ છે ? પ્રશ્નો આપવા અને તેના અંગે વિચારીને આવવા. નવીન સ્વરૂપે જૂજ કામ આપવામાં આવતું. |
| ૨૧. | શૈ.કાર્યમાં ઉપસ્થિત સમસ્યાનો ઉકેલ. | - શૈ. કાર્યમાં ઉપસ્થિત થતી સમસ્યાની સતત માનસિક નોંધ રાખવામાં આવતી હતી. તેનો હલ પોતાની રીતે વિચારવામાં આવતો હતો. જેની નોંધ અલગ અહેવાલ કરવામાં આવી છે. |
| ૨૨. | શાળાનું પર્યાવરણ | શાળાનું પર્યાવરણ એકંદરે ઘણું સારું છે. શિક્ષકો ખૂબજ ઉત્સાહી અને ધગશવાળા માલુમ પડ્યા. શાળા પ્રાકૃતિક (કુદરતી) વાતાવરણ |

| | | |
|---|---|---|
| | | વચ્ચે આવેલી છે. વર્ગખંડ ન હોવાથી વરસાદ અને ગરમીમાં બેસવામાં તકલીફ પડે છે. આજુબાજુના લોકોનો સહકાર સારો છે. પર્યાવરણ અવલોકન, નિરીક્ષણ અને શૈ. પ્રવૃત્તિ કે ટી.એલ.એમ. બનાવવા માટે વિષયાનુરૂપ લાગ્યું. |
| ૨૩. | મકાનની સ્થિતિ | - વર્ગખંડ નથી. તેથી ઢાળિયામાં બાળકો બેસે છે. - બહુશ્રેણીય ષટ્કોણ આકારના નવીન ખંડનું બાંધકામ ચાલુ છે. - બાળકોને લીમડાના છાંયે બેસાડવામાં આવે છે. |
| ૨૪. | ફર્નિચર | - અલગ અહેવાલમાં નોંધ કરવામાં આવી છે. - કાળા પાટિયા-૨, ટેબલ - ૧, ખૂરશી - ૨ છે. |
| ૨૫. | શૈ. સાધનો રમ-ગમત સંગીત/ગણિતમાં સાધનો. | સંગીતના સાધનો તેમજ, વિજ્ઞાનનાં સાધનો નથી, રમત-ગમતના સાધનો પણ નથી. એકમાસના શિક્ષણકાર્ય દરમ્યાન - છાપાના કટિંગમાંથી વિવિધ પ્રકારના ચિત્રો પૂંઠા પર ચોંટાડીને શૈ. કાર્યમાં ઉપયોગી થાય તે માટે તૈયાર કર્યા. સ્થાન કિંમતનું સાધન, મૂર્તવસ્તુઓ ભેગી કરવી, છાપાનાં કટિંગ કરવાં, પર્યાવરણનો ઉપયોગ પણ ટી.એલ.એમ. તરીકે કરાય છે. |
| ૨૬. | પુસ્તકલાય | નથી. છાપાના કટિંગની વાર્તાઓ, જાણવા જેવું, કોયડા, અવનવું વગેરે એકત્રિત કરવામાં આવ્યું. |
| ૨૭. | અન્ય | આજુબાજુના પર્યાવરણમાંથી લાકડાં, પાછડા, બાકરાના મોરથા, કાંકરી, સળીઓ, પર્ણપોથી વગેરેનો ઉપયોગ. શૈ. કાર્યમાં કર્યો. |
| ૨૮. | શૈ.પદ્ધતિ<br>મૉનિટર પદ્ધતિ | હોશિયાર કે સમજુ વિદ્યાર્થીનો ઉપયોગ વર્ગવ્યવસ્થા, વસ્તુઓ લાવવી, મૂકવી, ગોઠવવી વગેરે બાબતોમાં કરવામાં આવ્યો. એક સપ્તાહના શૈ. કાર્યબાદ બે-ત્રણ વિદ્યાર્થીનો ઉપયોગ અન્ય વિદ્યાર્થીને શીખવવામાં ઉપયોગ કરવામાં આવ્યો. |
| ૨૯. | પ્રશ્નોત્તરી પદ્ધતિ | સ્વાનુભવ, અવલોકન, નિરીક્ષણ, ચર્ચા વગેરે માટે પ્રશ્નોત્તરી પદ્ધતિનો ઉપયોગ કર્યો. પ્રશ્નો બાળકોને પણ એવા જ આપવા કે પૂછવામાં આવતા કે બાળકો માનસિક રીતે વિચારે જ. - મૂલ્યાંકન માટે પણ પ્રશ્નોત્તરી પદ્ધતિનો ઉપયોગ કર્યો. કરેલા શૈ. કાર્યના અનુસંધાને પ્રશ્નોત્તરી પદ્ધતિનો ઉપયોગ થતો. |
| ૩૦. | અવલોકન પદ્ધતિ | ૦ પશુ-પક્ષી-જીવજંતુ ૦ તેનાં રહેઠાણ, ગણતરી વગેરે બાબતો માટે અવલોકન કરી પ્રવૃત્તિ કરાવી. ચિત્રો બતાવીને કે આપીને અવલોકન કરી લખવાનું કે વર્ણન કરવાનું કહેવામાં આવ્યું. |
| ૩૧. | સ્વાધ્યાય પદ્ધતિ | આ કાર્ય લેખિત સ્વરૂપે આપવામાં આવ્યું. - વાંચન, અવલોકન, નિરીક્ષણ, વેસ્ટ વસ્તુઓ લાવવી. આજુબાજુના પર્યાવરણનું અવલોકન, વાતાવરણ જન્ય અનુભૂતિયુક્ત શિક્ષણ કરાવ્યું. |

| | | |
|---|---|---|
| ૩૨. | જૂથ પદ્ધતિ | બહુશ્રેણીય - બહુસ્તરીય બાળકોની ઉંમર અને ઊંચાઈની રીતે જૂથ પાડી શૈ. કાર્ય કરાવવામાં આવ્યું. ધો-૨માં જૂથ કાર્ય વખતે શિક્ષકની હાજરી આવશ્યક જણાઈ. |
| ૩૩. | શૈ. સાધનોનો મહત્તમ ઉપયોગ | શૈ. સાધનોનો ઉપયોગ આવશ્યક જણાય ત્યારે કર્યો. સ્થાનકિંમત માટે કા. પા. કાર્ય આજુબાજુના પર્યાવરણનો ટી.એલ.એમ. તરીકે મહત્તમ ઉપયોગ કર્યો. |
| ૩૪. | શૈ. કાર્યના અનુસંધાને ધોરણોનું સંકલન | પર્યાવરણ, ગુજરાતી અને ગણિતમાં સ્થાનકિંમત અને ધોરણોનું સંકલન ઘણું સારી રીતે થયું. શૈ. કાર્યમાં સમયનો ખૂબજ બચાવ થયો. |
| ૩૫ | બાલમિત્ર વર્ગનો ઉપયોગ | વર્ગખંડ ન હોવાથી બાળમિત્ર વર્ગ બનાવેલ નથી. પરંતુ છાપાના કટિંગ કાપીને પૂંઠા પર ચોટાડીને બાળમિત્ર વર્ગ બનાવવાનો પ્રયત્ન થયો છે. |

# ગણિત શિક્ષણ

સંકલન : આર. કે. પટેલ,
સિ.લે. ડાયટ, સંતરામપુર

**પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ ગણિત ધોરણ-૧**

(૧) ગણિત શીખવવાની શરૂઆત આકારની ઓળખ, વર્ગીકરણ અને સરખામણીથી કરવી જોઈએ.

**રીત :** ચોરસ, લંબચોરસ, વર્તુળ અને ત્રિકોણના આકાર, નાનું-મોટું, જાડું-પાતળું, વધારે-ઓછું વગેરે.

(૨) નક્કર વસ્તુઓ દ્વારા બાળકોને ગણતરી કરાવવી જોઈએ.

**રીત :** વિવિધ કલરના દડા ગણાવવા, પાન, કચૂકા વગેરે

(૩) બાળકોને ૧ થી ૫ના અંકોની ઓળખ કરાવવી.

**રીત :** ૧થી ૫ અંકોના કાર્ડ બતાવવાં. બાળકો હાથમાં લે અને જુએ.

(૪) ગણિતની પ્રવૃત્તિ બને ત્યાં સુધી બાળકોને વ્યક્તિગત અથવા નાના જૂથમાં કરાવવી.

**રીત :** દડા, પાન, લાકડાના નાના-મોટા, જાડા-પાતળા ટુકડા વગેરે હાથમાં આપવા.

(૫) બાળકોને ૧ થી ૫ ના અંકોની ગણતરી કરાવવી.

**રીત :** શિક્ષક બાળકોને પર્યાવરણમાંથી ઉપલબ્ધ વસ્તુઓ લેવા મોકલે દા.ત. પથ્થર, પાન, કાગળના પૂઠાના ટુકડા, વગેરે પછી શિક્ષક મોટેથી અંક બોલે અને વ્યક્તિગત બાળકો પાસે અંક જેટલીજ વસ્તુઓ ગણાવતા જાય.

(૬) વર્ગમાં હાજર રહેલ બાળકોની ગણતરી કરાવવી.

**રીત :** શિક્ષક બાળકોને પૂછે કે આજે તમારા વર્ગમાં કેટલાં બાળકો હાજર છે ? આજે વિપુલભાઈ દરેક બાળકના માથા ઉપર હાથ જોડી મૂકી એક પછી એક એક બોલે. આમ શિક્ષકની મદદથી દરરોજ ગણતરીનું કામ થઈ શકે.

(૭) ગણતરી વાળા ગીતો દ્વારા ગણતરીનું કામ થઈ શકે.

**રીત :** એક ચકલી ચણતી તી..., મેં તો ઘરમાં ફુગ્ગા લાવ્યા ચાર...

(૮) ટપકાં દોરેલ કાર્ડસ દ્વારા ગણતરી.

**રીત :** ટપકાં દોરેલાં ૧ થી ૧૦ સુધીનાં જુદાં જુદાં દસ કાર્ડસ બનાવો. બાળકોને કોઈપણ એક કાર્ડ લઈ ટપકાં ગણવા કહો. બીજાં બાળકોને ગણેલાં ટપકાં પ્રમાણેની વસ્તુઓ કાર્ડ પર મૂકવા કહો.

(૯) વિવિધ વસ્તુઓ દ્વારા ગણતરી.

**રીત :** બાળકોને નાના જૂથમાં બેસાડો અને બધાને

જુદા રંગના મણકા, કાંકરા, કચૂકા, પથ્થર, લખોટી, પાન પૂંઠાના ટુકડા વગેરે વસ્તુઓ આપો અને પછી કહો કે જેની પાસે લાલ રંગના મણકા છે તે બાળક આવે અને ગણીને બતાવે તે પછી ક્રમશઃ કાંકરા, કચૂકા, પથ્થર વગેરે.

(૧) વર્ગની બહાર રમત દ્વારા ગણતરી.

**રીત :** નાની મોટી વસ્તુઓ જે પર્યાવરણમાંથી મળે તે વીણી લાવો નાની-મોટી બે વસ્તુઓની જુદીજુદી ઢગલી કરાવો. પછી બાળકોના બે જૂથ બનાવો. દરેક બાળકને અંક આપી દો. શિક્ષક જેવો અંક એક બોલે એટલે જે બાળકને એક અંક આપ્યો હોય તે પહેલા બે ઢગલીઓ પાસે પહોંચી જાય અને પછી શિક્ષક કહે તેટલી વસ્તુઓ ગણીને લાવી આપે, આમ શિક્ષક અંક બોલતા જાય અને દરેક જૂથમાંથી બાળકો આવતા જાય એ વસ્તુઓ ગણી બતાવે. જે જૂથમાંથી વધારે બાળકો સાચી ગણતરી કરી શકે તે જૂથ જીતી જાય.

**એકાથી દસા ઉપરથી અગિયારા તથા વીસા સુધીના ઘડિયા સરળતાથી શીખવવાની પદ્ધતિ**

એકાથી દસના ઘડિયા ઉપરથી ખૂબ જ સહેલાઈથી અગિયારાથી વીસા સુધીના ઘડિયા શીખવી શકાય છે.

બાળકોને એકાથી દસ સુધીના ઘડિયા સરળતાથી આવડતા હોય છે. એટલી જ સરળતાથી અગિયારાથી વીસા સુધીના ઘડિયા આવડતા હોતા નથી. થોડા અટપટા હોય છે. હવેનું શિક્ષણ પ્રવૃત્તિલક્ષી અને આનંદલક્ષી થઈ રહ્યું છે. એકા ઉપરથી અગિયારા શીખવામાં બાળકોને ખૂબ જ રસપ્રદ રહે તેવી એક પદ્ધતિ નીચે પ્રમાણે છે.

ધારોકે ૩ × ૧ = ૩ ના ઘડિયા ઉપરથી ૧૩ × ૧ = ૧૩ નો ઘડિયો બનાવવો છે તો નીચે પ્રમાણે સમજી લઈએ.

| | |
|---|---|
| ૩ × ૧ = ૩ | ૧૩ × ૧ = ૧૩ |
| ૩ × ૨ = ૬ | ૧૩ × ૨ = ૨૬ |
| ૩ × ૩ = ૯ | ૧૩ × ૩ = ૩૯ |
| ૩ × ૪ + ૧૨ | ૧૩ × ૪ = ૫૨ |
| ૩ × ૫ × ૧૫ | ૧૩ × ૫ = ૬૫ |
| ૩ × ૬ + ૧૮ | ૧૩ × ૬ = ૭૮ |
| ૩ × ૭ + ૨૧ | ૧૩ × ૭ = ૯૧ |
| ૩ × ૮ + ૨૪ | ૧૩ × ૮ = ૧૦૪ |
| ૩ × ૯ + ૨૭ | ૧૩ × ૯ = ૧૧૭ |
| ૩ × ૧૦ + ૩૦ | ૧૩ × ૧૦ = ૧૩૦ |

**સૂચના :-** ડાબી બાજુના ૩ (ત્રણ)ને તેર સમજીશું. - ૩ (ત્રણ)ના ઘડિયામાં જવાબના એકમના અંકમાં કોઈ જ ફેરફાર કરવાનો થી.

- લીટી દોરેલા અંક જવાબ બતાવે છે.- વત્તાની નિશાની બે અંકનો જવાબ સૂચવે છે. તથા એકમનો અંક જેમનો તેમ યથાવત્ જ રાખવાનો છે.

જેમકે ૪ + ૫ = ૫ અને એકમનો ૨ યથાવત એટલે સંખ્યા ૫૨ થાય.

૫ + ૧ = ૬ અને એકમનો ૫ યથાવત્ એટલે સંખ્યા ૬૫ થાય.

૬ + ૧ = ૭ અને એકમનો ૮ યથાવત્ એટલે સંખ્યા ૭૮ થાય.

૧૦ + ૩ = ૧૩ અને એકમનો ૩ યથાવત્ એટલે સંખ્યા ૧૩૦ થાય.

ઉપરના ઘડિયા પરથી તમને થોડો ઘણો તો ખ્યાલ આવી જ ગયો હશે. એ જ રીતે એકાના કોઈ પણ ઘડિયા પરથી અગિયારાનો કોઈપણ ઘડિયો તૈયાર થઈ શકે છે.

## શિક્ષક : પરિવર્તનનો પરિવ્રાજક

**– ડૉ. દેવેન્દ્ર સી. ભટ્ટ**

સમાજની અનેકવિધ સમસ્યાઓનો ઉકેલ અને સમાજ-પરિવર્તનના અસરકારક માધ્યમ તરીકે શિક્ષણનું પ્રદાન ખૂબ મહત્ત્વનું છે. સમાજમાં આવતા બદલાવ આડે અનેક અવરોધો છે. કેટલીક તીવ્ર પ્રતિક્રિયાઓ છે. કેટલીક મડાગાંઠ છે. જેના મૂળમાં આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક, રાજકીય, નૈતિક, પર્યાવરણ વિષયક અને શૈક્ષણિક સંદર્ભ.

શિક્ષક આ પ્રશ્નોના ઉકેલનું ધ્રુવબિંદુ છે. સક્ષમ, સમર્થ અને પ્રગતિશીલ વિચારસરણી ધરાવતો શિક્ષક સામાજિક જડતા અને કટ્ટરતાનો વિરોધ કરવા તત્પર બને છે. પણ સમાજ સામે બહારવટું ખેલીને કે યુદ્ધ છેડીને બગાવત કરનાર શિક્ષક સફળ થતા નથી. વર્ષોથી

જામી ગયેલી ગ્રંથિઓ કરોળિયાના જાળાની જેમ સમાજને બહાર આવતાં રોકે છે.

એમાં આપણા રિવાજો છે, પરંપરાઓ છે, જ્ઞાતિ અને જાતિના ખ્યાલો છે, ધર્મ અને સંપ્રદાયની વાડાબંધી છે. સંસ્કૃતિના નામે કોહવાટ અને ઊધઈની જેમ પ્રસરી ચૂકેલા સંકુચિત વિચારો છે. આ બધાની સામે ધીમે ધીમે અને મક્કમતાપૂર્વક નવો જ અભિગમ અપનાવવાની જરૂર છે.

આવતી કાલની બાગડોર જેને સંભાળવાની છે એ બાળકોના ઘડતર અને વૈચારિક કાયાકલ્પ માટેનું અભિયાન શરૂ કરીએ તો ? આ કામ શિક્ષક જેટલી સફળતાપૂર્વક બીજું કોઈ ન કરી શકે.

મા-બાપ, ઘર, પરિવાર, સામાજિક સંગઠનો બધાં જે ભૂમિકા ભજવે છે એ હંમેશાં અનૌપચારિક હોય છે. જ્યારે શાળા-મહાશાળાનું કામ ઔપચારિક, પદ્ધતિસરનું અને તબક્કા પ્રમાણેનું હોય છે. શાળામાં શિક્ષક કેન્દ્રસ્થાને છે. શિક્ષકનાં મનમાં જેટલી લગન હોય, કામ કરવાની ધગશ હોય, વ્યવસાય પ્રત્યેનો પ્રેમ હોય અને બાળકોનાં મનમાં સંસ્કાર સિંચન કરવા માટેની ચાહના હોય એટલું જ પરિણામ આવી શકે.

શિક્ષક વિશે વારંવાર એવું કહેવાય છે કે એ ઉદ્યાનમાં માળી જેવું કામ કરે છે. કદાચ આગળ વધીને એવું કહેવાનું મન થાય કે શિક્ષક શિલ્પી તરીકે કામ કરે છે તો ખોટું નથી. પથ્થરના ચિત્ર-વિચિત્ર કદ કે આકારમાંથી સરસ મજાનું શિલ્પ કંડારનાર શિલ્પીની જહેમત ખૂબ કાબિલેદાદ હોય છે. પથ્થર પર એની આંગળીઓની કરામત, અનોખા સર્જન તરફની ગતિ અને મન ભરાઈ જાય, આંખ જોયા જ કરે એવી સરસ કૃતિનો ઘડનાર શિલ્પી ટાંકણું લઈને પથ્થર સાથે પ્રીત બાંધે છે. પછી તો કલાકો સુધી, દિવસો સુધી પથ્થરમાં ખોવાઈ જાય છે. પોતાના મનમાં રહેલ આકૃતિને કૃતિમાં ફેરવનાર શિલ્પીનો વ્યાયામ ગજબની કુશળતા અને ધીરજનો સમન્વય બની રહે છે અને એમાંથી સર્જાય છે અદ્‌ભુત અને અનોખું શિલ્પ. નજર ફેરવો અને આંખમાં ચમક છવાઈ જાય. અહોભાવથી ચહેરો હસી ઊઠે એવી લાગણીઓને ઝંકૃત કરી દેનારું શિલ્પ બનાવનાર શિલ્પી કેવો કર્મઠ માનવી છે ! પથ્થરમાં પ્રાણ પૂરનારો, પથ્થરને બોલતા કરનારો અને પથ્થરને હસતા કરી એમાં શ્રદ્ધાભાવ મૂકી આપનારો શિલ્પી પોતે કંઈ બોલતો નથી. બોલે છે માત્ર એનું શિલ્પ, એની જિંદગીનું અદ્‌ભુત સર્જન. અમર કલાકૃતિનો સર્જક સર્જનમાં ખોવાઈ જાય અને તે પણ ચૂપચાપ; આવી જ મજાની ભૂમિકા શિક્ષકે ભજવવાની છે. શિક્ષક ત્યારે જ ''પરિવર્તનનો પરિવ્રાજક'' બની શકે જ્યારે એ પરિવર્તનનો ચાહક હોય. સામાજિક સમસ્યાઓ અને પરિવર્તનના આડેના અવરોધોની સ્પષ્ટ સમજ વિનાનો શિક્ષક કશું કરી શકતો નથી. શુદ્ધ બુદ્ધિ ધરાવનારા ઘણા શિક્ષકો નિઃસ્વાર્થ ભાવે ખૂબ કામ કરે છે. એમણે વાવેલાં બાલવૃક્ષો વર્ષો સુધી સમાજમાં મહોરી ઊઠે છે. પણ એવા શિક્ષકો કેટલા હશે ?

બધા જ શિક્ષકોની ભૂમિકા સરખી છે પણ કાર્યપદ્ધતિ અલગ છે. સૌપ્રથમ શિક્ષકે પોતાના વ્યવસાય માટેની સંપન્નતા અને વિષય માટેની સજ્જતા મેળવવી પડે. અદ્યતન માહિતીથી વાકેફ થવું પડે. જ્ઞાનવિતરણના માર્ગો અને પદ્ધતિઓ વિશે વિચારવું પડે. અધ્યાપનકાર્યને રસપ્રદ અને જીવંત બનાવવા મનન - મંથન અને મનોમંથન કરવું પડે. વારંવાર વાંચવું પડે. સંદર્ભ સાહિત્ય ઉથલાવવું પડે અને પોતે શિક્ષણના માધ્યમથી - બાળકોમાં સંસ્કાર, મૂલ્ય અને આચારસંહિતાનું વાવેતર કરી શકે એના માટે જહેમત કરવી પડે. બિલોરી કાચ જેવો વ્યવહાર, સ્ફટિક જેવું શુદ્ધ આચરણ અને નૈતિક મૂલ્યોમાં અનહદ શ્રદ્ધા લઈને કામ કરનારા શિક્ષકોને ક્યારેય પારોઠનાં પગલાં ભરવાં પડ્યાં નથી.

આ કામ ક્યારેય સહેલું નથી. ખૂબ જ બુદ્ધિપૂર્વકનું કામ છે. પણ જેનામાં ઉત્સાહ છે - જેને પોતાનામાં શ્રદ્ધા છે એવો સરળ - સાલસ અને નિખાલસ માનવી શિક્ષક બને અને લાગણીથી ભર્યાં ભર્યાં બાળકોમાં ધીમે ધીમે જ્ઞાન ભરતો રહે, જ્ઞાનની ઝારીથી સંસ્કાર ભરતો રહે તો બાળકો પણ આ સમાજશિક્ષણ શિલ્પી તરફ ખૂબ સન્માનની નજરે જોતાં થાય છે.

તમારે સમાજને બદલવા માટે સમાજ પાસે જવાની જરૂર નથી, બાળકોની પાસે જવાનું છે. બાળકોમાં એવી વાત ઠસાવવાની જરૂર છે કે જેથી લાંબાગાળે યુવાન થયા પછી એનામાં ભારોભાર રાષ્ટ્રપ્રેમ હોય, જવાબદારી પરત્વેની સભાનતા હોય

અને એક નાગરિક તરીકેની નિષ્ઠા હોય. બાળકોમાં મૂલ્યોનાં વાવેતર કરવા માટે શિક્ષકે પોતે ખૂબ જહેમત કરવાની છે. આ નાનુંસૂનું કામ નથી. જે બાળકોની આંખમાં જિજ્ઞાસાનાં સાપોલિયાં સળવળતાં હોય એમને જ્ઞાન પીરસવાનું છે. તનમાં સ્ફૂર્તિ અને મનમાં તાજગીની હવા ભરવાની છે. સ્વાસ્થ્યપ્રદ સુટેવોનું ઘડતર કરવાનું છે. નીડરતા અને નિર્ભયતા જેવા ગુણો કેળવવાની કસરત કરવાની છે. આવું કામ કરનારો શિક્ષક ગુરુ બની જાય છે, પ્રેરણામૂર્તિ બની જાય છે.

રાષ્ટ્રને આવા હજારો માનવશિલ્પીઓની ખેંચ વરતાય છે. ધંધાદારી માનસ ધરાવતા અને કોન્ટ્રેક્ટ અનુસાર ઘડિયાળના ટકોરે કામ કરનારા શિલ્પીઓ તો ઠેરઠેર મળી આવે છે. પણ રાષ્ટ્ર માટે, માનવકલ્યાણ માટે, બાળકોના વિકાસ માટે સારા-સાચા સક્ષમ અને સમર્થ દૃષ્ટિબિંદુ ધરાવતા નાગરિકોના ઘડતર માટેના કુશળ શિલ્પીઓ તરીકે શિક્ષકો મળતા નથી.

કામ તો બધા જ કરે છે. પણ એમાં કામ યંત્રવત્ થયા કરે છે. એમાં પ્રાણ નથી. પગાર મળે છે એટલે કામ તો કરવું જ પડેને-એવી ભાવનાથી કામ થાય છે. દિવસે દિવસે આવા શિક્ષકપ્રેમીઓનો ફાલ વધતો જાય છે. ખોખલાપણું અને ખાલીપણું બહાર આવતું જાય છે. શિક્ષણ એ માત્ર ક્રિયાકાંડ બની જાય છે. પછી પરિવર્તનની શક્યતા રહેતી નથી. આ પ્રકારની મનોવૃત્તિ ધરાવતા બૌદ્ધિકો સંસ્કૃતિની વિરાસતને જાળવી રાખવા માટે સક્ષમ પુરવાર થતા નથી. ખર્ચ થાય છે, મૂડીરોકાણ થાય છે પણ વળતર મળવાની શક્યતા ઓછી થતી જાય છે.

વર્ગના શિક્ષણ પૂરતી જ પોતાની જવાબદારી સીમિત છે એવું માનનારા મિત્રો શિક્ષણના હિતચિંતકો ક્યારેય હોતા નથી. જે સમાજ અને રાષ્ટ્રે આ શિક્ષકોને સલામતી, રોજી, આર્થિક સધ્ધરતા, ગુરુપદનું ગૌરવ અને સામાજિક દરજ્જો પ્રદાન કર્યો છે એવા સમાજનું ઋણ ચૂકવવાની આપણી કોઈ જવાબદારી છે કે નહિ ?

ભારતીય સમાજમાં ઘરઆંગણાની અનેક વિકટ સમસ્યાઓ છે. નિરક્ષરતા, અસ્પૃશ્યતા, બાળલગ્ન, વિધવાઓને પુનર્લગ્ન સામે પ્રતિબંધ, અનારોગ્ય અને ગંદકી, વહેમ, અંધશ્રદ્ધા, ખોટા રીતરિવાજ, જડ માન્યતાઓ, સંકુચિત જ્ઞાતિપ્રથા અને ગોળપ્રથા, ધર્મ અને સંપ્રદાયના નામે ચાલતા વ્યવહારો, લોકસમુદાયમાં ઘર કરી બેઠેલી પરંપરાઓ-આ બધું સૌને આગળ વધતાં રોકે છે.

શિક્ષક સમાજમાં આ ઘટનાચક્ર જોયા કરે અને કશું જ ન કરે એ પણ યોગ્ય નથી. બાળક જે સમાજમાંથી આવે છે એ સમાજનાં દૂષણો અને પ્રદૂષણો સાથે લઈને જ આવે છે. શાળામાં આદર્શ અને સંસ્કારની વાતો થાય અને સમાજમાં ઘડિયાળના કાંટા ઊંધા ચાલે એ સંભવિત છે. સમાજની વિકૃતિઓ, વ્યસનો, હિંસા, ગુટખા, નશીલાં દ્રવ્યો તરફનું ખેંચાણ તરુણ વયનાં બાળકો પર માઠી અસર કરે છે. શિક્ષક આ બધું રોકી ન શકે પણ બાળકોને આ બધી કુટેવ, વિકૃતિઓ અને જોખમ સામે લાલબત્તી ધરવાનું કામ તો કરી શકે. એક સુદૃઢ શરીર, ખડતલ શસીર અને મજબૂત મનોબળવાળો વિદ્યાર્થી પોતાની જાતને તો અવશ્ય બચાવી શકે, પતન અને અનારોગ્યના માર્ગે જતો અવશ્ય રોકી શકે. અને નાનાં બાળકોમાં પહેલેથી કૅન્સરનું વાવેતર થાય, યોગ્ય વ્યાયામ, નિયમિતતા, નૈતિક આચરણ અને મૂલ્યોનું ઘડતર થાય તો નુકસાન થતું અવશ્ય રોકી શકાય.

શિક્ષક આ પડકારરૂપ કાર્યમાં કેટલે અંશે સફળ થઈ શકે એ ચિંતાનો વિષય છે. પણ પોતાના શિલ્પને કદરૂપું થતું રોકવામાં તકેદારી અવશ્ય રાખી શકે. વિદ્યાર્થીમાં જવાબદારીની સભાનતા, પરિવાર, શહેર, ગામ, સમાજ કે રાષ્ટ્ર માટે આદરયુક્ત વ્યવહાર માટેની નક્કર ભૂમિકા ઊભી કરી શકાય તો પણ ઘણી સફળતા મળવાની સંભાવના છે.

શિક્ષક આ નાજુક છતાં સંવેદનશીલ પ્રશ્ન પ્રત્યે આંખમીંચામણાં કરે તો મારી દૃષ્ટિએ ઈરાદાપૂર્વકનો દ્રોહ કરી રહ્યો છે એવું અવશ્ય કહી શકાય. જીવના બાગને ઊજડતો રોકવા માટે માળીએ દોડવું જ પડે. શિક્ષક પ્રત્યે ખૂબ શ્રદ્ધા ધરાવતાં બાળકોનું ભવિષ્ય છિન્નભિન્ન ન થઈ જાય એના માટે તકેદારી શિક્ષકે જ રાખવી પડે. અજ્ઞાન, દરિદ્ર, અણસમજુ અને સાવ ગરીબ વાલીઓ પર દોષારોપણ કરવાને બદલે જિંદગીભૂખ્યાં બાળકોને પ્રેમથી અપનાવી લઈને કામ કરતો એક એક શિક્ષક આ રાષ્ટ્રની આશાનું કિરણ છે. ભારતના ઉજ્જ્વળ ભવિષ્યનું સુકાન સંભળતો શિક્ષક જ રાષ્ટ્રનો ધ્રુવતારક છે.

# અપંગોની સાથે-સાથે

યુસુફી કાપડિયા
માનદ્ મંત્રી
રાષ્ટ્રીય અંધજન મંડળ
દાહોદ-પંચમહાલ જિલ્લા શાખા

**અપંગ બાળકોનું સામાન્ય શાળામાં શિક્ષણ :**

શિક્ષકમિત્રો આ લેખ લખી રહ્યો છું. ત્યારે મને એવું લાગે છે કે આપ વડિલોને કંઈક વાત કહી રહ્યો છું. વાત છે સામાન્ય પરંતુ જોવા જઈએ તો બહુ વિકરાળ સ્વરૂપ લે તેવી છે. ભારતની વસ્તી ૧ અબજને આંબી રહી છે. આ વસ્તીમાં એક નાનો સરખો ભાગ અપંગ વ્યક્તિઓનો છે કુલ વસ્તીના ૬ કરોડ લોકો અપંગ વ્યક્તિઓનો છે કુલ વસ્તીના ૬ કરોડ લોકો અપંગો છે અન્ય વ્યક્તિઓની જે શિક્ષણની સમસ્યાઓ છે તેના કરતાં આ બાળકોની વિશેષ સમસ્યાઓ છે કુલ ૬ ટકા અપંગોમાંથી માત્ર ૨ ટકા જ અપંગો શિક્ષિત છે અને મતલબ ૨/૩ અપંગ વ્યક્તિઓ અશિક્ષિત છે. આના કારણોમાં સમાજનું ઉપેક્ષાભર્યું વર્તન છે.

સમાજનું નવઘડતર કરવાનું કામ એ શિક્ષકોનું છે તો ચાલો, આપણે આ નાનકડા વર્ગને શિક્ષણ આપવાનું શરૂ કરીએ.

સમાજમાં અને આપણામાં એવો એક ખ્યાલ પ્રવર્તે છે કે અપંગ બાળકોનું શિક્ષણ તે અપંગોની શાળામાં જ કરાવી શકાય પરંતુ જ્યારે આપણે ૨૧મી સદીમાં પ્રયાણ કરી રહ્યા છીએ ત્યારે આ ખ્યાલ ખૂબ જ જૂનવાણી છે હવે અપંગ બાળકોનું શિક્ષણ સામાન્ય બાળકોની સાથે-સાથે સામાન્ય સ્કૂલમાં જ શરૂ થયું છે. સને ૧૯૮૯થી ભારત સરકારે અપંગ સંકલિત શિક્ષણ યોજના અપનાવી અને તે જ વર્ષથી અમલમાં મૂકનારું રાજ્ય ગુજરાત સૌથી પહેલું હતું.આમ તો સ્વૈચ્છિક સંસ્થાઓ આ યોજના સને ૧૯૮૩થી ચલાવતી હતી સને ૧૯૮૯થી ભારત સરકારના અમલીકરણથી આ યોજનાને વેગ મળ્યો.

તેની જ સાથે સાથે દાહોદમાં પંચમહાલ જિલ્લામાં પણ આ યોજનાનું અમલીકરણ શરૂ થયું અને આ યોજના છેલ્લા પાંચેક વર્ષથી આપ સૌના સહયોગથી વેગવાન બની જાય છે.

હજુ પણ મારે દુઃખ સાથે લખવું પડે છે કે કેટલીક પ્રાથમિક શાળાના આચાર્યો અને શિક્ષકો પોતે એવી લઘુતાગ્રંથિ બાંધીને બેઠા છે કે અંધબાળકો/અપંગ બાળકોનું શિક્ષણ તેમની ખાસ સ્કૂલમાં જ થઈ શકે. મૈત્રીના ક્રમબદ્ધના લેખમાં આપણે દરેક ક્ષતિવાળા બાળકનું શિક્ષણ કઈ રીતે કરવું તે અંગે ક્રમબદ્ધ જોઈશું. અત્યારે આપ સૌને મારે એટલું જ કહેવાનું કે આવા અપંગ બાળકો સાથે ઓરમાનભર્યું વર્તન ન થાય અને તેમને પણ અન્ય બાળકો જેટલું જ સ્થાન મળે તે જરૂરી છે.

આપ જાણો છો તે મુજબ પોતાની અપંગતાને કારણે અપંગ બાળક માનસિક રીતે પીડાતું હોય છે સૌ પહેલાં તો આ બાળકને તેની માનસિકતામાંથી બહાર લાવવાનું કામ કરીએ તેને જરૂર છે માત્ર પ્રેમ અને હૂંફની અને તેનામાં રહેલી સુષુપ્ત શક્તિ જગાડવાની જો આપણે આટલું કરીશું. તો આ અપંગ બાળક બીજા બાળક કરતાં ઊણું નહિ ઊતરે બલકે હું એટલું કહીશ કે અન્ય બાળક કરતાં સવાયું થશે. આપ જાણો છો તે મુજબ ભગવાન એક હાથે લે છે. અને બીજા હાથે આપે છે. આ અપંગ બાળકની એક ઇન્દ્રિય બંધ થતાં બાકી રહેલી ચાર ઇન્દ્રિયો સતેજ થઈ જાય છે. ફક્ત જરૂર છે. તેને લઘુતાગ્રંથિમાંથી બહાર લાવવાની જો આપણે આટલું કામ કરીશું તો ઘણું મોટું કર્યું ગણાશે.

આપણે સૌ સરકારશ્રીની યોજના છે અને તેને શિક્ષણ આપવાનું છે તે ધ્યેયથી નહિ પરંતુ માનવતાવાદી અભિગમ સાથે શિક્ષણ આપવાનું કાર્ય કરીશું. આનાથી આપણે સૌ એ ઉજ્જ્વળ પરિણામો પ્રાપ્ત કરી શકીશું. આ સંસ્થા એટલે કે રાષ્ટ્રીય અંધજન મંડળ દાહોદ-પંચમહાલ જિલ્લા શાખાએ ચાલુ શૈક્ષણિક વર્ષ દરમ્યાન ૩૬૦૦ જેટલા અપંગ બાળકોને સર્વિસ આપવાની નેમ લીધી છે. આ નેમ આપ સૌના સહકારથી પાર પાડી શકાશે. આવતા લેખમાં અલગ-અલગ ક્ષતિ ધરાવતા બાળકોના શિક્ષણ વિષે આપને હું માહિતગાર કરીશ જેથી કરીને બાળકોનું શૈક્ષણિક કાર્ય ખૂબ જ સરળતાથી કરાવી શકાય.

# પ્રાથમિક કક્ષાએ અંગ્રેજી શિક્ષકની સમસ્યાઓ અને તેના ઉપાયો

પી. એન. તાવિયાડ
સિ. લેક્ચચર, ડાયટ, સંતરામપુર

સુરેન્દ્રનગર જિલ્લામાં આર્મી સ્કૂલ, ધ્રાંગધ્રાની મારી નોકરી દરમિયાન ડાયેટ, લીંબડી દ્વારા આમંત્રણ મળતાં વિવિધ સ્થળે અંગ્રેજીની તાલીમ આપવા જવાનું થતું. આ તાલીમ વર્ગોમાં અંગ્રેજી શિક્ષણ માટે શિક્ષકોને શી-શી તકલીફો પડે છે એનો સ્પષ્ટ ખ્યાલ આવ્યો. કદાચ બનાસકાંઠા જિલ્લાના શિક્ષકોની પણ એ જ સમસ્યાઓ છે.

સૌ પ્રથમ તો એ બાબત જાણવા છતાં કે વ્યાખ્યાન સંપૂર્ણ અંગ્રેજીમાં હશે તો ભાગ્યે જ બે-પાંચ ટકા શિક્ષકો અડધું-પડધું સમજી શકશે છતાં હું વ્યાખ્યાનની શરૂઆત ધારાપ્રવાહ અંગ્રેજીમાં કરતો. આ સાથે જ શ્રોતા શિક્ષકોના ચહેરાના હાવભાવનું ઝીણવટભર્યું અવલોકન કરતો રહેતો. પહેલી વીસેક સેકન્ડ સુધી આઘાત જેવા દેખાતા ભાવો તે પછીની દોઢેક મિનિટ સુધી અહોભાવ પ્રદર્શિત કરતા, ત્યારબાદ કેટલાક વધારે ઉત્સાહી એવા શિક્ષકોનું હલનચલન વધી જતું અને ત્રણેક મિનિટ માંડ થાય ત્યાં તો બે-ત્રણ આંગળીઓ ઊંચી થઈ જ ગઈ હોય, વચ્ચે વિરામ લઈ એમને ઈશારો કરું એટલે સવિનય, સંકોચસહ ઊભા થઈ કહે, ‘‘સાહેબ, તમે તો ધડાધડ અંગ્રેજીમાં હાલવા દ્યો છો, આંઈ કાંઈ ખબર નોં પડ્યી !’’ કોઈ ઉત્સાહી યુવાન ક્રિકેટપ્રેમી વિદ્યાસહાયક મિત્ર હસતાં-હસતાં કહી દે, ‘‘સાહેબ, બધું બાઉન્સર ગ્યું !!’’ અને જ્યારે હું પણ હસતાં-હસતાં કહું કે, ‘‘મને ખબર છે !’ એ એમને વધુ આશ્ચર્યજનક લાગતું.

વાસ્તવમાં ધો. ૫ થી ૭માં નવાં જે ક્ષમતાકેન્દ્રી પુસ્તકો છે. તે સૂચારું રીતે ભણાવવા માટે શિક્ષકમાં અંગ્રેજી ભાષામાં અમુક મર્યાદા સુધીની સંભાષણક્ષમતા અપેક્ષિત જ નહીં અનિવાર્ય છે. સાથે જ એ પણ એટલી જ નિર્વિવાદ બાબત છે કે આપણા પ્રાથમિક શિક્ષકોમાં મોટેભાગે આ ક્ષમતા નથી. અલબત્ત, આ બાબતમાં તેઓ કોઈપણ રીતે દોષી નથી જ. વળી, પોતાની અક્ષમતાની નિખાલસ કબૂલાત તેમના વ્યક્તિત્વને ઊંચાઈ બક્ષે છે.

‘તમારું અંગ્રેજી શા માટે નબળું છે ?’ એવા પ્રશ્નના પ્રત્યુત્તરમાં તેઓ જે કોઈ કારણો દર્શાવતા તેનો સાર કંઈક આવો રહેતો : ‘‘ગામડાની પ્રાથમિક શાળામાં જ્યારે વિદ્યાર્થીરૂપે હતા ત્યારે કોઈએ અંગ્રેજી ભણાવ્યું જ નહોતું. માધ્યમિક કક્ષાએ પણ એસ.એસ.સી.માં અંગ્રેજી નથી જ રાખવાનું એવા નિર્ણયથી ધો. ૮ અને ધો. ૯માં ખાસ ધ્યાન આપ્યું નહોતું અથવા જે હાઈસ્કૂલના શિક્ષક સક્ષમ નહોતા વગેરે... વળી, પી.ટી.સી.ના અભ્યાસક્રમાં પણ અંગ્રેજી નહોતું. આમ, આ વિષયમાં તેમને કોઈ પદ્ધતિસરનું શિક્ષણ કે તાલીમ મળેલ નથી અને પરિણામે તે વિષયમાં રહેલી કચાશ સ્વાભાવિક છે. આપણા બનાસકાંઠા જિલ્લામાં પણ પરિસ્થિતિ લગભગ આના જેવી જ હોય એમ હું માનું છું.

હવે મારો એ સૌ શિક્ષક મિત્રોને પ્રશ્ન રહેતો અને આપ સૌને જે કોઈ એવી જ પરિસ્થિતિમાં હોય તેમને પણ એ જ પ્રશ્ન પૂછું છું કે એ બધાં જ કારણો સાચાં, સ્વીકાર્ય હોવા છતાં અને આપ સૌ નિર્દોષ હોવા છતાં - તેનું નિરાકરણ શું ? જો તમે ભૂતકાળમાં જે તમારી સાથે થયું તે જ તમારા વિદ્યાર્થીઓ સાથે કરવાના હોય તો ભવિષ્યના શિક્ષકો પણ તમારા જેવી જ સમસ્યાઓનો સામનો કરશે... આનું નિરાકરણ એ જ કે આપ સૌ શિક્ષકોએ અંગ્રેજી વિષય પર વિશેષ ધ્યાન આપી તૈયાર કરવો. એ યાદ રાખવાનું છે. કે જો ધો. ૫ થી ૭ના વિદ્યાર્થીઓની કક્ષાનું છે એ તમે સમજી જ શકો એમાં કોઈ શંકા નથી. વળી, પાઠ્યપુસ્તકમાં જ વિષયવસ્તુ, તે ભણાવવાની પદ્ધતિ ખૂબ જ સરળ રીતે તેમ જ શબ્દાર્થ પણ આપેલા હોવાથી કોઈ સમસ્યા રહેવી જોઈએ નહીં. જો જરૂર હોય તો તે માત્ર તમારા દૃઢ નિર્ણય અને પ્રબળ

ઈચ્છા શક્તિની છે. આ ઉપરાંત, હવે અંગ્રેજી ફરજીયાત થવાથી તેની તરફ દુર્લક્ષ સેવી શકાશે નહીં.

પ્રાથમિક કક્ષાએ અંગ્રેજી વિષયના સારા શિક્ષક થવા માટે તમારે આ વિષયમાં થોડાક પાયાના ખ્યાલ સ્પષ્ટ કરી લેવા જોઈએ. આ પાયાના ખ્યાલોમાં વ્યાકરણની દૃષ્ટિએ જોઈએ તો ચાલુ વર્તમાનકાળ, ચાલુ ભૂતકાળ, સાદો વર્તમાનકાળ, સાદો ભૂતકાળ અને સાદો ભવિષ્યકાળ ખાસ તેમની હકાર, નકાર અને પ્રશ્નાર્થ વાક્ય રચનાઓ સાથે શીખી લેવા જોઈએ. આ પછી પૂર્ણ વર્તમાન કાલ પણ શીખી લેવાય તો સોનામાં સુગંધ ભળે. શબ્દભંડોળમાં દસમા ધોરણ સુધીના અંગ્રેજીના પાઠ્યપુસ્તકોમાં આવતા નવા શબ્દો તમારા દૈનન્દિન વ્યવહારને સંપૂર્ણપણે અંગ્રેજીમાં અભિવ્યક્ત કરવા પ્રાયશઃ પૂરતા છે. આ સાથે સહાયકારક ક્રિયાપદો can may, should વગેરેનો ઉપયોગ આવડે એટલે તમે તમારા મોટાભાગના વિચારોને અંગ્રેજીમાં લેખિત રીતે અભિવ્યક્તિ કરવા માટે સક્ષમ બની જશો. આ જ બાબત સાથે-સાથે થોડું-થોડું અંગ્રેજીમાં બોલવાનું શરૂ કરવાનું છે. 'ખોટા પડાશે.' એવી કોઈ ભીતિ રાખ્યા સિવાય અંગ્રેજીમાં જે કંઈ આવડે એટલું અને જેવું આવડે તેવું બોલવાનું શરૂ કરી દો. યાદ રાખો કે 'બોલવું' એ ભાષાકીય કૌશલ્ય છે. અને એ કૌશલ્ય બોલવાનો અભ્યાસ (practice) કર્યા સિવાય ન જ આવડે. વિશ્વની કોઈપણ વ્યક્તિ, વિશ્વની કોઈપણ ભાષાને ભુલો કર્યા વગર શીખી શકે નહીં. ભાષા-શિક્ષણમાં ભુલોએ અનિવાર્ય અનિષ્ટ છે. અને તેમને તદ્દન સાહજિકતાથી લેવી જોઈએ. અંગ્રેજી બોલાવનું શરૂ કર્યા પછી તમે જોશો કે તમારું અંગ્રેજી ઘણું-ઘણું સુધરી ગયું છે, એટલું જ નહીં, તમે તમારી પોતાની અને બીજાઓની ભુલોને સમજી અને સુધારી શકો છો.

છેલ્લી થોડીક સામાન્ય વાતો કરવી છે. આપ સૌ ભુતકાળની પેઢીના શિક્ષકો કરતાં અનેક રીતે ભાગ્યશાળી છો કે સરકાર તમારી સેવાકાલીન તાલીમ માટે પુષ્કળ ખર્ચ કરે છે. આ ખર્ચને ઊગી નીકળે તે રીતે સાર્થક કરવાનું તમારા હાથમાં છે.

તાલીમવર્ગોમાં ઉપસ્થિત રહી રસપૂર્વક સાચી તાલીમ ગ્રહણ કરી તેનો આપણા શિક્ષણ કાર્યમાં વિનિયોગ કરવો એ માત્ર સ્વપ્રતિભા ઉન્નયનનું સ્વવ્યક્તિત્વ વિકાસનું કામ જ નહીં બલ્કે ઘણી મોટી સમાજસેવા અને રાષ્ટ્રસેવા છે. હવેનો જમાનો તીવ્ર સ્પર્ધા અને વ્યાવસાયિક દક્ષતાનો છે. આપણે આપણા વ્યવસાયનાં આવશ્યક અને શ્રેષ્ઠ કૌશલ્યો હસ્તગત કરી લેવાં જોઈએ.

વ્યવસાયની બધી જ આવશ્યકતાઓ દૃઢ નિશ્ચય અને સખત પરિશ્રમથી પૂરી કરવા કટિબદ્ધ બનવું જ રહ્યું એ પણ આપ જાણતા જ હશો કે શિક્ષકનો વ્યવસાય કદાચ એક માત્ર એવો વ્યવસાય છે જેનો વ્યવસાયી એક સાથે વૈયક્તિક, આર્થિક, ભૌતિક, નૈતિક, સામાજિક અને સાથે-સાથે આધ્યાત્મિક વિકાસ સાધી શકે છે.

### ઈંગ્લેન્ડના અભ્યાસક્રમમાં નીતિનું શિક્ષણ બાળકોમાં કેવી રીતે ક્રમશઃ દાખલ કરવામાં આવ્યું તે નીચે મુજબ છે.

(૧) રીતભાત અથવા વિવેક બાળવર્ગથી છઠ્ઠા / ધોરણ સુધી.

(૨) માયા અને માયાપણું બાળવર્ગ અને પહેલા ધોરણમાં.

(૩) બાળકોમાં પ્રામાણિકપણું - ધોરણ બીજામાં

(૪) અદલપણું - બાળવર્ગ અને પહેલા ધોરણમાં.

(૫) બાળકોમાં જીવદયા - ઉપકારના ગુણો, ત્રીજા ધોરણમાં.

(૬) બાળકોમાં ન્યાય અને હિંમતના ગુણો - ચોથા ધોરણમાં

(૭) બાળકોમાં સત્ય અને સુટેવોનું ઘડતર. પાંચમા ધોરણમાં.

(૮) બાળકોમાં દેશાભિમાન, માલીકીપણું છઠ્ઠા ધોરણમાં

(૯) બાળકોમાં કરકસર, ડહાપણ, ઈચ્છાશક્તિની ખિલવણી એકબીજાને મદદરૂપ બનવું-વગેરે ગુણોનું સિંચન સાતમા ધોરણમાં

ઉપરના તમામ ક્રમશઃ ગુણો, બાળવર્ગથી સાત ધોરણ સુધી દાખલ કરાયા જેના કારણે આજે પણ ઈંગ્લેન્ડનું શિક્ષણ ગુણવત્તાની દૃષ્ટિએ ઊંચું ગણાય છે.

# શિક્ષકો વિદ્યાર્થીઓની નજરે

વિદ્યાર્થીઓને કેવા શિક્ષક ગમે છે તે જાણવા માટે તેમની પાસે શિક્ષક''મારો પ્રિય શિક્ષક','શિક્ષક કેવો હોવો જોઈએ.' જેવા વિષયો પર નિબંધો લખાવવામાં આવે છે. તથા શીઘ્ર વકતૃત્વ સ્પર્ધાઓ યોજવામાં આવે છે.

વિદ્યાર્થીઓ જ્યારે પોતાના મુક્ત વિચારો દર્શાવે છે ત્યારે વિદ્યાર્થીઓના દિલમાં શિક્ષકો માટે કેવી અપેક્ષાઓ હોય છે તથા શિક્ષકો તરફના તેમના મનોભાવ કેવા હોય છે તે જાણવા મળે છે.

શિક્ષકો વિદ્યાર્થીઓના મનના આ ભાવો જાણે તો સારા શિક્ષકો બનવા માટે તેમને ઘણું જ માર્ગદર્શન મળી રહે.'શિવિરા' ના લેખિકા-સંશોધક બહેનશ્રી વિમળા ડોરથીએ સંશોધન દ્વારા પ્રાપ્ત કરેલા નીચે જેવા પ્રતિભાવો શિક્ષકોએ વાંચવા જ રહ્યા !

**૧. અતિશયોક્તિથી બચો :** ''જ્યારે શિક્ષક પોતાની મોટાઈનું ગાણું ગાતો ફરે છે ત્યારે હું તેને મૂર્ખ ગણું છું. અમને-બાળકોને તેઓની જીવન ઘટનાઓ સાથે શી લેવા દેવા ? અમારે મન તો બધી બાબતો કંટાળાજનક અને નીરસ છે.''

**૨. માહિતી વિતરક ન બનો :** ''હું માત્ર માહિતી આપતા અને વાંચન કરાવતા (માત્ર વંચાવ્યે રાખતા) શિક્ષકો પ્રત્યે નફરત સેવું છું.શિક્ષકે કંઈક શિખવવું જોઈએ. માત્ર પોતાના પગાર માટે દિવસો પૂરા કરવા ન જોઈએ.

**૩. પાછા ન પડો :** ''અમે વિદ્યાર્થીઓ કશુંક જાણવા શિક્ષકને પ્રશ્નો પૂછીએ તો એટલું પણ જાણતો નથી ?' તારામાં કાંઈ નથી.'વગેરે જેવા અમારો ઉત્સાહ ભાંગી નાખતા પ્રશ્નો અમને જરાય ગમતા નથી. શિક્ષકે અમને પાછા પાડવા ન જોઈએ.''

**૪. વધારાનો કાર્યભાર ન સોંપો :** ''જેઓ ભારે ગૃહકાર્યથી અમને નવાજે છે. તેવા શિક્ષકો અમને પસંદ પડતા નથી.''

**૫. બૂમબરાડા ન પાડો :** ''તેઓ રાડો ન પાડે અર્થાત ખૂબ ગતિ સાથે અને ઊંચા અવાજે ન ભણાવે. આથી અમોને સાંભળવામાં તકલીફ પડે છે.''

**૬. ધીરજ રાખો :** ''અમને નવું શીખતાં-સમજતાં થોડો સમય લાગે છે. બધું કાંઈ ઝટઝટ આવડી જતું નથી. અમને પહેલા ધડાકે કાંઈ ન આવડે તો થપાટ મારે લાલપીળા થઈ જાય તેવા શિક્ષક અમને ન ગમે. શિક્ષકે ભણાવતી વખતે થોડી ધીરજ રાખવી જોઈએ.''

**૭. વિદ્યાર્થી પર બધુ છોડી ન દો :** ''મારા ગણિતના શિક્ષક દિવસ દરમ્યાન પંદર મિનિટ પણ વર્ગમાં ભણાવતા નથી. તેઓ અમને ગણિત સમજવા સમય આપે છે પણ કોઈ વિદ્યાર્થીને અલગ કાંઈ સમજાવતાં નથી. તો તે પોતાની જાતે ૧૮ ઈંચમાં કેટલા ફૂટ થાય તે કેવી રીતે સમજી શકે ?

**૮. થો....ડા વિનોદપ્રિય બનો :** ''શિક્ષક ભણાવતાં વર્ગનું વાતાવરણ થોડું હળવું ફૂલ બનાવતાં રહે તો એટલાંટિક મહાસાગર પણ તરી જવાનું અમારા માટે અશક્ય ન બને.''

## કહો - આ કથન કોનું છે ?

(૧) ''મારા શબ્દકોશમાં અશક્ય જેવો શબ્દ જ નથી.'' ____________

(૨) ''ઓ સિંહ, ઉઘાડ તારું મોં, મારે તારા દાંત ગણવા છે.'' ____________

(૩) ''રામકી ચિડિયાં રામકા ખેત, ખાલો ચિડિયોં ભરભર પેટ.'' ____________

(૪) ''લોકોનું લોકોથી, લોકો માટે ચાલતું રાજ્ય એટલે લોકશાહી'' ____________

(૫) ''જ્યારે હું કોઈ રક્તપિત્તના દર્દીના ઘા સાફ કરું છું ત્યારે જાણે મને એમ જ લાગે છે કે હું પ્રભુની સેવા કરું છું.'' ____________

(૬) ''જુલમી સરકારથી ડરે એ તો કાયર કહેવાય, મારે તો શિર માટે આઝાદી લેવી છે.'' ____________

(૭) ''કાગડા-કૂતરાને મોતે મરીશું, પરંતુ આઝાદી લીધા વગર આશ્રમમાં પાછો નહિ ફરું.'' ____________

(૮) ''પિતાજી ! તમે મને ગમે તેટલું કષ્ટ આપશો તો પણ હું ભગવાનનું નામ તો નહિ છોડું.'' ____________

(૯) ''માતા ! જ્યાં સુધી હું ભગવાનને મેળવીશ નહિ, ત્યાં સુધી આ મહેલમાં પાછો ફરીશ નહિ.'' ____________

(૧૦) ''ગુરૂદેવ ! એક અંગૂઠામાં શું માગ્યું ? માંગો તો હું મારું માથું આપવા તૈયાર છું.'' ____________

**જવાબ :** (૧) નેપોલિયન (૨) સર્વદમન (ભરત) (૩) ગુરુનાનક (૪) અબ્રાહમ લિંકન (૫) મધર ટેરેસા (૬) સરદાર વલ્લભભાઈ (૭) મહાત્મા ગાંધીજી (૮) ભક્ત પ્રહલાદ (૯) બાળક ધ્રુવ (૧૦) એકલવ્ય

Book Post

To,

(માસિક)

રવાનગી કાર્યાલય :
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સંતરામપુર. જિ. પંચમહાલ.
ફોન અને ફેક્સ નં. (૦૨૬૭૫) ૨૨૦૦૫૯, ૨૨૦૦૮૨
Website : www.dietsantrampur.org
E-mail : diet_santrampur@yahoo.com
diet_santrampur@gujarat.gov.in